CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ એપ્રિલ ૨૦૨૫, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર વદ ૧૨
વર્ષ : ૧૬
અંક : ૨૯૨
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**જાહેરમાં વડાપ્રધાન મોદીની ખુલ્લી ચેતવણી** પંચાયતી રાજ દિવસ નિમિત્તે બિહારના વિકાસ સાથે જોડાયેલા હજારો કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન મોદીના હસ્તે કરાયા

## ઓળખીશું, પીછો કરીશું, ધરતીના ગમે તે ખુણે જશે તો પણ આતંકીઓને નહીં છોડીએ : પીએમ મોદી

। (એજન્સી) મધુબની, તા.૨૪ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "આજે, પંચાયતી રાજ દિવસ નિમિત્તે, આખો દેશ બિહારના મિથિલા સાથે જોડાયેલો છે. આજે, દેશ અને બિહારના વિકાસ સાથે જોડાયેલા હજારો કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન અહીં કરવામાં આવ્યું છે. વીજળી, રેલ્વે, માળખાગત સુવિધાઓના આ વિવિધ કાર્યો બિહારમાં રોજગારની નવી તકો ઉભી કરશે. આજે રાષ્ટ્રીય કવિ રામધારી સિંહ દિનકરની પુણ્યતિથિ પણ છે, હું તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું."

પીએમ મોદીએ વધુમાં કહ્યું, "બિહાર એ ભૂમિ છે જ્યાંથી પૂજ્ય બાપુએ સત્યાગ્રહનો મંત્ર ફેલાવ્યો હતો. પૂજ્ય બાપુ દ્રઢપણે માનતા હતા કે જ્યાં સુધી તેના ગામડા મજબૂત નહીં થાય ત્યાં સુધી ભારત ઝડપથી વિકાસ કરી શકશે નહીં. દેશમાં પંચાયતી રાજની વિભાવના પાછળની આ ભાવના છે. છેલ્લા દાયકામાં, પંચાયતોને સશક્ત બનાવવા માટે એક પછી એક પગલાં લેવામાં આવ્યા છે. ટેકનોલોજી દ્વારા પંચાયતોને પણ મજબૂત બનાવવામાં આવી છે." પીએમ મોદીએ કહ્યું, 'છેલ્લા દાયકામાં, ૨ લાખથી વધુ ગ્રામ પંચાયતો ઈન્ટરનેટ સાથે જોડાયેલી હતી. ગામડાઓમાં ૫.૫૦ લાખથી વધુ કોમન સર્વિસ સેન્ટર બનાવવામાં આવ્યા છે. પંચાયતો ડિજિટલ થવાનો બીજો એક ફાયદો પણ છે. હવે જન્મ/મૃત્યુ પ્રમાણપત્ર, જમીન ધારણ પ્રમાણપત્ર વગેરે જેવા ઘણા દસ્તાવેજો સરળતાથી મેળવી શકાય છે. તેમણે વધુમાં કહ્યું, 'આઝાદીના ઘણા દાયકાઓ પછી, જ્યારે દેશને એક નવું સંસદ ભવન મળ્યું, ત્યારે દેશમાં ૩૦ હજાર નવા પંચાયત ભવન પણ બનાવવામાં આવ્યા. સરકારની પ્રાથમિકતા એ પણ રહી છે કે પંચાયતોને પૂરતું ભંડોળ મળે. છેલ્લા ૧૦ વર્ષમાં, પંચાયતોને ૨ લાખ કરોડ રૂપિયાથી વધુનું ભંડોળ મળ્યું છે. આ બધા પૈસા ગામડાઓના વિકાસમાં રોકાણ કરવામાં આવ્યા છે. પોતાના સંબોધનમાં પણ પીએમ



નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કહ્યું કે, દેશના દુશ્મનોએ ભારતની આત્મા પર હુમલો કરવાની હિંમત કરી છે.

હું સ્પષ્ટપણે કહી રહ્યો છું કે, આ હુમલો કરનારા આતંકવાદીઓ અને તેની પાછળ કાવતરું ઘડનારાઓને તેમની કલ્પના કરતાં પણ મોટી સજા મળશે. હવે સમય આવી ગયો છે કે, આતંકવાદીઓ પાસે જે કંઈ પણ નાનું-મોટુ મેદાન બચ્યું છે તેનો નાશ કરવામાં આવશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, ૨૨ એપ્રિલના રોજ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ જે ક્રૂરતાથી નિર્દોષ નાગરિકોની હત્યા કરી તેનાથી સમગ્ર રાષ્ટ્ર દુઃખી છે. બધા દુઃખી છે. દેશ તમામ અસરગ્રસ્ત પરિવારોની સાથે ઉભો છે. સરકાર એ પણ સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો કરી રહી છે કે, સારવાર હેઠળ રહેલા પરિવારના સભ્યો જલ્દી સ્વસ્થ થાય. આ આતંકવાદી હુમલામાં કોઈએ પોતાનો પુત્ર ગુમાવ્યો, કોઈએ પોતાનો ભાઈ ગુમાવ્યો તો કોઈએ પોતાનો જીવનસાથી ગુમાવ્યો છે. તે બધા અલગ અલગ સ્થળોના હતા. 'બિહારની ભૂમિ પરથી, હું આખી દુનિયાને કહું છું કે ભારત દરેક આતંકવાદી અને તેના સાથીદારોને ઓળખશે, શોધી કાઢશે અને સજા કરશે.' આપણે તેમને પૃથ્વીના ગમે તે ખુણામાં જશે તો પણ છોડવાના નથી. આતંકવાદથી ભારતનો આત્મા તૂટી જવાનો નથી. ન્યાય થશે અને આ માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવશે. આ મુદા પર આખો દેશ એક સાથે ઉભો છે. માનવતામાં વિશ્વાસ રાખનારા દરેક વ્યક્તિ આપણી સાથે ઉભો છે. હું દુનિયાના દેશોના લોકો અને નેતાઓનો આભાર માનું છું જેઓ આપણી સાથે ઉભા છે. પહેલગામ આતંકવાદી હુમલા પછી, પીએમ નરેન્દ્ર મોદીએ બિહારની ધરતી પરથી પાકિસ્તાનમાં બેઠેલા આતંકનામાસ્ટર્સને સીધો સંદેશ આપ્યો. પીએમ મોદીએ ગુરુવારે (૨૪ એપ્રિલ, ૨૦૨૫) મધુબનીમાં સૌપ્રથમ હાથ જોડીને અને આંખો બંધ કરીને પહેલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી.

પીએમ મોદી તેમના ભાષણ દરમિયાન મોટાભાગનો સમય હિન્દીમાં બોલતા હતા, પરંતુ જ્યારે પહેલગામ પર દુનિયાને સંદેશ આપવાની વાત આવી ત્યારે તેમણે અંગ્રેજીનો સહારો લીધો. તમે ઉપર વાંચેલી આક્રમક વાતો પીએમ મોદીએ જાણી જોઈને અંગ્રેજીમાં કહી હતી જેથી તેમનો સંદેશ વિશ્વ સુધી સ્પષ્ટ અને સચોટ રીતે પહોંચે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, તેમાંથી કેટલાક બંગાળી બોલતા હતા, કેટલાક કન્નડ બોલતા હતા, કેટલાક મરાઠી હતા, કેટલાક ઉડિયા હતા અને કેટલાક બિહારના હતા. આજે, કારગિલથી કન્યાકુમારી સુધી, તે બધા લોકોના મૃત્યુ પર આપણું દુઃખ સમાન છે. આપણો ગુસ્સો પણ એ જ છે. નિઃશસ્ત્ર પ્રવાસીઓ પર એક પણ હુમલો થયો નથી. દેશના દુશ્મનોએ ભારતની આત્મા પર હુમલો કરવાની હિંમત કરી છે. હું ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં કહેવા માંગુ છું કે, આ હુમલો કરનારા આતંકવાદીઓ અને આ હુમલાનું કાવતરું ઘડનારાઓને તેમની કલ્પના કરતાં પણ મોટી સજા મળશે. સજા એકસાથે આપવામાં આવશે. હવે આતંકવાદીઓની બાકી રહેલી જમીનનો નાશ કરવાનો સમય આવી ગયો છે. ૧૪૦ કરોડ ભારતીયોની ઈચ્છાશક્તિ હવે આતંકના માસ્ટર્સની કમર તોડી નાખશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, આજે પંચાયતી રાજ દિવસ નિમિત્તે, આખો દેશ મિથિલા અને બિહાર સાથે જોડાયેલો છે.

### રશિયાનો કીવ ઉપર ભયાનક હુમલો, અનેક ઈમારતો ધરાશાયી



। (એજન્સી) કીવ, તા.૨૪ ।

રશિયાએ યુક્રેન વિરુદ્ધના યુદ્ધને વધુ આક્રમક બનાવ્યું હોય, તેમ કીવ પર ભયાનક હુમલો કર્યો છે. રશિયાએ યુક્રેનની રાજધાનીમાં ભીષણ ડ્રોન અને મિસાઈલોથી હુમલો કરતા ૬ બાળકો સહિત ૯ લોકોના મોત અને ૭૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ હુમલામાં અનેક ઈમારતો ધરાશાયી થઈ હોવાના અહેવાલો સામે આવ્યા છે. યુક્રેનાના અધિકારીઓ રશિયા દ્વારા કરાયેલા હુમલાની માહિતી આપી છે.

૨૩ના મોત, અનેક ટેન્ટ સળગ્યાં

## જે સ્કૂલમાં લોકોએ આશ્રય લીધો ત્યાં જ ઈઝરાયલે બોમ્બમારો કર્યો

**ઇઝરાયેલનું લશ્કર સામાન્ય નાગરિકોના મોત માટે હમાસને જ જવાબદાર ઠેરવતું આવ્યું છે, કારણ કે હમાસના નાગરિકો ગીચ વસ્તીની અંદર છૂપાયેલા છે**

। (એજન્સી) જેરૂસલેમ, તા.૨૪ ।

ઈઝરાયેલે ગાઝા સિટીમાં શેલ્ટર હોમ બનાવી દીધેલી સ્કૂલ પર હુમલો કરતાં ૨૩ના મોત થયા છે. આ હુમલામાં કેટલાક ટેન્ટમાં આગ લાગતા કેટલાક લોકો જીવતા સળગી ગયા હતા. ઈઝરાયેલ તરફથી આ હુમલાને લઈને કોઈપણ પ્રકારની ટિપ્પણી આવી નથી. બીજી બાજુએ આરબ મધ્યસ્થીકારો ઈઝરાયેલ અને હમાસ વચ્ચે પાંચથી સાત વર્ષના લાંબા ગાળાની શાંતિના કરાર માટેના પ્રયાસ આદર્યા છે. ઈઝરાયેલનું લશ્કર સામાન્ય નાગરિકોના મોત માટે હમાસને જ જવાબદાર ઠેરવતું આવ્યું છે, કારણ કે હમાસના નાગરિકો ગીચ વસ્તીની અંદર



છૂપાયેલા છે. ઈઝરાયેલે ગાઝા ફરતે લગભગ બે મહિનાથી નાખેલા ઘેરાના કારણે ત્યાંના લોકો સુધી માનવીય સહાય પહોંચવી લગભગ અશક્ય બની ગઈ છે. આ બદલ ફ્રાન્સ, જર્મની અને બ્રિટને ઈઝરાયેલની ટીકા કરી છે. ત્રણેય દેશ ઈઝરાયેલના ગાઢ સહયોગી માનવામાં આવે છે.પેલેસ્ટાઈનમાં વેસ્ટ બેન્કના પ્રમુખ મહમુદ અબ્બાસીએ હમાસને બંધકોને મુક્ત કરવા જણાવ્યું છે. તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હમાસે શસ્ત્રો ત્યજી દેવા જોઈએ. તેણે હમાસની તુલના કૂતરાઓ સાથે કરી હતી, જે ભસભસ તો કરે છે પણ કશું કરી શકતું નથી.જો કે પશ્ચિમ સમર્થન પેલેસ્ટાઈની સત્તામંડળના વડા અબ્બાસ હમાસ પર કોઈ પ્રભાવ ધરાવતા નથી. બીજી બાજુ હમાસની માંગ છે કે ઈઝરાયેલ ગાઝાપટ્ટી પરથી સંપૂર્ણપણે હટી નહીં જાય ત્યાં સુધી તે બંધકો નહીં છોડે. તેને અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુ પર વિશ્વાસ નથી.

રાષ્ટ્રપતિને હુમલા વિશે માહિતી આપી

## અમિત શાહ અને જયશંકરે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી

। (એજન્સી) પહેલગામ, તા.૨૪ ।

પહેલગામ આતંકી હુમલા બાદ આખા દેશમાં આક્રોશ છવાયેલો છે. લોકો ૨૮ નાગરિકોના મોત સામે બદલો લેવાની માંગ કરી રહ્યાં છે. ત્યારે આ વચ્ચે કંઈક એવું બન્યું છે, જેનાથી ભારત પાકિસ્તાન સામે બદલો લેશે તેવો અંદેશો આવી રહ્યો છે. ગૃહમંત્રી અમિત શાહ અને વિદેશ મંત્રી જયશંકરે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી છે અને તેમને હુમલા વિશે માહિતી આપી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ સાથે ગૃહમંત્રીએ અચાનક મુલાકાત કરતા ચર્ચા વહેતી થઈ છે. ગૃહમંત્રી અમિત શાહે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી છે. વિદેશમંત્રી એસ જયશંકર પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં છે. ગૃહમંત્રીએ પહલગામ હુમલાની જાણકારી આપી છે. ભારતે એકાએક વિવિધ દેશોના રાજદૂતો સાથે બેઠક કરી છે. કેટલાક વિદેશના રાજનાયિકો વિદેશ



મંત્રાલય પહોંચ્યા છે. ૨૦ દેશોના રાજનાયિકો વિદેશ મંત્રાલય પહોંચ્યા છે. જેઓને પહેલગામ હુમલાની જાણકારી આપવામાં આવશે. ભારતે પહેલગામ આતંકવાદી હુમલા અંગે વિદેશ મંત્રાલયના મુખ્યાલયમાં જાણકારી આપવા માટે અમેરિકા, યુકે, ઈયુ, ઈટાલી, કતાર, જાપાન, ચીન, રશિયા, જર્મની, ફ્રાન્સ વગેરેના ઉચ્ચ રાજદૂતોને બોલાવ્યા. આતંકી હુમલો બાદ ભારત લાલચોળ ખતા પાકિસ્તાનમાં ભારતના હુમલાનો ખૌફ પેદા થયો છે. પાકિસ્તાન એર ફોર્સ હાઈઅલર્ટ પર મૂકાયું છે.

### ભારતમાં રોકાયેલા તમામ પાકિસ્તાનીઓના વિઝા રદ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

પહેલગામ આતંકી હુમલા મુદ્દે ભારતે પાકિસ્તાન વિરૂદ્ધ પાંચ મોટા નિર્ણયો લીધા છે. જેમાં ભારતમાં રહેતાં તમામ પાકિસ્તાની નાગરિકોને ત્રણ દિવસની અંદર પાકિસ્તાન પરત ફરવાનો આદેશ આપવામાં આવ્યો છે. પાકિસ્તાની નાગરિકોના ભારત વિઝા ૨૭ એપ્રિલ સુધી જ માન્ય રહેશે. બીજી બાજુ પાકિસ્તાન નાગરિકોના ભારત માટે મેડિકલ વિઝા ૨૯ એપ્રિલ સુધી માન્ય રહેશે. જેથી પાકિસ્તાનીઓને વિઝા રદ થાય તે પહેલાં પોતાના વતન પરત ફરી જવા આદેશ આપવામાં આવ્યો છે.

પાકિસ્તાન સરકારનું 'X' એકાઉન્ટ સસ્પેન્ડ

## પહલગામ આતંકી હુમલાને પગલે ભારતની મોટી કાર્યવાહી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

પહલગામ આતંકી હુમલા બાદ ભારત તમામ ક્ષેત્રોમાં પાકિસ્તાનનો બહિષ્કાર કરી રહ્યો છે. આજે ભારતમાં પાકિસ્તાન સરકારનું X એકાઉન્ટ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. ગઈકાલે ભારતે પાકિસ્તાનન સાથેની અત્યંત મહત્ત્વની સિંધુ જળ સંધિ પર રોક મૂકી હતી. કાયદાકીય ધોરણે પાકિસ્તાન સરકારનું X હેન્ડલ સસ્પેન્ડ કરવાની માગના પગલે આ કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું ટ્વિટરે જણાવ્યું છે. પહલગામ આતંકવાદી હુમલાના પગલે સમગ્ર દેશમાં શોક અને ગુસ્સાનો માહોલ છે. આ દરમિયાન કેન્દ્ર સરકારે ગઈકાલે (૨૩ એપ્રિલ) પાકિસ્તાન સામે સિંધુ જળ કરાર પર રોક લગાવવા, ભારતમાં પાકિસ્તાનના રાજદ્વારીઓની સંખ્યા ઘટાડવા અને પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ કરવા સહિતની આકરી કાર્યવાહી કરી હતી. હવે ભારતમાં પાકિસ્તાન સરકારનું 'X' એકાઉન્ટ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, પહલગામના વિનાશકારી આતંકવાદી હુમલામાં ગુજરાતના ત્રણ સહિત કુલ ૨૮ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો હતો. પહલગામમાં થયેલા આતંકી હુમલા મુદ્દે ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CSS) બેઠક યોજાઈ હતી.

પહલગામ આતંકી હુમલા પર સર્વદળીય બેઠક

## તમામ એક્શાન પર સરકારને સંપૂર્ણ સપોર્ટ : રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને લઈને કેન્દ્ર સરકારે કેટલાક મહત્ત્વના પગલાં ભર્યા છે. બુધવારે પાકિસ્તાન વિરૂદ્ધ પાંચ મોટા નિર્ણયો લીધા બાદ હવે આજ ગુરૂવારે વિદેશ મંત્રી એસ. જયશંકર અને ગૃહમંત્રી અમિત શાહ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ સાથે મુલાકાત કરવા પહોંચ્યા હતા. આ ઉચ્ચસ્તરીય બેઠક સુરક્ષા સ્થિતિની ગંભીરતા અને આગામી રણનીતિઓ પર ચર્ચાને ધ્યાને રાખતા મહત્ત્વની મનાઈ રહી છે. ત્યારબાદ આજે સાંજે સર્વદળીય બેઠક બોલાવાઈ હતી. જેની અધ્યક્ષતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કરી હતી. સર્વદળીય બેઠકમાં અમિત શાહ, એસ. જયશંકર, કિરેન રિજિજૂ, મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, જેપી નડ્ડા, સપાના રામગોપાલ યાદવ, બીજૂ જનતા દળના સસ્મિત પત્રા, ડીએમકેના ત્રિચી શિવા, આપના સંજય સિંહ સહિતના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા.

પાણી રોકવું એ યુદ્ધના આહ્વાન સમાન : પાકિસ્તાન

## ભારતના એક્શાન બાદ પાકિસ્તાને એરસ્પેસ-વેપાર પર રોક લગાવી

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૪ ।

જમ્મુ-કાશ્મીરના પહરલગામમાં મંગળવારે (૨૨ એપ્રિલે) ભયાનક આતંકવાદી હુમલો થયા બાદ ભારત પાકિસ્તાન વિરુદ્ધ કડકાઈથી કાર્યવાહી કરી છે. ભારતે ૧૯૬૦ સિંધુ જળ સમજૂતી ખતમ કરવા સહિત અનેક પગલા ભર્યા છે, જેના કારણે પાકિસ્તાનમાં ખળભળાટ મચી ગયો છે. ભારતના નિર્ણયની અસર આખા પાકિસ્તાન પર પડી છે. આ જ ક્રમમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ગુરુવારે (૨૪ એપ્રિલ, ૨૦૨૫) એક ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠક પણ બોલાવી હતી, જેમાં તેમણે ભારતીય ફ્લાઈટ્સ માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરવાનો આદેશ આપ્યો છે. એટલું જ નહીં શાહબાજ સરકારે કહ્યું કે, પાણી રોકવું યુદ્ધ જેવી કાર્યવાહી છે. પાકિસ્તાનના વડાપ્રધાનની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં તેઓએ ભારત આવતી અને જતી કોમર્શિયલ ફ્લાઈટ્સ માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું છે. શાહબાઝ સરકારના જણાવ્યા અનુસાર, હવે ભારતીય ફ્લાઈટ્સને પાકિસ્તાની હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના અને રાજદ્વારીઓને ભારતમાંથી હાંકી કાઢવાના ભારતના નિર્ણયથી પાકિસ્તાન નારાજ છે.

નક્સલવાદ પર સૌથી મોટો પ્રહાર

## એક હજાર નક્સલીઓ ઘેરાયા, ૨૦ હજાર જવાનો તૈનાત કરાયા

। (એજન્સી) બીજાપુર, તા.૨૪ ।

છત્તીસગઢના બીજાપુર સુરક્ષાકર્મીઓની ટીમે એક હજારથી વધુ નક્સલીઓને ઘેરી ઓપરેશન હાથ ધર્યું છે. આ એનકાઉન્ટરમાં પાંચ નક્સલવાદીઓ ઠાર થયા છે. મીડિયા સૂત્રો અનુસાર, છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં આંતરરાજ્ય સરહદ પર કરેગુટ્ટા પહાડોના જંગલમાં સવારે-સવારે સુરક્ષાકર્મીઓની ટીમે નક્સલવાદી વિરોધી અભિયાન હાથ ધર્યું હતું. જેમાં નક્સલવાદીઓ અને સુરક્ષાકર્મીઓ વચ્ચે અથડામણ થઈ હતી. આ અથડામણમાં પાંચ નક્સલવાદીઓ ઠાર થયા છે. સૂત્રો અનુસાર, છત્તીસગઢના બીજાપુરમાં સુરક્ષાકર્મીની ટીમે અત્યારસુધીમાં હાથ ધરેલા સૌથી મોટા ઓપરેશનમાં ૧૦૦૦થી વધુ નક્સલવાદીઓને ઘેર્યા છે. આ ઓપરેશનમાં છત્તીસગઢ, તેલંગાણા અને મહારાષ્ટ્રના ૨૦,૦૦૦ જવાનો સામેલ છે. સુરક્ષાકર્મીની ટીમે હાથ ધરેલા સર્ચ ઓપરેશનમાં બીજાપુરના પહાડ પર કોંક્રીટ સ્લેબથી બનેલા બંકરને ઘેર્યું હતું. જેમાં ૧૨ નક્સલવાદીઓ હોવાની બાતમી મળી હતી. આ બંકરને ઉડાવી દેવામાં આવ્યું છે. આ ઓપરેશન સીઆરપીએફના સ્પેશિયલ યુનિટ કોબરા(કમાન્ડો બટાલિયન ફોર રિઝોલ્યુટ એક્શન)ની ૨૦૮મી બટાલિયન જીદપલ્લી શિબિર દ્વારા હાથ ધરાયું હતું.

એક જવાનની વીરગતિ

## જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં આતંકવાદીઓ સાથે અથડામણ

। (એજન્સી) જમ્મુ, તા.૨૪ ।

પહેલગામમાં થયેલા દુઃખદ આતંકી હુમલાના થોડા દિવસો બાદ જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લાના ડુડુ-બસંતગઢ વિસ્તારમાં ગુરુવારે (૨૪ એપ્રિલ) સવારે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. લેફ્ટનન્ટ કર્નલ સુનીલ બરટવાલે કહ્યું, "ડુડુ-બસંતગઢ વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર ચાલુ છે." તેમણે કહ્યું કે એન્કાઉન્ટર સંબંધિત સંપૂર્ણ માહિતીની રાહ જોવાઈ રહી છે. મળતી માહિતી મુજબ, પ્રારંભિક એન્કાઉન્ટરમાં એક જવાન વીરગતિ પામ્યો છે. એવું માનવામાં આવે છે કે આ આતંકવાદીઓ કદાચ એ જ મોટા જૂથનો ભાગ છે જેણે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને હીરાનગર સેક્ટરથી ભારતમાં પ્રવેશ કર્યો હતો. સાનિયાલ ગામ પાસેના ડોલકા જંગલમાં એક દંપતીની સતર્કતાને કારણે આ જૂથ પહેલીવાર ૨૩ માર્ચે જોવા મળ્યું હતું. આ પછી ૨૭ માર્ચે કઠુઆ જિલ્લાના જાખોલે ગામ પાસે સુફાન જંગલોમાં એન્કાઉન્ટરમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. એ જ રીતે, ૧૧-૧૨ એપ્રિલના રોજ, કિશ્તવાડ જિલ્લાના ચત્રુ વિસ્તારના નદગામ જંગલોમાં સેનાના વિશેષ ઓપરેશનમાં ત્રણ જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓ માર્યા ગયા હતા.

શેરબજારમાં સાત દિવસની તેજી પર બ્રેક

## શેરબજારમાં સેન્સેક્સ અને નિફ્ટી ઘટાડા સાથે બંધ થયો

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

એપ્રિલ સિરીઝની સમાપ્તિના દિવસે બજાર એક રેન્જમાં ટ્રેડિંગ કરતું જોવા મળ્યું. સેન્સેક્સ, નિફ્ટી ૭ દિવસના વધારા પછી ઘટીને બંધ થયા. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ ફ્લેટ બંધ થયા. રિયલ્ટી અને FMCG શેરો પર દબાણ જોવા મળ્યું. આઈટી, બેંકિંગ ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ થયા. ફાર્મા, મેટલ ઈન્ડેક્સ વધારા સાથે બંધ થયા. નિફ્ટીમાં HUL, ભારતી એરટેલ, આઈશર મોટર્સ, ONGC, શ્રીરામ ફાઈનાન્સ સૌથી વધુ નુકસાન કરનારા શેર છે. જ્યારે ઈન્ડસઈન્ડ બેંક, અલ્ટ્રાટેક સિમેન્ટ, ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ, ટાટા મોટર્સ, ટાટા કન્ઝ્યુમર નિફ્ટીના ટોચના લાભકર્તા છે. FMCG, રિયલ્ટી સૂચકાંકો ૧ ટકાના ઘટાડા સાથે બંધ થયા. ટ્રેડિંગના અંતે, સેન્સેક્સ ૩૧૫.૦૬ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા ઘટીને ૭૯,૮૦૧.૪૩ પર બંધ થયો. નિફ્ટી ૮૨.૨૫ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા ઘટીને ૨૪,૨૪૬.૭૦ પર બંધ થયો. આ તરફ પાકિસ્તાનના શેર માર્કેટમાં જબરજસ્ત કડાકો બોલ્યો છે. પહેલગામ આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે જે એક્શન લીધા તે પછી આજે ખુલતાની સાથે જ પાકિસ્તાની શેરબજાર ક્રેશ થઈ ગયું. ગુરુવારે શરૂઆતના વેપારમાં પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જ (PSX) માં ભારે ઘટાડો નોંધાયો હતો.

CMYK

## સુરતમાં આપઘાતનો સિલસિલો અવિરત, વધુ બે જિંદગી હોમાઈ

। (એજન્સી) સુરત, તા.૨૪ ।

સુરત શહેરમાં આવેલા કાપોદ્રા વિસ્તારની સ્નેહમુદ્રા સોસાયટીમાં રહેતા રત્નકલાકારે લગ્નના છ મહિનામાં એસિડ પી આપઘાત કરી લીધો હતો. યુવકે બેકારીના કારણે અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.ગીર સોમનાથના વતની અને હાલ કાપોદ્રા વિસ્તારમાં આવેલી સ્નેહમુદ્રા સોસાયટીમાં ૩૦ વર્ષીય અજીત જોદુભાઈ ગોહિલ પત્ની સહિતના પરિવાર સાથે રહેતા હતા. અજીત ગોહિલના છ મહિના પહેલા જ લગ્ન થયા હતા. તે રત્નકલાકાર તરીકે નોકરી કરતા હતા પરંતુ હાલ હીરામાં મંદીને કારણે તેમની નોકરી છૂટી ગઈ હતી. બેકારીના કારણે અજીતભાઈએ તા.૧૦મી એપ્રિલે રાત્રે વરાછા વર્ષા સોસાયટી ખાતે એસિડ પી લીધું હતું. સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન આજે બપોરે તેમનું મોત નિપજ્યું હતું.શહેરના ઉમરા વિસ્તારમાં આવેલા હળપતિવાસમાં ૨૫ વર્ષીય સીમા શૈલેષભાઈ રાઠોડ માતા અને બે બહેનો સાથે રહેતી હતી. સીમા બ્યુટી પાર્લરમાં નોકરી કરી પરિવારને આર્થિક મદદ કરતી હતી. પ્રેમી શૈલેષ વારવાર સીમાને તેની સાથે રહેવા માટે દબાણ કરતો હતો. ગઈકાલે મંગળવારે બ્યુટી પાર્લરમાં રજા હોવાથી સીમા પોતાના ઘરે હતી. તેનો પ્રેમી શૈલેષ ત્યાં ઘરે ગયો હતો. જ્યાં ફરી સાથે રહેવા બાબતે દબાણ કરતાં બંને વચ્ચે ઝઘડો થયો હતો.

## બપોરના સુમારે લુ ફુંકાતા માર્ગો પર લોકોની ચહલપહલ ઘટી

। (એજન્સી) વડોદરા, તા.૨૪ ।

રાજ્યમાં ઉનાળાની શરૂઆતથી જ આકરી ગરમી પડી રહી છે. એપ્રિલ મહિનામાં મે અને જૂન મહિના જેવી ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. વડોદરા શહેરમાં પણ છેલ્લા ચાર દિવસથી સૂર્યનારાયણ કોપાયમાન બનતા આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય વડોદરાવાસીઓ અંગદઝાડતી ગરમીનો સામનો કરી રહ્યા છે. આજે શહેરનું મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીએ પહોંચી જતા લોકો અકળાઈ ઊઠ્યા હતા. આકરા તાપના કારણે બપોરના સમયે લોકોએ કામ સિવાય બહાર નીકળવાનું ટાળતા જાણે માર્ગો પર કુદરતી કર્ફ્યુ લાદયો હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. વધતી ગરમી અને લૂના કારણે લોકો બીમાર થઈ રહ્યા હોવાના અહેવાલ પણ આવી રહ્યા છે. ગરમીના પ્રકોપથી રાહત મેળવવા ઠંડા પીણા અને આઈસક્રીમ તથા બરફ ગોળાની લારીઓ પર ભીડ જોવા મળે છે. કેટલાકે એસી અને પંખાના ધમધમાટ તળે જ ઠંડકમાં રહેવાનું મુનાસિબ માન્યું હતું. આગામી દિવસોમાં ગરમી વધુ તીવ્ર બને તેવી શક્યતા છે. મહત્વનું છે કે, આ કાળઝાળ ગરમીમાં મૂંગા પશુ પક્ષીઓ માટે જીવદયા પ્રેમીઓ આગળ આવી યથાશક્તિ મુજબ ગરમીથી બચાવવા પશુ પક્ષીઓને રાહત માટેના પ્રયાસ કરી રહ્યા છે.

### ડમી બેસાડવાના કિસ્સામાં બે વિદ્યાર્થીઓને સૌથી વધુ લેવલ પાંચની સજા

# GTU પરીક્ષામાં ગેરરીતિ કરતાં ૧૪૩ વિદ્યાર્થીઓની સજા જાહેર કરવામાં આવી

### ૩૯ વિદ્યાર્થીઓની સામે કોપી કેસ થયા પછી રૂબરૂ સુનાવણીમાં ગુનો સાબિત ન થતાં કોઇ પેનલ્ટી કરવામાં ન આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા વીન્ટર સેશનમાં લેવામાં આવેલી ડિપ્લોમા-ડિગ્રી ઈજેનરી, ફાર્મસી, એમબીએ-એમસીએ સહિતની પરીક્ષાઓમાં ગેરરીતિમાં ઝડપાયેલા ૧૪૩ વિદ્યાર્થીઓની આખરી સજાની સૂનાવણી કરી દેવામાં આવી છે. જેમાં સૌથી વધુ ૫૦ વિદ્યાર્થીઓને લેવલ ૩ની સજા કરવામાં આવી છે.

યુનિવર્સિટી દ્વારા લેવાયેલી પરીક્ષામાં ગેરરીતિ કરતાં ઝડપાયેલા વિદ્યાર્થીઓની સજા નક્કી કરવા માટે તાજેતરમાં પરીક્ષા શુધ્ધિ સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં વિદ્યાર્થીઓ પર નિર્ધારિત કરાયેલી ગેરરીતિના આધારે કયા પ્રકારની સજા થઈ શકે તે નક્કી કરવામાં આવ્યું હતુ. આ કાર્યવાહી પછી વિદ્યાર્થીઓની રૂબરૂમાં સૂનાવણી માટે બોલાવવામાં આવ્યા હતા. આ પ્રક્રિયા પૂર્ણ થાય બાદ હાલમાં આખરી સજા જાહેર કરી દેવામાં આવી છે.

યુનિવર્સિટી દ્વારા કયા વિદ્યાર્થીને કયા પ્રકારની સજા કરવામાં આવી છે તેની વિગતો વેબસાઈટ પર પણ મુકી દેવામાં આવી છે. સૂત્રો કહે છે કે કુલ ૧૮ વિદ્યાર્થીઓને લેવલ ૧ની સજા કરવામાં આવી છે. આજ રીતે ૩૪ વિદ્યાર્થીઓને લેવલ ૨ની સજા અને ૫૦ વિદ્યાર્થીઓને લેવલ ૩ની સજા કરવામાં આવી છે. જયારે ૨ વિદ્યાર્થીઓને લેવલ ૫ની સજા કરવામાં આવી છે.ડિપ્લોમા ઈજનેરીમાં સેમેસ્ટર ૧માં રેમેડિયલ એકઝામમાં ગોધરાની પોલીટેકનિક કોલેજમાં ડમી વિદ્યાર્થીને બેસાડવાની ઘટના બહાર આવી હતી. આ ઘટનામાં સંડોવાયેલા બે વિદ્યાર્થી લેવલ ૫ની એટલે કે સૌથી વધુ સજા કરવામાં આવી છે. એટલે કે ચાલુવર્ષના તમામ વિષયોમાં નાપાસ કરવા આગામી ચાર સેમેસ્ટર સુધી પરીક્ષામાં ઉપસ્થિત ન રહેવા દેવાની સજા કરવામાં આવી છે.

સૌથી વધુ ૫૦ વિદ્યાર્થીઓને લેવલ ૩ની સજા કરવામાં આવી છે જેમાં ચાલુવર્ષે તમામ વિષયોમાં નાપાસ કરવા ઉપરાંત આગામી સેમેસ્ટરની પરીક્ષામાં ઉપસ્થિત ન રહેવાની સજા કરવામાં આવી છે. મહત્વની વાત એ કે,કુલ ૩૯ વિદ્યાર્થીઓ એવા છે કે જેમની સામે પરીક્ષા સમયે ગેરરીતિનો કેસ થયા બાદ સૂનાવણી પછી તેમને કોઈપણ પ્રકારની પેનલ્ટી કરવામાં આવી નથી. આમ, વીન્ટર સેશનમાં લેવાયેલી પરીક્ષામાં ગેરરીતિમાં ઝડપાયેલા તમામ ૧૪૩ વિદ્યાર્થીઓની સૂનાવણી અને સજા સહિતની કાર્યવાહી પૂર્ણ કરી દેવામાં આવી છે.

## વડોદરામાં ૧૫ મે સુધીના કાશ્મીરના ૮૦ ટકા બુકિંગ લોકોએ કેન્સલ કર્યા

### ગોઝારા આતંકવાદી હુમલા બાદ વડોદરાના ટ્રાવેલ એજન્ટો પર કાશ્મીરની ટૂરના બુકિંગ કેન્સલ કરવા માટે લોકો ફોન કરી રહ્યા છે

। (એજન્સી) વડોદરા, તા.૨૪ ।

કાશ્મીરના પહલગામમાં તારીખ ૨૨ એપ્રિલના રોજ પ્રવાસીઓ પર થયેલા ગોઝારા આતંકવાદી હુમલા બાદ વડોદરાના ટ્રાવેલ એજન્ટો પર કાશ્મીરની ટૂરના બુકિંગ કેન્સલ કરવા માટે લોકો ફોન કરી રહ્યા છે.

વડોદરા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ એસોસિએશનના પ્રમુખ મનીષભાઈ શાહએ કહ્યું હતું કે આ વખતે કાશ્મીરની ટૂર માટે ઉનાળા વેકેશનમાં લોકોનો ભારે ઘસારો હતો. જુનના પહેલા સપ્તાહ સુધી કાશ્મીરમાં મોટાભાગની હોટલો પણ ફૂલ હતી. ગઈકાલે થયેલા આતંકવાદી હુમલા બાદ સ્વાભાવિક રીતે લોકો ડરી રહ્યા છે. અમારા એસોસિયેશનના મોટાભાગના એજન્ટોના ૧૫મી સુધીના કાશ્મીરના ૮૦ ટકા પેકેજ કેન્સલ થયા છે. બીજી તરફ અત્યારે જે લોકો કાશ્મીરમાં ફરવા ગયા છે તેઓ પણ તત્કાલ પોતાના ઘરે પાછા ફરવા માંગે છે. કાશ્મીરના સ્થાનિક એજન્ટો તેમને મદદરૂપ થઈ રહ્યા છે અમારા અને બીજા એસોસિયેશન એ ત્યાંના સ્થાનિક એજન્ટોના નંબર પણ જાહેર કર્યા છે. વિવિધ એરલાઈન્સે પણ તારીખ ૩૦ એપ્રિલ સુધી કાશ્મીરની ટિકિટો કેન્સલ કરાવનારને તમામ પૈસા પરત આપવાની જાહેરાત કરી છે.

બીજી તરફ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ એસોસિયેશન ઓફ વડોદરાના પ્રમુખ મનીષ શાહે કહ્યું હતું કે અમારા એસોસિયેશનના સભ્યોને અમે આ સિઝનની કાશ્મીરની તમામ ટૂર રદ કરવાની સલાહ આપી છે. આગામી અમરનાથ યાત્રાએ જનારા ભાવિકોની સંખ્યા પર પણ આ હુમલાની અસર પડે તેવું મને લાગી રહ્યું છે. લોકો કાશ્મીરની જગ્યાએ મનાલી, નૈનીતાલ જેવા વિકલ્પો અંગે પૂછપરછ કરી રહ્યા છે. ઉપરાંત જેમને બુકિંગ કેન્સલ કરાવવું હોય તેમને એજન્ટો રિફંડ પણ આપી રહ્યા છે.

## પહલગામ હુમલા બાદ શ્રીનગરમાં ફસાયા રાજકોટના મુસાફરો

। (એજન્સી) રાજકોટ, તા.૨૪ ।

જમ્મુ કાશ્મીરના પહલગામમાં ગઈકાલે મંગળવારે (૨૨ એપ્રિલ, ૨૦૨૫) થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. જેમાં ત્રણ ગુજરાતીઓમાં સુરતના યુવકનું અને ભાવનગરના પિતા-પુત્રનું ગોળીબારીમાં મોત નીપજ્યું હતું. આતંકવાદી હુમલાને પગલે દેશભરમાં હાઈએલર્ટ આપી દેવામાં આવ્યું છે, ત્યારે રાજકોટથી કાશ્મીર ફરવા ગયેલા બે દંપતિ શ્રીનગરમાં અટવાયા હોવાનું સામે આવ્યું છે. જેમાં શ્રીનગરમાં પરિવાર સાથે ફસાયેલા રુચિએ વીડિયો જાહેર કરીને જણાવ્યું હતું કે, 'અમે ડરી ગયા છીએ, ઘરે કેવી રીતે જઈશું?' જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામમાં આતંકી હુમલા બાદ દેશભરમાં એલર્ટ જારી કરી દેવાયું છે.

### ખાવડા ચેકપોસ્ટ પર કડક બંદોબસ્ત

# પહલગામમાં આતંકી હુમલા બાદ કચ્છ બોર્ડર પર હાઈ એલર્ટ

### ખાસ કરીને કચ્છ જિલ્લામાં પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે

। (એજન્સી) કચ્છ, તા.૨૪ ।

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ભારતીય પ્રવાસીઓ પર થયેલા ભયાવહ આતંકવાદી હુમલાના પગલે દેશભરમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, પાકિસ્તાન સાથે સરહદ ધરાવતા રાજ્યોમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે ગુજરાતના સંવેદનશીલ સરહદી વિસ્તારોમાં પણ સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી છે. ખાસ કરીને કચ્છ જિલ્લામાં પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. કચ્છ પોલીસે આજે વિશેષ સરહદી વિસ્તારમાં ચેકીંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા બોર્ડર વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ખાસ કરીને પાકિસ્તાન સરહદ નજીક આવેલા ખાવડા સીમાના RE-PARK વિસ્તારમાં આવતા-જતા તમામ વાહનોની ચુસ્ત તપાસ કરવામાં આવી રહી છે. પોલીસે સરહદી વિસ્તારના રહેવાસીઓને પણ સતર્ક રહેવા સૂચના આપી છે. લોકોને વિનંતી કરવામાં આવી છે કે જો તેમના વિસ્તારમાં કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જોવા મળે તો તાત્કાલિક પશ્ચિમ કચ્છ પોલીસને જાણ કરે.

## સુરતમાં સોસાયટીમાં રમતા બાળક પર પોપડો પડતા જીવ ગુમાવ્યો

। (એજન્સી) સુરત, તા.૨૪ ।

સરથાણા વિસ્તારમાં આવેલ સીમાડા વિસ્તારના બ્લુસીટી એપાર્ટમેન્ટમાં એક હૃદયવિક ઘટનાએ સૌને વિચારમાં મૂકી દીધા છે. પાંચમા માળેથી પીઓપીનો પોપડો પડી જતાં નીચે રમતા ધોરણ ૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થીના માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. ઘટના બાદ ૧૧ દિવસ સુધી જીવન માટે લડી ચૂક્યા બાદ આજ રોજ તેનું મોત નિપજ્યું છે. આ સમગ્ર ઘટના બ્લુસીટી એપાર્ટમેન્ટમાં લાગેલા CCTV કેમેરામાં સ્પષ્ટ રીતે કેદ થઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ અમરેલીના સાવરકુંડલાના અને હાલ સરથાણાના સીમાડા વિસ્તારમાં આવેલા ભગવાન નગરના બ્લુસીટી એપાર્ટમેન્ટમાં રહેતા ૧૨ વર્ષીય મંત્ર કેતનભાઈ અકબરી તેના માતા-પિતાની સાથે રહે છે.

### નાણાંની લેતીદેતીમાં બન્ને યુવાનનું અપહરણ કરાયું હતું

## કડીમાં બે યુવાનનું અપહરણ કરી હુમલો કરનાર ૪ વિરુદ્ધ ફરિયાદ

। (એજન્સી) મહેસાણા, તા.૨૪ ।

કડીમાં નાણાંની લેતીદેતીમાં બે યુવાન મિત્રોને ઘરની બહાર બોલાવી ઢોર માર મારી બન્નેનું ૪ શખ્સો અપહરણ કરી ગયા હતા. આ અંગે અપહરણનો ભોગ બનેલા યુવાનના પરિવારજનોને જાણ થતાં તેઓ પોલીસને લઈ ઘટના સ્થળે પહોંચતાં ચારેય શખ્સો એક યુવાનનું અપહરણ કરી ભાગી ગયા હતા. કડીના કરણનગર રોડ પરની નારાયણનગર સોસાયટીમાં પરિવાર સાથે રહેતા ૨૭ વર્ષિય અશ્વિન અરવિંદભાઈ પટેલને ગત મંગળવારે મોડી સાંજે લાલુ કાંતિજી ઠાકોર નામના શખ્સનો ફોન આવ્યો હતો અને તેણે તમારા મિત્ર ધ્રુવરાજ રાજુભાઈ ઓડને લઈ સુખશાંતિ મેદાનમાં આવવાનું કહેતા બન્ને બાઈક ઉપર ત્યાં પહોંચ્યા હતા. જ્યાં લાલુ કાંતિજી ઠાકોર સહિત ચાર શખ્સો હાજર હતા.દરમિયાન લાલુ કાંતિજી ઠાકોરે નાણાં આપવા ધ્રુવરાજ અને ત્યારબાદ અશ્વિન પટેલ પાસે કડક ઉઘરાણી કરી હતી. બન્ને યુવકે નાણાંની સગવડ ન હોવાનું જણાવતાં હાજર ચારેય શખ્સોએ ઉશ્કેરાઈ જઈ તેમને ઢોર માર મારવાનું શરૂ કર્યું હતું. આ ઘટનાની જાણ અશ્વિન પટેલના પિતા અને ફોઈના દીકરાને થતાં તેઓ પોલીસને લઈ ત્યાં પહોંચ્યા હતા. ત્યારે ઉપરોક્ત ચારેય શખ્સોએ પોલીસને જોઈ બન્ને માર માર્યો હતો અને બળજબરી પૂર્વક ધ્રુવરાજ રાજુભાઈ ઓડનું એક્ટિવા ઉપર અપહરણ કરી લઈ ગયા હતા.

## આતંકી હૂમલાને પગલે ભાવનગર કાર્નિવલ રદ

। (એજન્સી) ભાવનગર, તા.૨૪ ।

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હૂમલામાં ભાવનગરના બે સહિત ગુજરાતના ત્રણ પ્રવાસીઓના મૃત્યુ થયાં છે. જેમાં ભાવનગરના પિતા અને પુત્રનું પણ મૃત્યુ થયું છે. જેને લઈને આગામી ૨૯ એપ્રિલે યોજાનાર ભાવનગર કાર્નિવલને રદ કરવામાં આવ્યો છે. પિતા પુત્રના મૃત્યુ બાદ કાર્નિવલ સમિતિએ કાર્નિવલ રદ કરવાનો નિર્ણય લીધો છે. બીજી તરફ ભાવનગરથી જમ્મુ કાશ્મીર જતી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ની બસો કેન્સલ કરવામાં આવી છે. ભાવનગરના ધારાસભ્ય જીતુ વાઘાણી દ્વારા પ્રેરિત ભાવનગરના જન્મ દિવસની ઉજવણી એટલે કે કાર્નિવલ મહોત્સવની ભવ્ય ઉજવણી બોરતળાવ ખાતે તા.૨૯ અને ૩૦ એપ્રિલના રોજ યોજાવાની હતી. પરંતુ ગઈકાલે જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકી હુમલામાં નિર્દોષ લોકોના મોત થયા અને લોકો ઈજાગ્રસ્ત થયા છે.

### ડિજિટલ યુગમાં નવીનતા સાથે પોસ્ટ ઓફિસ બહુપક્ષીય સેવા પ્રદાતા તરીકે ઉભરી રહી છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

# પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે ડાક સેવાઓમાં ઉત્તમ કાર્ય કરનારા અધિકારીઓ અને ડાક કર્મચારીઓનું કર્યું સન્માન

### પોસ્ટ ઓફિસ દ્વારા નાણાકીય સમાવેશ, ડિજિટલાઇઝેશન અને નાગરિક કેન્દ્રિત સેવાઓ પર પણ કરવામાં આવ્યું ધ્યાન કેન્દ્રિત - પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવ

। અમદાવાદ, તા.૨૪ ।

ડાક વિભાગ હવે માત્ર પત્રો પહોંચાડતું સંસ્થાન નથી, પણ દેશની પ્રગતિમાં સક્રિય ફાળો આપતું એક આધુનિક અને ગતિશીલ સંસ્થાન બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ડિજિટલ યુગમાં ડાક વિભાગ એક બહુવિધ સેવા પ્રદાતા તરીકે ઉભરી રહ્યું છે, જેના દ્વારા અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. ઉપરોક્ત વિચારો ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે ૨૨ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ અમદાવાદમાં આયોજિત વિભાગીય અને ઉપવિભાગીય વડાઓની આર્થિક વર્ષ ૨૦૨૪-૨૫ ના કાર્યોની સમીક્ષા બેઠક અને શ્રેષ્ઠતા સન્માન વિતરણ દરમિયાન વ્યક્ત કર્યા. ડાક સેવાઓમાં નવીનતા સાથે તેની કાર્યક્ષમતા અને પહોંચ વધારવા, નાણાકીય સમાવિષ્ટતા, ડિજિટલાઈઝેશન, ટેક્નોલોજીનું એકીકરણ અને માર્કેટિંગની રણનીતિને મજબૂત બનાવવા પર તેમણે ભાર મૂક્યો. આ અવસરે પુસ્તિકાનું પણ વિમોચન કરવામાં આવ્યું, જેમાં પોસ્ટલ સેવાઓ અને તેની વિશેષતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ અવસરે ઉત્તર ગુજરાત હેઠળના ૮ જિલ્લાઓમાં આવેલી ડાક સેવાઓમાં વિવિધ ક્ષેત્રોમાં ઉત્તમ કાર્ય કરનાર ૮૦ થી વધુ ડાક કર્મચારીઓને સન્માનિત



કરીને તેમનો ઉત્સાહ પણ વધારવામાં આવ્યો. આમાં વરિષ્ઠ ડાક અધિક્ષક તેમજ સહાયક નિદેશક, સહાયક ડાક અધિક્ષક, ડાક નિરીક્ષક, પોસ્ટમાસ્ટર, ડાક સહાયક, માર્કેટિંગ એક્ઝિક્યૂટિવ, વિકાસ અધિકારી (ડાક જીવન વિમો), ડાયરેક્ટ એજન્ટ, પોસ્ટમેન, એમટીએસ, બ્રાંચ પોસ્ટમાસ્ટર, ગ્રામીણ ડાક સેવક વગેરે સામેલ હતા.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે, "ડાકઘરોમાં એક જ છત હેઠળ પત્ર-પાર્સલ, બચત બેંક, વિમો, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, ડીબીટી, ડિજિટલ બેંકિંગ, આધાર, પાસપોર્ટ, કોમન સર્વિસ સેન્ટર, ડાકઘર નિર્યાત કેન્દ્ર જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે." ડાકઘર નિર્યાત કેન્દ્ર દ્વારા 'લોકલ ટુ ગ્લોબલ' સંકલ્પનાના અંતર્ગત સ્થાનિક ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જ્યારે પીએમ વિશ્વકર્મા યોજના હેઠળ દેશભરના લાભાર્થીઓને ટૂલ કિટ્સ ડાકઘરો મારફતે મોકલવામાં આવી રહી છે. ઈ-કોમર્સ, એમએસએમઈ, સ્થાનિક હસ્તકલા, ODOP (વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ) અને જી.આઈ. ઉત્પાદનોને ડાકઘરો મારફતે મોકલવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. વિશ્વના સૌથી મોટા ડાક નેટવર્કમાં હવે આઈટી મોડર્નાઈઝેશન પ્રોજેક્ટ ૨.૦ દ્વારા ભારતીય ડાક દૂરસ્થ ગ્રામિણ વિસ્તારોમાં પોતાના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા જઈ રહ્યું છે, જેથી 'ડિજિટલ ઈન્ડિયા' અને 'વિકસિત ભારત'ના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકશે. 'ડાક સેવા - જન સેવા' હેઠળ ગણતંત્ર દિન, સ્વતંત્રતા દિનથી લઈને રાષ્ટ્રીય ડાક સપ્તાહ દરમિયાન ૬૮૮૬ 'ડાક ચોપાલ'ના માધ્યમથી નાગરિક કેન્દ્રિત સેવાઓ સાથે લોકોને જોડવાના અભિયાનમાં ડાક કર્મચારીઓની ઉત્સાહ પૂર્ણ ભાગીદારીની તેમણે પ્રશંસા કરી.

**ડાક કર્મચારીઓનું કરવામાં આવ્યું સન્માન**

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ઉત્તમ કામગીરી માટે વરિષ્ઠ અધિક્ષક ડાકઘર, અમદાવાદ સિટી મંડળને સૌથી વધુ નવા બચત બેંક ખાતા ખોલવા, શાખા અને ઉપડાકઘરોમાં બચત ખાતાં ખોલવાના ૧૦૦ ટકા કવરેજ અને ડાક જીવન વિમા તથા ગ્રામ્ય ડાક જીવન વિમા પ્રીમિયમ માટે સન્માનિત કર્યા. તેમજ વરિષ્ઠ અધિક્ષક ડાકઘર, ગાંધીનગર મંડળના શ્રી પિયૂષ રાજકને સૌથી વધુ નેટ બચત ખાતાં ખોલવા અને આધાર રેવન્યૂ માટે સન્માનિત કરવામાં આવ્યા. આ સાથે અમદાવાદ જીપીઓના ડેપ્યુટી ચીફ પોસ્ટમાસ્ટર શ્રી અલ્પેશ શાહને સૌથી વધુ પોસ્ટલ ઓપરેશન રેવન્યૂ, સૌથી વધુ સ્પીડ પોસ્ટ અને પાર્સલ આવક, તેમજ સ્પીડ પોસ્ટ/રજિસ્ટર્ડ પોસ્ટના ઉત્તમ વિતરણ માટે, સાબરકાંઠા મંડળના અધિક્ષક શ્રી સંજીવકુમાર વર્માને નેટ બચત ખાતા ખોલવા, આધાર રેવન્યૂ, પાર્સલ આવક અને સર્વોચ્ચ ડાક જીવન વિમા પ્રીમિયમ માટે, રેલ ડાક સેવા 'એ. એમ' મંડળ, અમદાવાદના વરિષ્ઠ અધિક્ષક શ્રી ગોવિંદ શર્માને સ્પીડ પોસ્ટ આવક માટે, પાટણ મંડળના ડાક અધિક્ષક શ્રી હર્ષદકુમાર પરમારને પોસ્ટલ ઓપરેશન રેવન્યૂ, લક્ષ્યની સરખામણીએ સૌથી વધુ નેટ બચત ખાતાં ખોલવા અને સૌથી વધુ આધાર રેવન્યૂ માટે, બનાસકાંઠા મંડળના ડાક અધિક્ષક શ્રી રાજેન્દ્રપુરી ગોસ્વામીને પોસ્ટલ ઓપરેશન રેવન્યૂ, લક્ષ્યના અનુરૂપ ડાક જીવન વિમા તથા ગ્રામ્ય ડાક જીવન વિમા પ્રીમિયમ, સ્પીડ પોસ્ટ અને પાર્સલ આવક માટે તેમજ મહેસાણા મંડળના ડાક અધિક્ષક શ્રી સિરાજભાઈ મન્સૂરીને શાખા અને ઉપડાકઘરોમાં નવા બચત ખાતાં ખોલવાના શત-પ્રતિશત કવરેજ તથા સર્વોચ્ચ ગ્રામ્ય ડાક જીવન વિમા પ્રીમિયમ માટે સન્માનિત કરવામાં આવ્યા. સહાયક નિદેશક શ્રી એમ.એમ. શેખ અને શ્રી રિતુલ ગાંધીને પણ ક્ષેત્રીય કાર્યાલયમાં સતત દેખરેખ અને વિવિધ સેવાઓના ઉત્કૃષ્ટ કાર્ય માટે સન્માનિત કરવામાં આવ્યા.

મંડળો સાથે સાથે ઉપમંડળ સ્તરે ઉત્તમ કામગીરી કરનાર અધિકારીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા. આમાં સહાયક અધિક્ષક, અમદાવાદ (ઉત્તર) સિટી મંડળના શ્રી હાર્દિકસિંહ રાઠોડ, સહાયક અધિક્ષક, અમદાવાદ (પશ્ચિમ) સિટી મંડળના શ્રી અલ્કેશ પરમાર અને પાટણ ઉપમંડળના ડાક નિરીક્ષક શ્રી નેહલકુમાર પટેલને ડાક ઘર બચત બેંક અંતર્ગત ડાક ઉપમંડળ શ્રેણીમાં નેટ ખાતા ખોલવાના ક્રમશઃ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન માટે પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે સન્માનિત કર્યા. ડેવલપમેન્ટ ઓફિસર (ડાક જીવન વિમા) શ્રી ઉમંગ ભટ્ટ અને ડાયરેક્ટ એજન્ટ સુશ્રી વંદનાબેન દરજીને પણ સન્માનિત કરવામાં આવ્યા.

આ અવસરે વિવિધ મંડળાધ્યક્ષો સાથે નિવૃત્ત નિયામક ડાક સેવાઓ સુશ્રી મીતા શાહ, સહાયક નિદેશક શ્રી એમ.એમ. શેખ, શ્રી રિતુલ ગાંધી, શ્રી વારિશ વહોરા, સહાયક લેખા અધિકારી શ્રી ચેતન સૈન, સહાયક અધિક્ષક શ્રી જિનેશ પટેલ, શ્રી રમેશ પટેલ, શ્રી રવિન્દ્ર પરમાર, શ્રી રોનક શાહ, ડાક નિરીક્ષક સુશ્રી પાયલ પટેલ, શ્રી સૌરભ કુમાવત સહિત અનેક અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યૂઝ બ્રિફ

### અમેરિકા સાથે ટ્રેડ ડીલ કરનારો પ્રથમ દેશ બની શકે છે ભારત



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા રેસિપ્રોકલ ટેરિફના મામલે હવે ભારત માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. ભારત ટૂંક સમયમાં અમેરિકા સાથે ટ્રેડ ડીલ એટલે કે દ્વિપક્ષીય વેપાર કરાર કરનાર પ્રથમ દેશ બની શકે છે. અમેરિકાના નાણામંત્રી સ્કોટ બેસન્ટે આ અંગે જાણકારી આપી હતી કે, ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર કરાર અંતિમ તબક્કામાં છે. જો આ ડીલ ડન થઈ જશે તો ભારત ટ્રમ્પની રેસિપ્રોકલ ટેરિફ નીતિ પર હસ્તાક્ષર કરનાર પહેલો દેશ બની શકે છે. એમાં પણ આ નિવેદન એવા સમયે આવ્યું છે કે જ્યારે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે ડી વેન્સ ભારતના પ્રવાસે છે. અમેરિકા હાલમાં ભારતીય નિકાસ પર ૧૦% ટેરિફ લાદી રહ્યું છે પરંતુ તેણે ૨૬% સુધીની વધુ ટેરિફ લાદવાની ધમકી આપી છે, જે ૯૦ દિવસ માટે એટલે કે ૮ જુલાઈ સુધી સ્થગિત કરવામાં આવી છે.

### સ્ટીલ કંપની આર્સેલરમાંથી ૬૦૦ કર્મીની કરાશે છટણી




। (એજન્સી) ન્યુયોર્ક, તા.૨૪ ।

વિશ્વની સૌથી મોટી સ્ટીલ કંપની આર્સેલર મિત્તલ આશરે ૬૦૦ જેટલા કર્મચારીઓની છટણી કરવાનું વિચાર્યુ છે. યુરોપીય સ્ટીલ ક્ષેત્રે આવેલા સંકટને કારણે કંપની આ વખતે ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. એએફપીના રિપોર્ટ અનુસાર લેઓફથી ઉત્તર ફ્રાંસમાં આર્સેલર મિત્તલ કંપનીની સાત સાઈટને અસર થઈ શકે છે, જેમાં આશરે ૭,૧૦૦ લોકો કામ કરે છે. હકાકતમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ૨ એપ્રિલે લગાવવામાં આવેલા ટેરિફને કારણે યુરોપીય સ્ટીલ ઉદ્યોગ હાલમાં ઘણા દબાણ હેઠળ છે. તેની પર ૨૫ ટકા ટેરિફ લગાવવામાં આવી છે. આ જ કારણ છે કે ઉદ્યોગ પર સંકટના વાદળો છવાયા છે અને આર્સેલર મિત્તલની કંપનીમાં રોજગારી ઓછી કરવાનો વિચાર કરી રહી છે. રિપોર્ટ અનુસાર, ભારતીય મૂળના લક્ષ્મી મિત્તલ અને તેમના પરિવાર આ કંપનીમાં ૩૯.૮૭ ટકા માલિકી ધરાવે છે. જ્યારે ૫૬.૨૦ ટકા હિસ્સો જાહેર શેરધારકો પાસે છે. આર્સેલરમિત્તલ એસ.એ. લક્ઝમબર્ગ સ્થિત એક યુરોપિયન બહુરાષ્ટ્રીય કંપની છે. લક્ષ્મી મિત્તલ આ કંપનીના એક્ઝિક્યુટિવ ચેરમેન છે. આર્સેલરમિત્તલની રચના વર્ષ ૨૦૦૭ માં થઈ હતી. જેમાં આર્સેલરને લગભગ ૩૩ અબજ ડોલરમાં હસ્તગત કરવામાં આવી હતી.

#### દીકરીએ લોહીથી લથપથ વસ્ત્રોમાં આપી કાંધ

# પહલગામમાં જીવ ગુમાવનારા બે મિત્રોની સાથે અંતિમયાત્રા નીકળી

। (એજન્સી) પૂણે, તા.૨૪ ।

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલાએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો છે. આ હુમલામાં માર્યા ગયેલા લોકોમાં પૂણેના રહેવાસી સંતોષ જગદાલેની પુત્રી ગુરુવારે તેના પિતાના અંતિમ સંસ્કારમાં એ જ લોહીથી લથપથ કપડાં પહેરીને લઈ ગઈ હતી જે હુમલા સમયે તેમણે પહેર્યા હતા. આ જોઈને ત્યાં હાજર લોકોની આંખો ભીની થઈ ગઈ હતી. સંતોષની અંતિમ યાત્રામાં હજારો લોકોએ ભાગ લીધો અને પાકિસ્તાન વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. મંગળવારે (૨૨મી એપ્રિલ) પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં સંતોષ જગદાલેની પુત્રી અશાવરી અને તેમની પત્ની બચી ગયા હતા, પરંતુ



તેમનું અને તેમના બાળપણના મિત્ર કૌસ્તુભ ગણબોટેનું મૃત્યુ નીપજ્યું હતું. આ આતંકી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા છે. ગુરુવારે (૨૪મી એપ્રિલ) સવારે જગદાલે અને ગણબોટેના મૃતદેહ પૂણે લાવવામાં આવ્યા હતા. પુણેમાં બંન્ને મિત્રોના અંતિમ સંસ્કાર નવી પેઠ વિસ્તારના વૈકુંઠ સ્થિત ઈલેક્ટ્રિક સ્મશાનગૃહમાં કરવામાં આવ્યા હતા. આ દુ:ખની ઘડીમાં આખું શહેર શોકમાં ડૂબી ગયું છે. મૃતકોના સંબંધીઓ અને હજારો અન્ય લોકો અંતિમ સંસ્કારમાં જોડાયા હતા. ૨૬ વર્ષીય અશાવરી પિતાને કાંધ આપી અને હુમલા દરમિયાન જે લોહીથી લથપથ કપડાં પહેર્યા હતા તે જ પહેર્યા જેથી તેમને આ દુર્ઘટનાની યાદ અપાવી શકાય. અંતિમ સંસ્કારમાં હાજર રહેલા લોકોએ પાકિસ્તાન વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. અગાઉ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર જૂથ)ના વડા શરદ પવારે જગદાલે અને ગણબોટેના ઘરની મુલાકાત લીધી હતી અને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમના પરિવારોએ પવારને મળીને ગુનેગારોને કડકમાં કડક સજા આપવાની માંગ કરી હતી. મહારાષ્ટ્રના મંત્રી માધુરી મિસાલે પણ જગદાલેના ઘરની મુલાકાત લીધી હતી.

#### હવે લશ્કરી સ્તરે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે

# INSએ સુરત ખાતે યુદ્ધ જહાજ પરથી મિસાઇલનું સફળ પરીક્ષણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ કેન્દ્ર સરકાર એક્શન મોડમાં છે. એક દિવસ પહેલા પડોશી દેશ વિરુદ્ધ મોટા નિર્ણયો લીધા બાદ, હવે લશ્કરી સ્તરે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને આ માટે તમામ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ દરમિયાન, ભારતીય નૌકાદળે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. ભારતીય નૌકાદળના સ્વદેશી રીતે નિર્મિત યુદ્ધ જહાજ INSએ સુરત ખાતે સમુદ્રમાં ઝડપથી ઉડતા લક્ષ્ય પર સચોટ હુમલો કરીને મોટી સફળતા મેળવી છે. આ સિદ્ધિ નૌકાદળની તાકાતને વધુ મજબૂત બનાવે છે. આ સફળતા સ્વદેશી યુદ્ધ જહાજ ડિઝાઈન, ડેવલપમેન્ટ અને કામગીરીમાં ભારતીય



નૌકાદળની વધતી જતી શક્તિ દર્શાવે છે. આ સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારતના વિઝનને વધુ મજબૂત બનાવે છે. અરબી સમુદ્રમાં કરવામાં આવેલું આ સફળ પરીક્ષણ ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે પાકિસ્તાન પણ આ જ વિસ્તારમાં મિસાઈલનું પરીક્ષણ કરવા જઈ રહ્યું છે. માહિતી અનુસાર, પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારત સરકાર દ્વારા લેવામાં આવેલા ઝડપી નિર્ણયો બાદ, પાકિસ્તાન એક મિસાઈલ પરીક્ષણ કરવા જઈ રહ્યું છે અને પાકિસ્તાને આ સંદર્ભમાં એક સૂચના જારી કરી છે. પાકિસ્તાને અરબી સમુદ્ર ક્ષેત્રમાં મિસાઈલનું પરીક્ષણ કરવાનો નિર્ણય લીધો છે. આ મિસાઈલ સપાટીથી સપાટી પર પ્રહાર કરશે અને તેનું પરીક્ષણ ૨૪-૨૫ એપ્રિલના રોજ કરાચી કિનારે કરવામાં આવશે. ભારતની તપાસ એજન્સીઓ આ ઘટનાક્રમ પર નજર રાખી રહી છે. આ અંગે ગૃહ મંત્રાલયમાં ગૃહ સચિવ સાથે RAW અને IB વડાઓની ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ રહી છે. તમને જણાવી દઈએ કે પહેલગામ હુમલા બાદ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી (CCS) એ બુધવારે સિંધુ જળ સંધિને તાત્કાલિક અસરથી સ્થગિત કરી દીધી હતી.



બિહારના મધુબની ખાતે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

#### મૃતકના દીકરાએ વર્ણવી પહેલગામ આતંકી ઘટના

## હિન્દુ અને મુસલમાન અલગ અલગ થઇ જાઓ, કલમા પઢો કહી હિન્દુઓને મારી નાંખ્યા



। (એજન્સી) પહેલગામ, તા.૨૪ ।

પહેલગામમાં થયેલા પહેલગામ હુમલા બાદ વધુ એક મોટુ અપડેટ સામે આવ્યુ છે, આતંકી હુમલામાં શિકાર બનેલા પરિવારના પુત્રએ સમગ્ર ઘટના અંગે આપવીતી વર્ણવી છે, પહેલગામ આતંકી હુમલામાં સુરતના જ વ્યક્તિનું મૃત્યુ થયું છે તેનું નામ શૈલેષ કળથિયા છે અને શૈલેષ કળથિયાના પુત્રએ આપવીતિ વર્ણવતા સરકાર પર કટાક્ષ કર્યો અને સલાહ પણ આપી છે. મૃતક શૈલેષ કળથિયાના પુત્રએ પહેલગામ આતંકી હુમલા અંગે મીડિયા સમક્ષ વાત કરતાં જણાવ્યું કે, અમે પરિવાર સાથે પહેલગામ પહોંચ્યા હતા, હું મમ્મી-પપ્પાએ મને ઘોડા પર બેસાડ્યો અને તેઓ ચાલતા આવતા હતા, જ્યારે અમે ઉપર પહોંચ્યા ત્યારે, અમારી નજીક કંઈક બનવા લાગ્યુ. બે શસ્ત્રધારી આતંકીઓ આવ્યા અને કહેવા લાગ્યા કે, હિન્દુઓ અને મુસલમાનો અલગ અલગ થઈ જાઓ. તે સમયે અમે ત્યાં ૨૦થી ૩૦ લોકો હાજર હતા. આતંકવાદીઓએ હિન્દુ અને મુસ્લિમોને અલગ અલગ કર્યા અને કલમા પઢવાનું કહ્યું, જેઓએ કલમા પઢ્યા તેમને છોડી મુક્યા, અને હિન્દુ પુરુષોને ગોળીએ વીંધી દીધા, હિન્દુઓ પર અંધાધૂંધ ફાયરિંગ કર્યુ, આતંકવાદીઓ અમારાથી ફક્ત બેથી ત્રણ ફૂટના અંતરે જ હતા, પછીથી આતંકીઓએ બૂમ પાડી બાળકો ભાગી જાઓ અહીંથી, અને ત્યાંથી ભાગવા લાગ્યા અને તરત જ આંતકીઓ ગાયબ થઈ ગયા. રાજનાથ સિંહ વિવિધ પક્ષોના નેતાઓને પ્રવાસીઓને નિશાન બનાવતા આતંકવાદી હુમલા વિશે માહિતી આપી શકે છે, જેમાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. બુધવારે સાંજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આતંકવાદી હુમલાના પગલે સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠકની અધ્યક્ષતા કરી હતી. બુધવારે સાંજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા પરની કેબિનેટ સમિતિ (CCS) ની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પાકિસ્તાન વિરુદ્ધ પાંચ કડક નિર્ણયો લેવામાં આવ્યા હતા. વડાપ્રધાન મોદી સાથે ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને વિદેશ મંત્રી એસ. જયશંકર હાજર હતા. બેઠક બાદ વિદેશ સચિવ વિક્રમ મિસ્રીએ પત્રકાર પરિષદમાં આ નિર્ણયો વિશે માહિતી આપી હતી. સૌથી મોટો નિર્ણય એ લેવામાં આવ્યો કે ભારત-પાકિસ્તાન સરહદ પર સ્થિત અટારી બોર્ડર ચેકપોસ્ટ બંધ કરવામાં આવશે. આ પગલાને કારણે બંને દેશો વચ્ચે મર્યાદિત અવરજવર પણ સંપૂર્ણપણે બંધ થઈ જશે.

#### પહલગામ અટેક બાદ સરકારનો નિર્ણય

## પાકિસ્તાની એક્ટર ફવાદ ખાનની ફિલ્મ અબીર ગુલાલ ભારતમાં રિલીઝ નહીં થાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

પાકિસ્તાની એક્ટર ફવાદ ખાન અને ભારતીય એક્ટ્રેસ વાણી કપૂરની ફિલ્મ અબીર ગુલાલને લઈને એક મોટું અપડેટ સામે આવ્યું છે. પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ફિલ્મની રિલીઝ તારીખ મુલતવી રાખવામાં આવી હતી. એક રિપોર્ટ પ્રમાણે, માહિતી અને પ્રસારણ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, ફિલ્મ અબીર ગુલાલ ભારતમાં રિલીઝ થશે નહીં. ફવાદ ખાન નવ વર્ષ પછી અબીર ગુલાલ ફિલ્મથી બોલિવૂડમાં વાપસી કરી રહ્યો છે. આ પહેલા તેણે ખુબસૂરત (૨૦૧૪), કપૂર એન્ડ સન્સ (૨૦૧૬) અને એ દિલ હૈ મુશ્કિલ (૨૦૧૬) જેવી ત્રણ બોલિવૂડ ફિલ્મોમાં કામ કર્યું છે, જે ભારતીય દર્શકોમાં તેની લોકપ્રિયતાને કારણે ખૂબ ચર્ચામાં રહી હતી. જોકે, ૨૦૧૬ના ઉરી આતંકવાદી હુમલા પછી પરિસ્થિતિમાં ધરખમ ફેરફાર થયો. આ પછી ઈન્ડિયન મોશન પિક્ચર પ્રોડ્યુસર્સ એસોસિએશન (IMPPA) અને ઑલ ઈન્ડિયન સિને વર્કર્સ એસોસિએશન (AICWA) એ પાકિસ્તાની કલાકારોને ભારતીય સિનેમામાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી. જોકે બોમ્બે હાઈકોર્ટે ૨૦૨૩માં ઔપચારિક પ્રતિબંધની માંગ




કરતી અરજીને ફગાવી દીધી હતી, પરંતુ ઈન્ડસ્ટ્રીના સૂત્રોનું કહેવું છે કે, પાકિસ્તાની પ્રતિભા સાથે સહયોગ પર અનૌપચારિક પ્રતિબંધ ૨૦૧૬થી ચાલુ છે. અબીર ગુલાલ સાથે ફવાદ ખાનના ભારતીય ફિલ્મોમાં પુનરાગમનનો પહેલાથી જ કેટલાક લોકો વિરોધ કરી રહ્યા હતા, પરંતુ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ વિરોધ વધુ તીવ્ર બન્યો છે. આ હુમલામાં લશ્કર સાથે સંકળાયેલા આતંકવાદીઓએ પ્રવાસીઓના એક જૂથ પર ગોળીબાર કર્યો હતો, જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા. લશ્કરના એક જૂથ, રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) એ આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. બુધવારે, ફવાદ ખાને પણ આ હુમલા પર દુ:ખ વ્યક્ત કર્યું અને પોતાની ઈન્સ્ટાગ્રામ વાર્તાઓ પર લખ્યું કે, પહલગામમાં થયેલા આ જઘન્ય હુમલાના સમાચાર સાંભળીને ખૂબ દુ:ખ થયું.

#### કુરાન શરીફનો ઉલ્લેખ કર્યો

## પહેલગામ આતંકવાદી હુમલા પછી મુસલમાનો પર ભડક્યા સલીમ મર્ચન્ટ

। (એજન્સી) પહેલગામ, તા.૨૪ ।

પહેલગામમાં થયેલા હત્યાકાંડે દરેકના આત્માને હચમચાવી દીધા છે. આ હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરી હતી, જ્યારે બોલિવૂડ સેલિબ્રિટીઓએ પણ આ આતંકવાદી હુમલાની આકરી નિંદા કરી હતી. હવે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પ્રખ્યાત ગાયક અને સંગીતકાર સલીમ મર્ચન્ટે આ કાયરતાપૂર્ણ કૃત્ય પર પ્રતિક્રિયા આપી છે. સલીમે એક વીડિયો શેર કરીને મુસ્લિમોના આ કૃત્ય પર શરમ અને ગુસ્સો વ્યક્ત કર્યો છે. સલીમ મર્ચન્ટ વીડિયોમાં કહી રહ્યા છે- ‘પહલગામમાં જે નિર્દોષ લોકો માર્યા ગયા તે એટલા માટે થયા કે તેઓ હિન્દુ હતા, મુસ્લિમ નહીં. શું આ હત્યારા મુસ્લિમ છે? ના, તે આતંકવાદી છે કારણ કે ઈસ્લામ આ શીખવતો નથી. પવિત્ર કુરાનમાં, સુરત અલ બકરાહ, સુરત ૨, શ્લોક ૨૫૬ માં કહેવામાં આવ્યું છે કે ધર્મની બાબતોમાં કોઈ જબરદસ્તી નથી. કુરાન-એ-શરીફમાં આ લખ્યું છે. તેણે વધુમાં કહ્યું, ‘એક મુસ્લિમ તરીકે મને શરમ આવે છે કે મારે એ દિવસ જોવો પડે છે જ્યારે મારા નિર્દોષ હિન્દુ ભાઈ-બહેનોની આટલી ક્રૂરતાથી હત્યા કરવામાં આવી હોય. માત્ર એટલા



માટે કે તે હિંદુ છે. આ બધું ક્યારે સમાપ્ત થશે? કાશ્મીરના લોકો જે છેલ્લા બે-ત્રણ વર્ષથી સારી રીતે જીવી રહ્યા હતા તેઓ ફરીથી તેમના જીવનમાં સમાન સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. હું મારા દુ:ખ અને ગુસ્સાને કેવી રીતે વ્યક્ત કરું તે સમજી શકતો નથી. હું મારું માથું ઝુકાવું છું અને નિર્દોષ લોકો માટે પ્રાર્થના કરું છું જેમણે પોતાનો જીવ ગુમાવ્યો છે. ભગવાન તેમને અને તેમના પરિવારને આ નુકસાન સહન કરવાની શક્તિ અને સમૃદ્ધિ આપે. ઓમ શાંતિ.’ સલીમનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો પસંદ કરવામાં આવી રહ્યો છે. લોકો આના પર કમેન્ટ કરી રહ્યા છે અને સલીમની વિચારસરણીના વખાણ કરી રહ્યા છે. તે જ સમયે, તેઓ એમ પણ કહી રહ્યા છે કે અન્ય લોકોએ પણ તેને તે જ રીતે જોવું જોઈએ

#### ધર્મ પૂછીને બહેન-દીકરીઓનો સુહાગ છીનવી લીધો

# કાનપુરમાં શુભમના પરિવારને મળ્યા સીએમ યોગી આદિત્યનાથ

### શુભમ દ્વિવેદીના લગ્ન બે મહિના પહેલા જ પૂર્ણ થયા હતા : આ ઘટના દર્શાવે છે કે આતંકવાદ અંતિમ શ્વાસ લઈ રહ્યો છે : યોગી

। (એજન્સી) કાનપુર, તા.૨૪ ।

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કાનપુરમાં શુભમ દ્વિવેદીના પરિવાર સાથે મુલાકાત કરી હતી. શુભમ દ્વિવેદી એ ૨૮ લોકોમાંથી એક છે જેમને પહેલગામમાં આતંકીઓએ માર્યા હતા. શુભમના પરિવારને મળ્યા બાદ સીએમ યોગીએ પત્રકારો સાથે વાત કરી હતી. તેમણે કહ્યું કે ૨૨મી એપ્રિલે કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર આતંકી હુમલો થયો હતો. કાનપુરનો એક પરિવાર



આતંકી હુમલાનો શિકાર બન્યો હતો. શુભમ દ્વિવેદીના લગ્ન બે મહિના પહેલા જ પૂર્ણ થયા હતા. આ ઘટના દર્શાવે છે કે આતંકવાદ અંતિમ શ્વાસ લઈ રહ્યો છે. આ દરમિયાન સીએમએ કહ્યું કે આતંકવાદીઓએ બહેન-દીકરીઓની જાતિ અને ધર્મ પૂછીને તેમનું સુહાગ ઉજાડી દીધું. સીએમએ કહ્યું કે આતંકવાદીઓને તેમના કૃત્યોની સજા ચોક્કસપણે મળશે. તેણે કહ્યું કે મેં ગઈકાલે જ શુભમ દ્વિવેદીના પિતા સાથે ફોન પર વાત કરી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે વિશ્વના દરેક સંસ્કારી સમાજે આ હુમલાની નિંદા કરી છે. તેમણે કહ્યું કે પહેલગામ હુમલો એક ક્રૂર અને કાયરતાપૂર્ણ કૃત્ય હતો. સીએમએ કહ્યું કે અમારી સરકાર પીડિત પરિવારની સાથે છે.

### ભારતના જવાનને પાકિસ્તાની સેનાએ ડિટેઈન કરી લીધો

। (એજન્સી) ફિરોજપુર, તા.૨૪ ।

પાકિસ્તાનની સેનાએ બીએસએફના એક જવાનની અટકાયત કરી હોવાના મોટા સમાચાર મળ્યા છે. ભૂલથી પાકિસ્તાનની સરહદમાં જતો રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. પાકિસ્તાન રેન્જર્સે બીએસએફના જવાનની અટકાયત કરી છે. અટકાયત કરવામાં આવેલા બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનની ઓળખ ૧૮૨ બટાલિયનનો કોન્સ્ટેબલ પીકે સિંહ તરીકે થઈ છે. જવાનનો યુનિફોર્મ અને સર્વિસ રાઈફલ પાક. રેન્જર્સે જપ્ત કરી લીધી છે. પંજાબના ફિરોજપુર જિલ્લામાં આવેલી ભારત-પાકિસ્તાન સરહદ પર ગઈકાલે ભૂલથી બીએસએફનો એક જવાન પાકિસ્તાનની સરહદમાં પ્રવેશી ગયો હતો.

#### પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ નિર્ણય

# અમેરિકાએ પોતાના નાગરિકો માટે ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી

### એડવાઈઝરીમાં નાગરિકોને કહેવામાં આવ્યું છે કે તેઓ ભારત -પાકિસ્તાન સરહદના ૧૦ કિમીના દાયરામાં મુસાફરી ન કરે

। (એજન્સી) વોશિંગ્ટન,તા. ૨૪ ।

ઈસ્લામિક આતંકીઓ દ્વારા જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં કરવામાં આવેલા અમાનવીય હુમલા બાદ ભારત સહિત દુનિયાભરના દેશો જેહાદીઓ પ્રત્યે ધિક્કાર વરસાવી રહ્યા છે એટલું જ નહીં પરંતુ લોકો હવે જમ્મુ-કાશ્મીર જવાનું પણ ટાળી રહ્યા છે. એક અહેવાલ પ્રમાણ છેલ્લા ૨૪ કલાકમાં સમગ્ર ભારતમાંથી ૯૦ ટકા પ્રવાસીઓએ તેમના કાશ્મીર પ્રવાસનાં બુકિંગ રદ કરી દીધાં છે. તો બીજી તરફ અમેરિકા સહિત વિશ્વના દેશો તેમના



નાગરિકોને હમણાં કાશ્મીર નહીં જવા સલાહ આપી રહ્યા છે. અમેરિકાએ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ પોતાના નાગરિકો માટે ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી છે. અમેરિકા દ્વારા જારી કરાયેલી ટ્રાવેલ એડવાઈઝરીમાં નાગરિકોને કહેવામાં આવ્યું છે કે તેઓ ભારત-પાકિસ્તાન સરહદના ૧૦ કિલોમીટરના દાયરામાં મુસાફરી ન કરે. અમેરિકી નાગરિકો માટે આ એડવાઈઝરી બુધવારે જારી કરવામાં આવી છે. અમેરિકાના વિદેશ વિભાગ દ્વારા જારી કરાયેલી એડવાઈઝરીમાં જણાવાયું છે, “જમ્મુ-કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશમાં આતંકવાદી હુમલા અને હિંસક અશાંતિ શક્ય છે. આ રાજ્યની મુસાફરી ન કરો (પૂર્વ લદ્દાખ વિસ્તાર અને તેની રાજધાની લેહની મુસાફરી સિવાય).

## તંત્રી લેખ...

### પહલગામ હુમલાથી J&Kમાં ૨.૫ લાખની રોજી-રોટી જોખમમાં

જમ્મુ અને કાશ્મીરનાં પહેલગામમાં થયેલો હુમલો માત્ર સહેલાણીઓ ઉપર જ થયો હતો તેમ નથી. તે કાશ્મીર ખીણમાં વસતા અઢી લાખ લોકોની રોજી-રોટી ઉપરનો હુમલો છે, એ કેન્દ્ર શાસિત પ્રદેશનાં અર્થતંત્ર પરનો હુમલો છે. કાશ્મીર ખીણનાં અર્થતંત્રની કરોડરજ્જુ તૂટી જવાની છે, સમગ્ર ખીણ પ્રદેશ ગંભીર કટોકટીમાં મુકાઈ જવાનો છે. પ્રવાસીઓને મારવામાં આવેલી એકે એક ગોળી, કાશ્મીરનાં અર્થતંત્રને વર્ષો સુધી પાછુ ધકેલી દેશે. આ હુમલા અંગે પાકિસ્તાને સફાઈ મારતાં કહ્યું છે કે, અમારે તેની સાથે કશી લેવા-દેવા નથી. તે હુમલો તો ત્યાંના સ્થાનિક આતંકીઓએ જ કર્યો હશે. તો પ્રશ્ન તે થાય છે કે : જેમની રોજી-રોટીનો આધાર જ પ્રવાસન ઉદ્યોગ પર છે, તેઓ આવા હુમલા શા માટે કરે ? ઉલ્લેખનીય છે કે પૃથ્વી પરના સ્વર્ગ સમાન કાશ્મીરમાં પ્રવાસન ઉદ્યોગ વર્ષે રૂ. ૧૨૦૦૦ કરોડ આપે છે. એક અંદાજ પ્રમાણે તો ૨૦૩૦ સુધીમાં આ ઉદ્યોગ રૂ. ૨૫ થી ૩૦ હજાર કરોડ જેટલો વિકસવાની સંભાવના હતી. સૌથી વધુ ખેદજનક બાબત તો તે છે કે, હજી પ્રવાસનની ઋતુ શરૂ જ થઈ છે. તેવામાં આ હુમલો થતાં સમગ્ર સીઝન દરમિયાન પ્રવાસીઓ નહીં આવે.આ કેન્દ્ર શાસિત પ્રદેશનાં પાટનગર શ્રીનગર પાસેના ડાલ-લેઈકમાં ૧૫૦૦ હાઉસ-બોટ્સ છે. કાશ્મીરમાં નાની અને મોટી હોટેલોમાં મળી ૩૦૦ થી વધુ રૂમ છે. ૨૦૨૪માં ૨ કરોડ ૩૬ લાખ પ્રવાસીઓ કાશ્મીર ગયા હતા. રાજ્યને પછીથી કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવ્યા પછી ત્યાં પ્રવાસીઓની સંખ્યા વધતી જ રહી છે. ૨૦૨૦માં ૩૪ લાખ પ્રવાસીઓ આવ્યા હતા. પરંતુ ૨૦૨૧ માં ૧.૧૩ કરોડ પ્રવાસીઓ ગયા હતા. ૨૦૨૨માં તે ૨.૩૬ કરોડ સુધી પહોંચ્યો તેમાં ૬૫૦૦૦ તો વિદેશી પ્રવાસીઓ હતા. અહીં સરકાર જ પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપે છે. જ્યારે બોલીવુડ માટે પણ તે મહત્ત્વનું છે. અહીં ફિલ્મોના અનેક શોટ્સ ઉતરે છે, તેથી પણ સ્થાનિક નિવાસીઓની આમદાની વધે છે.

### પ્રધાનમંત્રીએ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે બિહારના મધુબનીમાં રૂ. ૧૩,૪૮૦ કરોડથી વધારેનાં વિકાસ કાર્યોનો શુભારંભ કરાવ્યો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસનાં પ્રસંગે બિહારનાં મધુબનીમાં રૂ. ૧૩,૪૮૦ કરોડથી વધારે મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન, શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું હતું. પ્રધાનમંત્રીએ આ કાર્યક્રમમાં દરેકને ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પહેલગામ હુમલામાં દિવંગત આત્માઓ માટે મૌન પાળવા અને પ્રાર્થના કરવા અપીલ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા તેમણે કહ્યું હતું કે, પંચાયતી રાજ દિવસનાં પ્રસંગે સમગ્ર દેશ મિથિલા અને બિહાર સાથે જોડાયેલો છે. તેમણે નોંધ્યું હતું કે, બિહારનાં વિકાસને ધ્યાનમાં રાખીને હજારો કરોડ રૂપિયાની કિંમતનાં વિવિધ પ્રોજેક્ટનું ઉદઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્ય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વીજળી, રેલવે અને માળખાગત સુવિધામાં આ પહેલોથી બિહારમાં રોજગારીની નવી તકોનું સર્જન થશે. તેમણે મહાન કવિ અને રાષ્ટ્રીય પ્રતિક રામધારી સિંહ દિનકરજીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. બિહાર એક એવી ભૂમિ છે, જ્યાં મહાત્મા ગાંધીએ સત્યાગ્રહનાં મંત્રનું વિસ્તરણ કર્યું હતું, એવો ઉલ્લેખ કરીને શ્રી મોદીએ મહાત્મા ગાંધીનાં દ્રઢ વિશ્વાસ પર ભાર મૂક્યો હતો કે, ભારતનો ઝડપી વિકાસ ત્યારે જ શક્ય છે, જ્યારે તેનાં ગામડાંઓ મજબૂત હશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પંચાયતી રાજની વિભાવનાનાં મૂળમાં આ ભાવના રહેલી છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "છેલ્લાં એક દાયકામાં પંચાયતોને સશક્ત બનાવવા માટે સતત પગલાં લેવામાં આવ્યાં છે. છેલ્લા દાયકામાં ૨ લાખથી વધુ ગ્રામ પંચાયતો ઈન્ટરનેટ સાથે જોડાઈ છે ત્યારે પંચાયતોને મજબૂત કરવામાં ટેકનોલોજીએ નોંધપાત્ર ભૂમિકા ભજવી છે." શ્રી મોદીએ ધ્યાન દોર્યું હતું કે, ગામડાઓમાં ૫.૫ લાખથી વધારે સામાન્ય સેવા કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે, જેમાં પંચાયતોનું ડિજિટલાઈઝેશન વધારાનાં લાભો લાવ્યું છે, જેમ કે જન્મ અને મૃત્યુનાં પ્રમાણપત્રો અને જમીન ધરાવતાં પ્રમાણપત્રો જેવા દસ્તાવેજો સરળતાથી મેળવી શકાય છે. જ્યારે દેશને આઝાદીનાં દાયકાઓ પછી નવું સંસદ ભવન મળ્યું છે, ત્યારે સમગ્ર દેશમાં ૩૦,૦૦૦ નવા પંચાયત ભવનોનું નિર્માણ પણ થયું છે. તેમણે એ બાબત પર પણ પ્રકાશ પાડ્યો હતો કે, પંચાયતો માટે પર્યાપ્ત ભંડોળની ખાતરી કરવી એ સરકારની પ્રાથમિકતા છે. તેમણે કહ્યું હતું કે, "છેલ્લાં એક દાયકામાં પંચાયતોને રૂ. ૨ લાખ કરોડથી વધારે રકમ મળી છે, જે તમામનો ઉપયોગ ગામડાઓનાં વિકાસ માટે થયો છે." ગ્રામ પંચાયતો જે મુખ્ય મુદ્દાઓનો સામનો કરી રહી છે તેમાંનો એક મુદ્દો જમીન વિવાદો સાથે સંબંધિત છે એ બાબતનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે, કઈ જમીન રહેણાંક, કૃષિ, પંચાયતની માલિકીની કે સરકારી માલિકીની છે. આ સમસ્યાનું સમાધાન કરવા માટે જમીનનાં રેકોર્ડનું ડિજિટાઈઝેશન હાથ ધરવામાં આવ્યું છે, જેણે બિનજરૂરી વિવાદોનું અસરકારક રીતે સમાધાન કરવામાં મદદ કરી છે. શ્રી મોદીએ એ વાત પર ભાર મૂક્યો હતો કે, પંચાયતોએ સામાજિક ભાગીદારીને મજબૂત કરી છે. તેમણે નોંધ્યું હતું કે, બિહાર દેશનું પહેલું એવું રાજ્ય છે કે જેણે પંચાયતોમાં મહિલાઓને ૫૦ ટકા અનામત પ્રદાન કરી છે. અત્યારે બિહારમાં આર્થિક રીતે નબળાં વર્ગો, દલિતો, મહાદલિતો, પછાત અને અતિ પછાત સમુદાયોની નોંધપાત્ર સંખ્યામાં મહિલાઓ જનપ્રતિનિધિઓ તરીકે સેવા આપી રહી છે અને તેને સાચો સામાજિક ન્યાય અને વાસ્તવિક સામાજિક ભાગીદારી ગણાવી છે. વધારે ભાગીદારી સાથે લોકશાહી વિકસે છે અને મજબૂત બને છે. આ વિઝનને પ્રતિબિંબિત કરતા શ્રી મોદીએ નોંધ્યું હતું કે, લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામત પ્રદાન કરતો કાયદો પણ બનાવવામાં આવ્યો છે. તેનાથી તમામ રાજ્યોની મહિલાઓને લાભ થશે, જેનાથી આપણી બહેનો અને પુત્રીઓને વધારે પ્રતિનિધિત્વ મળશે. સરકાર મહિલાઓની આવક વધારવા અને નવી રોજગાર અને સ્વરોજગારીની તકો ઊભી કરવા માટે મિશન મોડમાં કામ કરી રહી છે તેના પર ભાર મૂકતા, શ્રી મોદીએ બિહારમાં 'જીવિકા દીદી' કાર્યક્રમની પરિવર્તનકારી અસર પર પ્રકાશ પાડ્યો, જેણે ઘણી મહિલાઓના જીવનમાં પરિવર્તન લાવ્યું છે. આજે, બિહારમાં મહિલા સ્વ-સહાય જૂથોને લગભગ ૧,૦૦૦ કરોડની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી છે.

**એક દેશવાસીની દ્રષ્ટિએ જોઈએ તો કાશ્મીર આપણા જ દેશનો એક હિસ્સો હોવાથી ત્યાં રહેનારાઓ પર આવા સમયે શું વિતતી હશે?**

# પહેલગામ એટેક બાદ ૧૪૦ કરોડ દેશવાસીઓ નાં મનમાં યુદ્ધ એકમાત્ર વિકલ્પ! એ નારો ઉઠી રહ્યો છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આખું વિશ્વ જાણે છે કે પાકિસ્તાન અત્યારે આર્થિક રીતે અત્યંત નબળી સ્થિતિમાં છે, અને તે છતાં એ પોતાના દેશના વિકાસ કે આર્થિક તંત્રને મજબૂત બનાવવા વિશે ન વિચારતાં! દેશની સીમા વધારવા વિશે કઈ રીતે વિચારી શકે?; અને જો એ વિચારતું હોય તો એ ખરેખર એની મૂર્ખામી છે!**

સુનિતા વિલિયમ્સની ઘર વાપસીનો અધુરો લેખ પૂરો કરવા વિચારતી હતી, ત્યાં જ ન્યુઝ મળ્યાં કે પહેલગાવમાં આતંકી એટેક થયો, અને ૨૬/ ૨૭ પ્રવાસીઓ માર્યા ગયા! અને ૨૦ જણાં ઘાયલ થયા છે. લશ્કરે તોયબા એ આ હુમલાની જવાબદારી સ્વીકારી લીધી, અને પછી પાકિસ્તાન સૈન્યનાં વડાં અસીર મુનીર અને ટીઆરએફ ના વડા સજ્જાદ ગુલ એ પણ હુમલો પોતે કરાવ્યો એવું કહ્યું છે! પહેલગાવ અનંતનાગ જીલ્લાની ટેકરીઓનું એક ખૂબ જ કુદરતી સૌંદર્ય ધરાવતું સ્થળ છે, મારું જોયેલું પણ છે! કાલકાથી શ્રીનગર જવાનાં રસ્તામાં આવે છે, અને કાશ્મીર ટુરિઝમને સૌથી વધુ નફો કરાવતું સ્થળ પણ છે. માર્ચ આસપાસ ત્યાં સ્નો ફોલ થતાં પ્રવાસીઓ વધી જાય છે. જોકે ભારત પાકિસ્તાનની સરહદને જોડતું કાશ્મીર આવાં ઘણાં હુમલાનો ભોગ બની ચૂક્યું છે, અને એટલે આ સમાચાર કંઈ નવાં ન્હોતાં !પરંતુ હમણાં થોડી શાંતિ હતી, એમાં ફરી પાછો આ કહેર! એમાં પણ આ વખતે તો નામ અને જાત પુછી પુછીને માર્યા! કલમા અને આજાન પઢતા આવડે છે? એવું પુછ્યુ! એ બતાવે છે કે ધર્મ ને નામે આટલી કટ્ટરતા! હનીમૂન માટે ગયેલા કપલ માંથી પતિને મારી નાખ્યો! જીવતી પત્ની એ કહ્યું કે મને પણ ગોળી મારી દ્યો! તો કહે ના તું મોદી ને કહેજે કંઈ રીતે તારા પતિને માર્યો! આ ઉપરાંત ભાવનગરના પિતા પુત્ર પણ માર્યા ગયાં, અને અન્ય બીજા. આમ સૌથી મોટો આતંકી હુમલો! માર્યા ગયેલા લોકોના નામ પરથી એકવાત સ્પષ્ટ થાય છે કે પ્રવાસીઓ પર જ આ વખતે નિશાન હતું! એક દેશવાસીની દ્રષ્ટિએ જોઈએ તો કાશ્મીર આપણા જ દેશનો એક હિસ્સો હોવાથી ત્યાં રહેનારાઓ પર આવા સમયે શું વિતતી હશે? એ વિચારીને પણ અત્યંત દુ:ખ થાય, અને પ્રવાસીઓ માટે તો થાય જ! એમાં પણ ગુજરાત થોડું સમૃદ્ધ, ગુજરાતની પ્રજાને હરવા ફરવાનો શોખ પણ ઘણો, એટલે ક્યાંકને ક્યાંક એ પ્રવાસીઓમાં ગુજરાતીઓની સંખ્યા વધુ હતી. ઉપરથી પૂજ્ય બાપુની કથા પણ ત્યાં ચાલતી હતી, એટલે એ રીતે પણ ઘણા બધા ત્યાં પહોંચ્યા હતાં. ઘણીવાર એવું લાગે કે વિશ્વના ઘણા દેશોને બાદ કરતાં મોટાભાગના દેશો હવે શાંતિને ઈચ્છી રહ્યા છે, એટલે કે યુદ્ધ એ હવે મોટાભાગના દેશની તરફેણનો વિષય નથી! અને હોવો પણ ના જોઈએ!; કારણ કે યુદ્ધ હંમેશા દહેશત ફેલાવે છે! જે બે પ્રાંત વચ્ચે યુદ્ધ થઈ રહ્યું હોય, એ બંને પ્રાંતની પ્રજાનાં દ્રષ્ટિકોણથી જોઈએ તો આ વાતને વધુ સમજી શકાય. પરંતુ કાશ્મીરમાં જે આતંકવાદ દિવસેને દિવસે વધુ ફેલાઈ રહ્યો છે, એનું કારણ શું છે? એ વિશે સ્પષ્ટ મુદ્દાઓ પર ચિંતન કરવું પડશે કે શું આ ખરેખર દેશપ્રેમ કે ધર્મપ્રેમને નામે થાય છે? કે પછી એની પાછળ બીજું કોઈ કારણ છે?! જોકે આમ તો કાશ્મીરની જનતા એ જ આ આતંકવાદને પોષણ આપ્યું છે. કાશ્મીર રાજ્ય એનાં ટુરિઝમ બિઝનેસ દ્વારા જ સૌથી વધુ કમાય છે, અને આટલો નફો થતો હોવા છતાં એનો વિકાસ નથી! કારણકે બધા રુપિયા અંતે તો હથિયાર ખરીદવામાં જાય છે, અને એ હથિયાર તરુણ અવસ્થાના યુવાનોનાં હાથમાં ધર્મને નામે આપી દેવામાં આવે છે. આખું વિશ્વ જાણે છે કે પાકિસ્તાન અત્યારે આર્થિક રીતે અત્યંત નબળી સ્થિતિમાં છે, અને તે છતાં એ પોતાના દેશના વિકાસ કે આર્થિક તંત્રને મજબૂત બનાવવા વિશે ન વિચારતાં! દેશની સીમા વધારવા વિશે કઈ રીતે વિચારી શકે?; અને જો એ વિચારતું હોય તો એ ખરેખર એની મૂર્ખામી છે! કારણ કે આવતીકાલે શું આ લોકોની એ પ્રાથમિક જરૂરિયાતોને પૂરી કરી શકશે કે કેમ ? એ વિશે એણે ચોક્કસ વિચારવું જોઈએ!: ઉલ્ટા ત્યાંથી બધા હિજરત કરી જાય છે, એ વિશે પણ વિચારવું જોઈએ?: તો આવી સ્થિતિમાં આતંકવાદને પનાહ દેવી એ પગ ઉપર કુહાડો મારવા બરાબર છે, પરંતુ ના સમજ ને કોણ સમજાવે! દુનિયાનાં બધાં દેશ કરતાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું છે!: ધર્મ શિક્ષણ ને નામે નાનપણથી જ અન્ય ધર્મ માટે મનમાં ઝેર નાખ્યું! મા બાપ પારિવારિક પ્રશ્નોથી ઘેરાયેલા હોય એટલે સાચી દોરવણી નહીં. ઉપરથી એક કરતાં વધુ પત્નીની છૂટ હોવાથી પરિવારનો વસ્તાર પણ વધુ, અને દરેક સંતાનની પરવરિશ બરોબર ન થાય, ક્યારેક તો કોઈને ધ્યાન જ ન અપાયું હોય, એટલે નાનપણથી જ વ્યસનના રવાડે ચડી જાય! અથવા તો તલ્લાક બાદ પોતાને કે માતા સાથે અન્યાય થયો છે, એમ વિચારી માનસિક રીતે વિકૃત બની જાય, અને બીજાને તકલીફ આપીને આનંદ લેવાની વૃત્તિ ધીરેધીરે ઘર કરી જાય! ૧૪ થી ૧૬ વર્ષના યુવકને ધર્મ વિશે કે રાષ્ટ્ર વિશે એવી શું ખબર હોય? અને છતાં "સ્લીપર સેલ"ની સંખ્યા વધતી જ જાય છે!; એ એક ચોકાવનારું પરિણામ છે. પણ ચિંતન કરતા એવું લાગે કે આ બધા પાછળ ગરીબી કે લઘુતાગ્રંથિ કારણભૂત છે. એટલે કે અન્ય ટીનેજર સાથે પોતે કદમથી કદમ મિલાવીને આગળ વધી શકતાં નથી, અથવા તો એની હેસિયત નથી! ઉપરાંત પિતાએ જો ત્યજી દીધા હોય તો એવી માતાનાં પુત્ર કે પુત્રીને પરિવારનું ભરણપોષણ કરવા મજબૂરીમાં પણ આવું કરવું પડતું હોય શકે! કારણકે આ લોકો પાસે ધર્મને નામે વેરવા તો રૂપિયા ખૂબ છે! અને આ રીતે સ્લીપર સેલ ખરીદાતા હોય શકે. પણ આ ખરીદારી પાછળ કોનો હાથ છે? એટલે કે ક્યો દેશ એને આર્થિક મદદ કરી રહ્યો છે! વિશ્વના ઘણા દેશોમાં આ ધર્મ પ્રચલિત છે! પણ એ બધાં દેશોની આર્થિક સ્થિતિ એટલી ઉંચી નથી! તો કોણ છે એ! જે આવી વિકૃત માનસિકતાને પોષે છે??? ભારતનું સૈન્ય બળ પાકિસ્તાન કરતાં વધુ સુદ્રઢ છે! અને એ વાત પાકિસ્તાન જાણે પણ છે! એટલે જો યુદ્ધ થાય તો એ સો ટકા હારી જાય! પણ હિન્દુ પ્રજા પ્રમાણમાં શૂરવીરની સાથોસાથ ઉદાર, માનવતાવાદી અને સહિષ્ણુ છે! એ વાત પણ એ જાણે છે, અને એટલે આપણા ગુણો જ આપણને અત્યારે પીડી રહ્યા છે. ઘણીવાર આપણને એમ થાય કે, ભલે ને જે થવું હોય એ થાય, પણ એકવાર યુદ્ધ એ જ એકમાત્ર વિકલ્પ છે! એમ દાવ ખેલી લેવો જોઈએ! અને તો જ એ સબક શીખશે! ઉરી એટેક અને કારગિલ વોરની પાકિસ્તાનના સૈન્યને ખબર જ છે! ભારતીય જવાનોના શૌર્યની ગાથા વિશે પણ કોઈ બેમત નથી! છતાં આપણે મૌન કેમ? હુમલાની ખબર મળતાં જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ પોતાનો સાઉદી અરેબિયાનો આંતરરાષ્ટ્રીય પ્રવાસ ટૂંકાવી દીધો, અને ભારત પાછા ફર્યા! એમણે ત્યાંથી જ ગૃહમંત્રી અમિત શાહ સાથે વાત કરી, અને તેઓ તાત્કાલિક શ્રીનગર પહોંચી ગયા છે! ભારત સરકારે મહત્વના પાંચ નિર્ણય લઈ અને પાકિસ્તાનને કરારો જવાબ આપ્યો. (૧) સિંધુ ટ્રીટી રદ્દ કરવામાં આવી. (૨) તમામ પાકિસ્તાનીઓ ના વિઝા કેન્સલ. (૩) ભારતમાં રહેલા પાકિસ્તાનીઓને ૪૮ કલાકમાં ભારત છોડવાનો આદેશ. (૪) અટારી - વાઘા બોર્ડર બંધ કરવામાં આવી.(૫) પાક હાઈ કમિશન અઠવાડીયામાં બંધ કરવાનો આદેશ! ભાવેણા વાસીઓએ પિતા પુત્રને શ્રદ્ધાંજલિ દેવાં આ વખતે અખાત્રીજ એ ઉજવણીનો કોઈ કાર્યક્રમ નહીં કરે એવું જાહેર કર્યું છે. પરંતુ ૧૪૦ કરોડ દેશવાસીઓનાં મનમાં અત્યારે યુદ્ધ એકમાત્ર વિકલ્પ! એ નારો ઉઠી રહ્યો છે! કારણકે ક્યાં સુધી કાશ્મીર અખંડ ભારતનો હિસ્સો હોવા છતાં ત્યાંની જનતા કે પ્રવાસીઓ આવી દહેશતમાં જીવશે! જય હિન્દ!

**સત્ય ન પોતાનું હોય છે ન પરાયું ન જૂનું હોય છે ન નવું, ન વૃધ્ધ હોય છે ન યુવાન, ન બર્મી હોય છે ન ભારતીય. ન હિન્દુ હોય છે ન મુસલમાન**

# સાચો - જ્ઞાની માણસ દુ:ખ આવે ત્યારે એ કોઈનો વાંક નથી કાઢતો, બલકે, એ દુ:ખ આવવા પાછળ પોતાની કઈ ભૂલ છે એ શોધે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સત્ય સત્ય છે સદા એકસમાન, સર્વત્ર એકસમાન પરંતુ કોઈ માન્યતાને જ્યારે કોઈ કપોળ કલ્પનાઓ પર આશ્રિત કરી સત્ય માનવા લાગી એ છીએ તો વિભિન્નતા આવે જ છે, નિષ્પક્ષ અનુભૂતિજન્ય સત્યમાં ભેદ નથી હોતો, શબ્દ-સત્ય અને અનુમાન-સત્યની સીમાઓ ને ઓળંગીને જ્યારે આપણે પ્રત્યક્ષ સત્યને મહત્ત્વ દેવા લાગી એ છીએ તો મિથ્યા કલ્પનાઓના મૂળ ઢીલા પડવા લાગે છે, શુદ્ધ ધર્મ પ્રતિષ્ઠા પિત થવા લાગે છે.**

માણસ માણસનો ભૂખ્યો બન્યો હોય તેવું લાગે છે વિશ્વના ઘણા દેશોમાં વિહવળતા ભરી સ્થિતિ જોવા સાંભળવા મળી રહી છે.જમ્મુ કાશ્મીરના પહેલગામમાં જે ઘટનાનું સર્જન થયું તેનાથી એવું લાગે છે કે માનવી હવે તો માનવ થા.ના કોઈ ઓળખ,ના કોઈ લેવાદેવા વાદવિવાદ અને છતાં હરતા ફરતા મૌજ મસ્તીમાં તલ્લીન માનવ જીવોને બીજો માનવજીવ આવીને મોતને ઘટ ઉતારીને ચાલ્યો જાય ખરેખર આવા વિકૃત માનસ પ્રત્યે ધૃણા અને રોષની લાગણી હદય મનમાં ઉભરી આવે છે.ત્યારે આજે વિપશ્યના વિચાર મંથનમાં જોઈએ તો વાસ્તવમાં સત્ય તો એક જ છે. ભિન્ન ભિન્ન કેવી રીતે હોઈ શકે ? સમગ્ર પ્રકૃતિનું વિધાન એક જ છે. અલગ અલગ કેવી રીતે હોઈ શકે?પરંતુ કોઈની પ્રત્યક્ષ અનુભૂતિ પર ઉતરેલ આ વિધાન જયારે વાણીનો વેશ ધારણ કરે છે તો આ વેશ અવશ્ય ભિન્ન ભિન્ન હોય છે.ભાષા,શબ્દ, વકતા ભિન્ન ભિન્ન હોવાને કારણે સત્ય પણ ભિન્ન ભિન્ન લાગે છે. જ્યારે કોઈ ભક્ત કોઈ મહાપુરુષ દ્વારા અનુભૂત સત્યને સ્વયં પોતાની અનુભૂતિ પર તો ઉતારે નહીં, પરંતુ અંધશ્રદ્ધાજન્ય ભાવાવેશના સ્તર પર તેની વાણીને સ્વીકૃતિ દઈને જ પોતાને ધન્ય માની બેસે છે તો એ વાણી અને એ શબ્દોની સાથે તેની ઘેરી આસક્તિ થઈ જવી સ્વાભાવિક છે. તેને તે શબ્દ જ સત્ય દેખાય છે,બાકી બધું મિથ્યા. અહીંથી જ સંપ્રદાયનો પાયો પડવો શરૂ થઈ જાય છે. સત્યનો સાક્ષાત્કાર કરનાર કોઈ સંપ્રદાયથી કેવી રીતે બંધાશે?પરંતુ શબ્દોમાં લોટપલોટ લગાવનાર સંપ્રદાયનું પોષણ કરે છે.પહેલી વ્યક્તિ માટે ભાષા કેવળ માધ્યમ છે, તેથી ગૌણ છે. પરંતુ બીજી માટે ભાષા અને શબ્દ જ પ્રમુખ છે.જો હું હિંદુ સંપ્રદાય માં છું તો 'યમ-નિયમ' શબ્દનો પ્રયોગ થતો જોઈને પ્રસન્ન થઈ ઊઠું છું; બૌદ્ધ છું તો 'પંચશીલ', જૈન છું તો 'અણુવ્રત' અને ખ્રિસ્તી છું તો 'ટેન કમાંડમેંટ્સ'ના શબ્દોને સાંભળીને ગર્વથી છાતી ફુલાવી લઉં છું. પરંતુ ધર્મની વાસ્તવિક સચ્ચાઈ જીવનમાં ઉતરી કે નહીં,શીલ-સદાચાર જીવનનું અંગ બન્યું કે નહીં, પોતાની સંકીર્ણ સાંપ્રદાયિક વૃત્તિને કારણે હું આને જરાય મહત્ત્વ આપતો નથી.કેવળ શબ્દો ને જ 'મારો ધર્મ' 'તારો ધર્મ' કહીને સારાનરસાની સંજ્ઞાઆપતો રહુંછું. 'સમ્યજ્ઞાન, સમ્યકદર્શન, સમ્યક ચારિત્ર્ય' આ શબ્દોનો પ્રયોગ કોઈપણ જૈનને કર્ણપ્રિય લાગે છે.એજ પ્રકારે 'શીલ, સમાધિ, પ્રજ્ઞા' કોઈ બૌદ્ધને, 'સ્થિતપ્રજ્ઞ, અનાસકત' કોઈ ગીતાભક્તને અને 'હોલી ઈનડિ ફરેંસ'નો પ્રયોગ કોઈ ખ્રિસ્તીને.તેવી જ રીતે કોઈને ધર્મ શબ્દ સાંભળતા જ લાગે છે જાણે કાનમાં ચાંદીની ઘંટડીઓ રણકી રહી હોય અને તે જ વ્યક્તિને 'ધમ્મ' શબ્દ સાંભળતા જ લાગે છે જાણે છાતી પર સાંબેલાના પ્રહારો થઈ રહ્યા હોય. આનાથી ઠીક વિપરીત કોઈબીજી વ્યક્તિને 'ધમ્મ'શબ્દમાં દેવ-દુંદુંભી જેવો શ્રુતિમધુર મંગળઘોષ સંભળાય છે અને 'ધર્મ' શબ્દ તેને કાંટાની માફક ખૂંચે છે.કેવી આસક્તિ પેદા કરી લીધી છે આપણે શબ્દોની સાથે.આ કારણે તેમના અર્થાની તરફ ધ્યાન નથી જતું અને ધ્યાન જાય તો તે પણ એટલું જ નિરર્થક છે કારણ કે અર્થ જીવનમાં ઉતરતા નથી. સંપ્રદાય અને ધર્મમાં આજ મૌલિક ભેદ છે, સંપ્રદાય શબ્દોને મહત્ત્વ દે છે અને ધર્મ અર્થોને તથા તેમને ધારણ કરવાને. આપણે પોતાને હજાર સંપ્રદાય- વિહિન કહીએ, પરંતુ સચ્ચાઈ એ જ છે કે આપણા માટે સંપ્રદાય પ્રમુખ થઈ ગયા છે, એટલે જ શબ્દ પ્રમુખ થઈ ગયા છે, અર્થ ગૌણ. પ્રત્યક્ષ અનુભૂતિ તો લુપ્તપ્રાય થઈ ગઈ છે. જેને જુઓ શબ્દ સત્યની પાછળ પાગલ છે. ખૂબ થોડા છે જે અનુમાન સત્યની તરફ વધે છે. પ્રત્યક્ષ સત્ય સુધી જવાની કોઈને ફુરસદ જ નથી અને કોઈ તેની આવશ્યકતા પણ અનુભવતા નથી.આપણી, હિંદુઓની છાતી ફુલાઈ જાય છે જ્યારે કોઈ બિન હિંદુ ગીતાના કોઈ શ્લોકનો પોતાના ભાષણમાં ઉલ્લેખ કરે છે. એ જ પ્રકારે આપણા બૌદ્ધોના અને જૈનોના હૃદયતાર ઝણઝણી ઊઠે છે જ્યારે કોઈ અબૌદ્ધ કે અજૈની ધમ્મપદ કે મહાવીર વાણીનો પોતાના ભાષણોમાં ઉલ્લેખ કરે છે. કેવી આસક્તિ પેદા કરી લીધી છે આપણે પોત- પોતાના સંપ્રદાયની વાણીથી જે પરંપરા અને પરિવેશમાં આપણે જનમ્યા અને ઉછર્યા તેના ધર્મ ગ્રંથો પ્રત્યે શ્રદ્ધા, આદર અને વલણ હોવામાં કોઈ દોષ નથી, કેમ કે તેમનાથી જ આપણે પ્રેરણા અને માર્ગદર્શન પામીએ છીએ.પરંતુ દોષ આસક્તિથી છે, ચિપકાવથી છે. આ આપણા ચિપકાવનું જ પરિણામ છે કે એ જ સચ્ચાઈ કોઈ અન્ય સંપ્રદાય વાળો પોતાની ભાષામાં બોલે અને પોતાના મહાપુરુષ દ્વારા કહેલી છે એમ બતાવે તો આપણું મન કેટલું વિક્ષિપ્ત થઈ ઊઠે છે? સચ્ચાઈ પરાઈ લાગે છે. આ આસક્તિનું મુખ્ય કારણ એ જ છે કે આપણી શ્રદ્ધા વાંઝણી રહી ગઈ. તેનું કોઈ ફળ પ્રાપ્ત ન થયું.આપણે આપણા ધર્મગ્રંથોની સચ્ચાઈને કેવળ શ્રદ્ધા સુધી જ સીમિતરાખી સ્વાનુભૂતિઓથી તેનો સ્વાદ ન ચાખ્યો. તેથી, આપણા માટે તો સદા શબ્દ જ સત્ય રહ્યા. અને જે શબ્દોમાં આ સચ્ચાઈ કહેવાઈ છે તે આપણી પરંપરાના નથી, એટલા માટે જ આપણા માટે શબ્દોની સાથે સાથે સચ્ચાઈ પણ પરાયી થઈ ગઈ છે. પરંતુ જ્યારે આપણે એ જ સચ્ચાઈનો સ્વયં સાક્ષાત્કાર કરી લઈએ છીએ તો તેમાં પરાયાપણું નથી રહેતું. સત્ય તો સત્ય છે, અલગ અલગ કેવી રીતે હોઈ શકે? સંસ્કૃત, પાલી, પ્રાકૃત, હિબ્રુ, અરબી વગેરે વિભિન્ન ભાષાઓના શબ્દ, શબ્દસત્ય માનવાવાળાને અલગ અલગ લાગશે. પરંતુ તેનાથી જરા આગળ વધીએ અને થોડી બુદ્ધિ નો પણ ઉપયોગ કરીએ તો આ બૌદ્ધિક સત્ય કેટલાયે કોયડાને ઉકેલી દેવામાં સહાયક થશે. સત્યથી સંબંધ રાખનાર અનેક વિભિન્નતાઓ દૂર કરશે. પરંતુ જયારે સ્વયં અનુભૂતિ ઓ પર ઉતારવાલાગીશું તો સચ્ચાઈની બધી વિભિન્નતા ઓ ધીરે ધીરે દૂર થશે જ. સચ્ચાઈઓમાં ભેદ નજર નહીં આવે, શરત એ છે કે પ્રયોગ પૂર્વાગ્રહવિહિન હોય અને સત્ય શોધન માટે અનુભૂતિનો જ હોય. સત્ય ન પોતાનું હોય છે ન પરાયું ન જૂનું હોય છે ન નવું.ન વૃધ્ધ હોય છે ન યુવાન. ન બર્મી હોય છે ન ભારતીય.ન હિન્દુ હોય છે ન મુસલમાન. સત્ય સત્ય છે સદા એકસમાન,સર્વત્ર એકસમાન પરંતુ કોઈ માન્યતાને જ્યારે કોઈ કપોળ કલ્પનાઓ પર આશ્રિત કરી સત્ય માનવા લાગી એ છીએ તો વિભિન્નતા આવે જ છે. નિષ્પક્ષ અનુભૂતિજન્ય સત્યમાં ભેદ નથી હોતો. શબ્દ-સત્ય અને અનુમાન- સત્યની સીમાઓ ને ઓળંગીને જ્યારે આપણે પ્રત્યક્ષ સત્યને મહત્ત્વ દેવા લાગી એ છીએ તો મિથ્યા કલ્પનાઓના મૂળ ઢીલા પડવા લાગે છે. શુદ્ધ ધર્મ પ્રતિષ્ઠા પિત થવા લાગે છે. જે અનુભૂતિઓ પર ઉતરે તે જ સત્ય,એવું માનીને ચાલવું એ ધર્મના રસ્તા પર ચાલવું છે, સત્ય ના, જ્ઞાનના, મુક્તિ ના રસ્તા પર ચાલવું છે. આવા વાતાવરણમાં અંધવિશ્વાસ ન ટકી શકે. અનૃત, અસત્યનું પોષણ થવું શકય નથી બનતું. સત્યધર્મ અનુ સંધાનનો વિષય છે, અંધાનુકરણ નહીં. પરંતુ જયાં સંપ્રદાયનું પોષણ થાય છે ત્યાં સાંપ્રદાયિક નેતા સત્યને સમીપ નથી આવવા દેતા. સચ્ચાઈને તર્કની કસોટી પર પણ કસવા નથી દેતા.અનુભૂતિઓ પર ઉતારવું તો બહુ દૂરની વાત છે. કહે છે ધર્મમાં અક્કલની દખલ નથી હોતી. કેવો ધર્મ છે આ જેમાં અક્કલને સ્થાન ન હોય? વિના અકકલ,વિના બોધિનો ધર્મ,ધર્મ કેવી રીતે થયો? હા,એ ઠીક કે સંપ્રદાયમાં અક્કલની દખલ નથી હોતી, કેમ કે અક્કલ આવતાં જ સંપ્રદાયના ટુકડા ટુકડા થઈ જાય છે.ત્યાં તો અંધવિશ્વાસ જ પોષાય છે, અનંતની ધરાતલ પર અધર્મ જ પોષાય છે.ધર્મ ન પોષાઈ શકે.જયારે વ્યક્તિ પોતાના દિમાગને કેદ કરી લે છે તો સચ્ચાઈનું અનુસંધાન આપોઆપ બંધ થઈ જાય છે. ધર્મના જાણે પગ કપાઈ જાય છે. તેની આંખો ફૂટી જાય છે અને તે લંગડો અને અંધ બની સંપ્રદાય બની જાય છે. માણસે ત્યારે ત્યારે સત્યની શોધ કરવી મૂકી દીધી જ્યારે જ્યારે 'બાબા વચન પ્રમાણવાળું ગુરુડ્મ તેની સામે દિવાલ બનીને ઊભું રહી ગયું. કોઈપણ સંકુચિત બુદ્ધિવાળા સાંપ્રદાયિક નેતાને એ જ ભય રહે છેકે મારા વાડાનું એકપણ ઘેટું વાડો તોડીને કોઈ બીજાનાવાડામાં ન જાય.મારા સઘળાંઅનુયાયીઓ નો ઘેટાં-બકરાં અને ગાય-ભેંસ જેવો અંધાનુકરણવાળો સ્વભાવ બની રહે.એટલે જ તે તેમના પર પોતાની સાંપ્રદાયિક માન્યતાઓનો ઘેરો નશો ચડાવેલો રાખે છે. અનેક તર્કહીન અને અસંગત વાતોને માનવા માટે મજબૂર કરતો.રહે છે.ન માને તો નારકીય પીડાઓનો આતંક અને માને તો મુક્તિ-મોક્ષ નું પ્રલોભન દેતો રહે છે.શું દશા થઈ ગઈ છેઆપણી, મનુપુત્રોની? મનન ચિંતનનો સ્વભાવ શું ખોઈ બેઠા જાણે અંધસંપ્રદાયના ભૂતને શિર પર સવાર કરી લીધો. આપણા આપણા ધર્મગ્રંથોને વિના વિચાર્યે સમજે સત્ય માનીએ અને બીજા ધર્મગ્રંથોને વિના વાંચે અસત્ય જ માનીએ,આવો ભાવાવેશ આપણી અંદર ઠાંસી- ઠાંસીને ભરવામાં આવ્યો છે. આપણને ધર્મ સાથે કોઈ લેવાદેવા નથી. આપણા માટે સંપ્રદાય જ પ્રમુખ છે. ખરાબમાં ખરાબ,અધાર્મિક દુરાચારી વ્યક્તિ પણ જો આપણા સંપ્રદાયમાં છે તો ભલો. અન્યથા સારામાં સારો, ધાર્મિક, સદાચારી માણસ, પરાયા સંપ્રદાયમાં છે તો આપણને દીઠો નથી ગમતો.આજે છેલ્લે એક સરસ મજાની વાત ત્રણ જિજ્ઞાસુ ઓ અને ગુરુ વિશેની જાણીએ. એક દિવસ ત્રણ જિજ્ઞાસુઓ ગુરુ ના આશ્રમ માં રોકાયા. થોડાક દિવસો આમ જ વીતી ગયા, એવામાં એક શેઠ ફળ અને સૂકો મેવો લઈ ગુરુની સેવામાં હાજર થયા પરંતુ ગુરુએ ધ્યાન ન આપ્યું. પીઠ ફેરવીને બેસી ગયા. પેલા શેઠે લાવેલાં ફળ મેવો સમાપ્ત કર્યા.



# પરિવારની જીદથી નારાજ થઈ મનોજ બાજપેયી ઘર મુકીને ભાગી ગયા

### ગરીબીને કારણે ડોક્ટર બનવાનું પોતાનું તૂટેલું સ્વપ્ન તે પોતાના દીકરા દ્વારા પૂરું કરવા માંગતો હતો : મનોજ બાજપેયી

મનોજ બાજપેયી તેમનો ૫૫મો જન્મદિવસ ઉજવી રહ્યા છે. મનોજ બાજપેયીની અભિનયની દુનિયામાં સફર સરળ નહોતી. બિહારના એક નાના ગામમાં જન્મેલા મનોજે અભિનયમાં આવવા માટે તેના પિતા સાથે જૂઠું બોલવું પડ્યું.મનોજ બાજપેયીનો જન્મ ભલે બિહારના એક નાના ગામમાં થયો હોય, પરંતુ બાળપણથી જ તેમના હૃદયમાં અભિનેતા બનવાનું મોટું સ્વપ્ર હતું. આ માટે તેણે ખૂબ જ મહેનત કરી, ઘણી મહેનત કરી અને જૂઠું પણ બોલ્યો. તેમના ખેડૂત પિતા ઈચ્છતા હતા કે તેમનો દીકરો ડૉક્ટર બને અને આ માટે તેઓ તેને દિવસ-રાત પ્રોત્સાહન આપતા હતા.ગરીબીને કારણે ડોક્ટર બનવાનું પોતાનું તૂટેલું સ્વપ્ર તે પોતાના દીકરા દ્વારા પૂરું કરવા માંગતો હતો. ગરીબીને કારણે ડોક્ટર બનવાનું પોતાનું તૂટેલું સ્વપ્ન તે પોતાના દીકરા દ્વારા પૂરું કરવા માંગતો હતો : મનોજ બાજપેયી આ કારણોસર, તેણે મનોજને સાત વર્ષની ઉંમરે હોસ્ટેલમાં મોકલી દીધો. મનોજે જણાવ્યું હતું કે તેને તેના પરિવારના સભ્યો સામે પણ ફરિયાદ હતી કે તેને આટલી નાની ઉંમરે હોસ્ટેલમાં મોકલવામાં આવ્યો હતો. તેણે કહ્યું હતું કે, 'હું નાનો હતો અને બીજા મોટા બાળકો મને ત્યાં હેરાન કરતા હતા.મેં મારા પરિવારને કહ્યું હતું કે હું સિવિલ સર્વિસ પરીક્ષાની તૈયારી માટે દિલ્હી જઈ રહ્યો છું. મનોજે શોમાં ખુલાસો કર્યો કે તેને અભિનેતા બનવા માટે ખૂબ જ મહેનત કરવી પડી હતી. દિલ્હી પહોંચવા માટે તેને જૂઠાણાનો સહારો લેવો પડ્યો. ૧૨મું પાસ કર્યા પછી, તેણે તેના માતાપિતાને કહ્યું કે તે સિવિલ સર્વિસીસ પરીક્ષાની તૈયારી માટે દિલ્હી જઈ રહ્યો છે. તે પોતાના માતા-પિતાને સત્ય કહીને દિલ્હી આવી શક્યો ન હોત, તેથી જ તેણે જૂઠું બોલવું પડ્યું. તેણે તેના પિતાને કહ્યું હતું કે, 'હું ડૉક્ટર નહીં બની શકું, પણ હું આઈએએસ બનીશ અને તેની તૈયારી માટે દિલ્હી જવા માંગુ છું.' મનોજના આ શબ્દો સાંભળ્યા પછી, પરિવારના સભ્યો સંમત થયા અને તેને દિલ્હી મોકલી દીધો. થોડા વર્ષો પછી, મનોજે તેના પિતાને પત્ર લખીને કહ્યું કે તે અભિનેતા બનવા માટે દિલ્હી આવ્યો છે.ખાસ વાત એ છે કે સત્ય જાણ્યા પછી, મનોજ બાજપેયીના પિતા ગુસ્સે થયા નહીં, તેના બદલે તેમણે રમુજી રીતે જવાબ આપ્યો અને લખ્યું, 'મારા પ્રિય પુત્ર મનોજ.' હું તારો પિતા છું અને મને ખબર છે કે તું દિલ્હી અભિનેતા બનવા ગયો છે, અધિકારી બનવા નહીં.


# આતંકવાદી હુમલાના પડઘાઃ પાકિસ્તાની એક્ટર ફવાદ ખાનની ફિલ્મ રોકવા ફિલ્મ ફેડરેશનની માંગ



૯ મેએ ફિલ્મ રિલીઝ કરવાનું આયોજન

પહેલગામમાં નિર્દોષ પ્રવાસીઓની કત્લેઆમ પછી દેશભરમાં આક્રોશ ફેલાયો છે. હુમલા માટે પાકિસ્તાની આતંકવાદીઓએ નામ અને ધર્મ જાણ્યા બાદ અત્યંત ક્રૂરતાથી પ્રવાસીઓની કતલ કરી હતી. આ હિચકારી ઘટના બાદ પાકિસ્તાની એક્ટર્સનો વિરોધ શરૂ થયો છે. પાકિસ્તાની સ્ટાર ફવાદ ખાન-વાણી કપૂરની ફિલ્મ 'અબીર ગુલાલ'ની રિલીઝ રોકવા માટે ફિલ્મ ફેડરેશને માગણી કરી છે. આ સાથે સોશિયલ મીડિયા પર 'બોયકોટ અબીર ગુલાલ' ટ્રેન્ડ થઈ રહ્યું છે. ફવાદ ખાન અને વાણી કપૂરનો લીડ રોલ ધરાવતી 'અબીર ગુલાલ'નું ટીઝર પહેલી એપ્રિલે શેર થયું હતું. આ ટ્રેલરના પગલે બોલિવૂડનો પાકિસ્તાનપ્રેમ વિવાદમાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પર ફિલ્મનો વિરોધ શરૂ થયો હતો, પરંત પહેલગામમાં આતંકવાદી હુમલા પછી આક્રોશ વધ્યો છે અને ફિલ્મનો વિરોધ વધારે ઉગ્ર બન્યો છે. ભારતીય જવાનોથી માંડી સામાન્ય નાગરિકો આતંકવાદીઓ અને પાકિસ્તાનમાં બેઠેલા તેમના આકાઓને આકરી સજા અપાવવા માગે છે. પ્રબળ જનમાનસને ધ્યાને રાખીને ઈન્ડિયન ફિલ્મ એન્ડ ટેલિવિઝન ડિરેક્ટર્સ એસોસિએશનના અધ્યક્ષ અશોક પંડિતે આ હુમલાને દેશ સામેનું યુદ્ધ ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, કાશ્મીરમાં પ્રથમ વખત હુમલો નથી થયો. આવું ૩૦ વર્ષથી થઈ રહ્યું છે. સોશિયલ મીડિયા પર 'બોયકોટ અબીર ગુલાલ'નો ટ્રેન્ડ, ૯મેએ ફિલ્મ રિલીઝ કરવાનું આયોજન, એસોસિએશન તરીકે અમે પાકિસ્તાનીઓ સાથે કામ નહીં કરવા હાથ જોડીને વિનંતી કરેલી છે. પરંતુ તેઓ આર્ટિસ્ટ અને કમ્યુનિટી જેવા બહાના કરી રહ્યા છે. પણ, સૌથી પહેલા દેશ છે. મારા ઘરની વ્યક્તિનું મોત નથી થયું, તો મારે શું? એવિં ઘણા લોકો વિચારે છે. આ ફિલ્મની હીરોઈન અથવા મેકર્સના પરિવારના કોઈ સભ્યનું આતંકવાદી હુમલામાં મોત થયું હોત તો તેએ પાકિસ્તાની કલાકાર સાથે ફિલ્મ બનાવવાનું વિચારત નહીં. અશોક પંડિતે દુબઈમાં પાકિસ્તાન સામે મેચ રમનારા ભારતીય ક્રિકેટરોની પણ ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, આપણા દેશના લોકો પાકિસ્તાની કલાકારો સાથે પરફોર્મ કરવા લંડન અને દુબઈ જાય છે. ક્રિકેટમાં પણ આવું જ થઈ રહ્યું છે. કહી દો અમારે ક્રિકેટ નથી રમવું. તેઓ બંદૂકથી મારી રહ્યા છે અને આપણે તેમની સાથે બેટ-બોલ રમી રહ્યા છીએ. લોકો ખૂબ નારાજ છે અને ક્રિકેટર્સ, આર્ટિસ્ટ, સિંગર્સ બધાને બહાર કાઢીને મારશે. હવે સહનશક્તિની હદ આવી ગઈ છે. હવે અમે ઓર્ડર ઈશ્યૂ કરીશું અને પાકિસ્તાની કલાકાર સાથે કામ કરનારા દરેકનો બોયકોટ કરીશું.

## સોશિયલ મીડિયા પર 'બોયકોટ અબીર ગુલાલ'નો ટ્રેન્ડ શરૂ



ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝના અધ્યક્ષ બી એન તિવારીએ કહ્યું હતું કે, ભારતમાં 'અબીર ગુલાલ'ને રિલીઝ થવા દેવાશે નહીં. ફિલ્મ રિલીઝ કરવાનો પ્રયાસ થશે તો મેકર્સ સામે આકરાં પગલાં લેવાશે. આ ફિલ્મને ૯ મેના રોજ રિલીઝ કરવાનું આયોજન હતું. આ ફિલ્મની રિલીઝ સાથે જ પાકિસ્તાની કલાકારો માટે ફરી એક વાર બોલિવૂડના દરવાજા ખૂલવાની શક્યતા હતી. સોશિયલ મીડિયા પર 'બોયકોટ અબીર ગુલાલ'નો ટ્રેન્ડ, ૯મેએ ફિલ્મ રિલીઝ કરવાનું આયોજન, ૨૦૧૬ના વર્ષથી બોલિવૂડે પાકિસ્તાની કલાકારો સાથે ફિલ્મ બનાવી નથી. કલા અને કલાકારને સરહદના સીમાડા નડતા નથી, તેવી માન્યતા સાથે પાકિસ્તાની ફવાદ ખાન સાથે ફિલ્મ બનાવવામાં આવી હતી. જો કે બદલાયેલા સંજોગોના કારણે ફિલ્મ એસોસિએશન અને સોશિયલ મીડિયાએ 'અબીર ગુલાલ'નો વિરોધ સરૂ કરી દેતાં પાકિસ્તાની કલાકારોની બોલિવૂડ વાપસીનો માર્ગ કઠિન બન્યો હોવાનું જણાય છે.

# એક્ટ્રેસ કંગના રનૌતને 'બજરંગી ભાઈજાન' અને 'સુલતાન' ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ઓફર થઈ હતી

### કંગના રનૌત એવા કલાકારોમાંની એક છે જે પોતાની લાગણીઓ વ્યક્ત કરવામાં ક્યારેય ખચકાટ અનુભવતી નથી





કંગના રનૌત એવા કલાકારોમાંની એક છે જે પોતાની લાગણીઓ વ્યક્ત કરવામાં ક્યારેય ખચકાટ અનુભવતી નથી અને દરેક મુદ્દા પર નિર્ભયતાથી પોતાના મનની વાત કેવી રીતે વ્યક્ત કરવી તે જાણે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, કંગનાની ફિલ્મો બોક્સ ઓફિસ પર જાદુ બનાવવામાં નિષ્ફળ ગઈ છે. તેમની તાજેતરની ફિલ્મો કાં તો ફ્લોપ ગઈ છે અથવા તો આપત્તિજનક સાબિત થઈ છે. આ બધામાં રસપ્રદ વાત એ છે કે કંગનાએ સલમાન ખાન દ્વારા ઓફર કરાયેલી ફિલ્મોને નકારી કાઢી હતી, જે બોક્સ ઓફિસ પરફોર્મન્સની દ્રષ્ટિએ ખૂબ જ મજબૂત સાબિત થઈ હતી. પોતાની ફિલ્મ 'ઈમર્જન્સી'ના પ્રમોશન દરમિયાન, કંગનાએ સલમાન ખાન દ્વારા ઓફર કરાયેલા બે મોટા રોલ 'બજરંગી ભાઈજાન' અને 'સુલતાન'ને નકારવા વિશે વાત કરી હતી અને તેની પાછળનું કારણ પણ જણાવ્યું હતું.કંગનાએ કહ્યું હતું કે સલમાન ખાને તેને બ્લોકબસ્ટર 'બજરંગી ભાઈજાન'માં ભૂમિકાની ઓફર કરી હતી, જેને તેણે નકારી કાઢી હતી. 'ક્વીન' અભિનેત્રીએ કહ્યું હતું કે, 'સલમાને મને 'બજરંગી ભાઈજાન'માં એક ભૂમિકા ઓફર કરી, મને લાગ્યું કે આ કેવા પ્રકારનો રોલ છે?' પછી તેમણે તેમની ફિલ્મ સુલતાન માટે મારો સંપર્ક કર્યો. મેં તે પણ નથી કર્યું. તેણે કહ્યું, 'હવે હું તમને બીજું શું આપી શકું?' કંગનાએ જે ભૂમિકાઓ નકારી કાઢી હતી તે આખરે કરીના કપૂર ખાન ('બજરંગી ભાઈજાન') અને અનુષ્કા શર્મા (સુલતાન) ને મળી. બંને ફિલ્મો બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ અને આ ફિલ્મો સલમાન ખાનની શ્રેષ્ઠ ફિલ્મોની યાદીમાં સામેલ થઈ છે. સલમાને એક નહીં પણ બે મોટા પ્રોજેક્ટ્સનો ઈનકાર કર્યો હોવા છતાં, 'મણિકર્ણિકા' અભિનેત્રીએ કહ્યું કે સલમાન હંમેશા તેની સાથે સારો રહ્યો છે. તેમણે એ પણ શેર કર્યું કે 'ઈમર્જન્સી'ના નિર્માણ દરમિયાન તેણીએ તેમને કેવી રીતે પ્રોત્સાહન આપ્યું હતું. 'ફેશન' અભિનેત્રીએ કહ્યું, 'સલમાન ખૂબ જ દયાળુ છે. તે મારી સાથે વાતો કરતો રહે છે. અમારો એક કોમન ફ્રેન્ડ છે.

### 'દિલવાલે' પછી શાહરુખે પોતાની ફિલ્મો અલગ કરવાનું નક્કી કર્યું

# 'સિમ્બા' અને 'સૂર્યવંશી' ફિલ્મની સિક્વલ બનાવશે હવે રોહિત શેટ્ટી

રોહિત શેટ્ટી તેના કોપ યુનિવર્સને આગળ વધારવાનો પ્લાન કરી રહ્યા છે. તેણે 'સિંઘમ', 'સિમ્બા' અને 'સૂર્યવંશી' જેવી ફિલ્મો બનાવી છે. ત્યારે તાજેતરમાં તેણે પોતાની આ કોપ યુનિવર્સ ફ્રેન્ચાઈઝીને આગળ વધારવાના આયોજન અંગે વાત કરી હતી. રોહિત શેટ્ટીએ ખાતરી આપી છે કે તે રણવીર સિંહની 'સિમ્બા'ની સિક્વલ બનાવશે. તેણે એવું પણ કહ્યું કે તે અક્ષય કુમારની 'સૂર્યવંશી'ની સિક્વલ પણ પ્લાન કરી રહ્યા છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં રોહિત શેટ્ટીએ જણાવ્યું, ''સિમ્બાનો પણ બીજો ભાગ હશે અને સૂર્યવંશી પણ આગળ વધશે. બીજા નવા લોકો પણ આવશે. કોપ યુનિવર્સમાં હજુ વધારે ફિલ્મો બનશે. એટલે જ અમે કોપ યુનિવર્સ બનાવ્યું છે.''આ ઈન્ટરવ્યુમાં જ રોહિતે ખુલાસો કર્યો કે શરૂઆતમાં તેનો કોપ યુનિવર્સ બનાવવાનો કોઈ પ્લાન નહોતો. તેણે કહ્યું કે ૨૦૧૧માં જ્યારે સિંઘમ બનાવી ત્યારે એ એક આવી મોટી બ્રાન્ડ બનશે એવી કલ્પના પણ નહોતી કરી. તે સિમ્બા લખતા હતા ત્યારે તેને ફિલ્મ એકબીજા સાથે જોડવાનો વિચાર આવ્યો હતો. તેથી અમે આ કોપ યુનિવર્સ મોટું કરવા માટે ફિલ્મ સૂર્યવંશીમાં અક્ષય કુમારને પણ લાવ્યા. આ યુનિવર્સમાં દીપિકા પાદુકોણ અને ટાઈગર શ્રોફ પણ જોડાઈ ગયાં છે. આ અંગે રોહિત શેટ્ટીએ જણાવ્યું કે ૨૦૧૯માં એ સૂર્યવંશીનું કામ કરતા હતા, ત્યારે તેને અજય દેવગન, કરીના કપૂર, રણવીર સિંહ, અક્ષય કુમાર, ટાઈગર શ્રોફ અને દીપિકા પાદુકોણને સાથે લઈને ફિલ્મ બનાવવાનો વિચાર આવ્યો હતો. તેની ટીમે દીપિકા અને ટાઈગરના નવા પાત્રો લખ્યા અને તેને નવી ધાર આપી. રોહિતે સ્પષ્ટતા કરી કે દિલવાલે ખાસ નહોતી ચાલી છતાં વિદેશોમાં આ ફિલ્મ ઘણી સારી ચાલી હતી શાહરુખ ખાન અને રોહિત શેટ્ટીએ એકસાથે 'ચેન્નઈ એક્સપ્રેસ' અને 'દિલવાલે' જેવી બે ફિલ્મો આપી છે. તેમાં 'ચેન્નઈ એક્સપ્રેસ' તો સારી ચાલી પરંતુ 'દિલવાલે' નિષ્ફળ રહી હતી. ત્યારથી તેમની બંનેની વચ્ચે તિરાડ પડી ગઈ હતી. આ અંગે ઘણી ચર્ચા થતી રહી છે. આ ઈન્ટરવ્યુમાં આખરે રોહિત શેટ્ટીએ આ અંગે ખુલાસો કર્યો છે. રોહિતે કહ્યું, ''ના, આવું કંઈ જ નથી. અમારી વચ્ચે એક રિસ્પેક્ટ છે અને દિલવાલે પછી એવું થયું કે તેના તરત પછી અમે અમારા પોતાના પ્રોડક્શન હાઉસ ખોલી લીધાં. અમે નક્કી કર્યુ કે અમે અમારી પોતાની ફિલ્મ બનાવીશું. જો નુકસાન થાય તો અમારું જ થાય, લોસ નહોતો થયો તેમ છતાં.''રોહિતે સ્પષ્ટતા કરી કે દિલવાલે ખાસ નહોતી ચાલી છતાં વિદેશોમાં આ ફિલ્મ ઘણી સારી ચાલી હીચ. આ ફિલ્મ શાહરુખ અને ગૌરી ખાન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી હતી. આ સાથે રોહિત શેટ્ટીએ અજય દેવગન સાથેની દોસ્તી અંગે પણ વાત કરી હતી. સાથે તેણે દીપિકાના ડેડિકેશનના પણ વખાણ કર્યા હતા.



**રોહિત શેટ્ટી સ્પષ્ટતા કરી કે દિલવાલે ખાસ નહોતી ચાલી છતાં વિદેશોમાં આ ફિલ્મ ઘણી સારી ચાલી હતી**

### મૌની રોયે તાજેતરમાં જ એક ફેશન બ્રાન્ડ માટે રેમ્પ વોક કર્યું હતું

# મૌની રોયે જાહેર કર્યા પોતાના બ્યૂટી સિક્રેટ



મૌની રોયે તાજેતરમાં જ એક ફેશન બ્રાન્ડ માટે રૅમ્પ વૉક કર્યું હતું. જેમાં તે આખા કપાળને ઢાંકી દેતાં માંગટીકા સાથેના લૂકમાં જોવા મળી હતી. તેની ફેશન માટેની આ પસંદગીના કારણે સોશિયલ મીડિયા પર ઘણી ચર્ચાઓ થઈ ગઈ હતી. કેટલાંક લોકોએ તેના પર કોસ્મેટીક પ્રોસીજરનાં પણ આક્ષેપ કર્યા હતા. તેના પર આ પ્રકારના આક્ષેપ વારંવાર થતા રહ્યા છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં મૌનીને આ અંગે પૂછાયું તો તેણે આ વિવાદથી દૂર રહેવાનું પસંદ કર્યું હતું. આ સાથે મૌનીએ કબૂલાત પણ કરી હતી કે તેને આટલા અનુભવ પછી પણ જ્યારે રૅમ્પ વૉક કરવાનું હોય ત્યારે ગભરામણ થાય છે તેણે કહ્યું હતું કે તે યોગ્ય સમયે આ અંગે વાત કરશે.આ સાથે મૌનીએ કબૂલાત પણ કરી હતી કે તેને આટલા અનુભવ પછી પણ જ્યારે રૅમ્પ વૉક કરવાનું હોય ત્યારે ગભરામણ થાય છે. તેણે કહ્યું કે એક્ટિંગ અને ડાન્સ કરવાનો હોય તો તે આત્મવિશ્વાસથી ભરપુર હોય છે, પરંતુ રૅમ્પ વૉક આજે પણ તેને નર્વસ કરે છે. તે કહે છે કે પરંતુ આ મુંઝવણને તેના સ્ટેજ પ્રત્યેના પ્રેમ તરફ જ ધ્યાન આપીને દૂર કરે છે. સાથે જ મૌની રોયને નાગિન પછી બ્રહ્માસ્ત્રમાં પણ સુપર નેચરલ પાવર ધરાવતો રોલ કરતી જોઈને લોકોએ એવા પણ આરોપ લગાવ્યા હતા કે તે એક જ પ્રકારના રોલ કરે છે. આ અંગે તેણે સ્પષ્ટતા કરતાં કહ્યું કે, વાર્તા કેટલી મજબુત છે અને તેનું સ્ક્રિપ્ટમાં કેટલું મહત્વ છે, તે જોઈને પોતાના રોલ પસંદ કરે છે. જો સ્ક્રિપ્ટમાં તેના માટે કોઈ પડકાર કે સ્પર્ષી જાય એવી બાબત ન હોય તો એ રોલ કરતી નથી. એક્ટિંગ સિવાય મૌનીના દેખાવ અને સુંદરતાના પણ વખાણ થતાં રહ્યાં છે, ત્યારે પોતાના બ્યૂટી કેર રુટીન અંગે મૌનીએ કહ્યું કે દિવસમાં ૮ થી ૧૦ ગ્લાસ પાણી અચૂક પીવે છે. ચહેરા પર અને ત્વચા પર સન સ્ક્રીન લગાવવાનું ક્યારેય ભુલતી નથી. તેમજ તે પોતાની ત્વચાને નિયમિત મોઈશ્ચરાઈઝ કરે છે. આ સાથે તે ઘરમાં બનાવેલું એલોવેરા, હળદરનું ફેસપેક લગાવવામાં માને છે, શૂટ પૂરુ થયાં પછી મેક અપ તરત જ ઉતારી દે છે. તે રોજિંદા જીવનમાં બને તેટલો ઓછો મેક અપ કરવામાં અને સાફ ત્વચા રાખવામાં માને છે. તે અઠવાડિયે એક વખત ચહેરા પર મસાજ પણ કરે છે, જેથી બ્લડ સર્ક્યુલેશન જળવાઈ રહે. તે મેક અપ માટે પોતાની ત્વચા સાથે મેચિંગ ફાઉન્ડેશન, તેમજ આંખોમાં મસ્કરા અને લાઈનરનો ઉપયોગ કરે છે.

### પાતાલ લોકના ડિરેક્ટર પ્રોશિત રોયે દિલ્હીમાં શૂટ શરૂ કર્યું

# રંગા-બિલ્લા મર્ડર કેસ પરની સિરીઝનું શૂટિંગ

અલી ફઝલ અને સોનાલી બેન્દ્રે પહેલી વખત એક વેબ સિરીઝમાં સાથે કામ કરી રહ્યા છે, તેમણે દિલ્હીમાં તેનું શૂટિંગ શરૂ કરી દીધું છે, આ સિરીઝ પાતાલ લોકના ડિરેક્ટર પ્રોશિત રોય દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે. આ સિરીઝ કુખ્યાત રંગા બિલ્લા મર્ડર કેસ પર આધારિત હશે, આ દિલ્હીના ઈતિહાસની સૌથી આઘાતજનક અને હાઈ પ્રોફાઈલ કેસ હતો, જેણે દિલ્હીના ઈતિહાસ અને ઓળખ બંનેને બદલી નાખ્યા હતા. ૧૯૭૮ના આ કેસમાં ગીતા અને સંજય ચોપરા નામના બે સગા ભાઈ બહેનના ક્રુર કિડનેપિંગ અને મર્ડરની વાત છે. આ બંને બાળકોને રંગા નામથી ઓળખાતા કુલજીત સિંઘ અને બિલ્લા તરીકે ઓળખાતા જસબિર સિંઘે ઉઠાવી લીધાં હતાં, ખરેખર તો તેમનો ઈરાદો પહેલાં માત્ર એક ગાડી ચોરવાનો હતો પરંતુ પાછળથી તેમને બાળકો પણ ગાડીમાં બેઠેલાં મળ્યાં તો તેમણે બાળકોને પણ ઉઠાવી લીધાં હતાં. આ કેસે સમગ્ર દેશને હચમચાવી દીધો હતો, તેનાથી સમગ્ર દેશની જનતામાં ખૌફ ફેલાયો હતો. આ જ ઘટનાથી કિડનેપિંગ અને બાળકોની સુરક્ષા સાથે સંકળાયેલા કાયદા વધુ કડક બન્યા હતા. આ સિરીઝમાં આ ગુનાની ઘટનાઓ, તેની અસરો એ વખતે જે લોકોએ આ ઘટનાની તપાસ કરી હતી, તે બધું જ સમાવી લેવામાં આવશે. સિરીઝના મેકર્સ દ્વારા હજુ ઓફિશિયલી આ સિરીઝની જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ સૂત્રો દ્વારા એવી માહિતી મળે છે કે તેમાં વાસ્તવિક ઘટનાઓને વળગી રહેવાની કોશિષ કરવામાં આવી છે. એક સૂત્રના જણાવ્યા અનુસાર, મહિનાઓથી સિરીઝની ટીમ આ કેસ પર અભ્યાસ અને સંશોધન કરી રહી છે. આ મર્ડર કેસ દિલ્હીમાં બન્યો હોવાથી તેનું શૂટિંગ દિલ્હીમાં શરૂ કરવામાં આવ્યું છે. આ સિરીઝ સંવેદનશીલતા સાથે બનાવાશે અને તેમાં ખાસ તો વાત પર ધ્યાન આપવામાં આવશે કે આ કેસથી દિલ્હી પર કેટલી ઊંડી અસર થઈ હતી. હાલ દિલ્હીના વિવિધ વિસ્તારોમાં શૂટ શરૂ થઈ ચૂક્યું છે.





# ઝાલોદ નગર હિન્દુ હિત રક્ષક સમિતિ દ્વારા પહલગામમા થયેલ આતંકી હુમલા વિરુદ્ધ આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો

## વિવિધ કાર્યક્રમો સાથે નગર બંધ રાખી સહુને પ્રોગ્રામમાં જોડાવવા હાકલ કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

ભારતના જમ્મુ કાશ્મીરના પહલગામ સ્થિત બૈસરન ખીણમા થયેલ આતંકી હુમલામાં ૨૬ પર્યટકોની ક્રૂરતા પૂર્વક હત્યા કરવામાં આવતા આખો દેશમા પર્યટકો પર થયેલ હુમલા થી માતમ છવાઈ ગયેલ છે. આ જેહાદી આતંકવાદીઓએ જે કાયર કૃત્ય કરેલ છે તેને લઈ આખા ભારત દેશમાં આ જેહાદી આતંકવાદીઓ વિરુદ્ધ ગુસ્સો જોવા મળી રહેલ છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, રક્ષા મંત્રી રાજનાથસિંહ દ્વારા આ આતંકવાદીઓને પોષતા એવા પાકિસ્તાન વિરુદ્ધ કડક પગલાં લેવામાં આવી રહેલ છે.

ઝાલોદ નગર હિન્દુ હિત રક્ષક સમિતિની એક બેઠક મહાદેવ મંદિર લુહારવાડા ખાતે આતંકવાદી જે હિંદુઓની ધર્મ અને જાતિ પૂછી હત્યા કરી છે તેવા આતંકવાદીઓ પ્રત્યે ભારે રોષ ઠાલવવામા આવ્યો હતો.જે આતંકવાદીઓએ ધર્મ અને જાતિ પૂછી નિર્દોષ લોકોની ક્રૂરતા પૂર્વક જે હત્યા કરી છે તેવા આતંકવાદીઓ પ્રત્યે ભારે આક્રોશ સાથે ૨૫-૦૪-૨૦૨૫ શુક્રવારના રોજ ઝાલોદ નગર બંધ રાખી જે હિન્દુ પર્યટકોની હત્યા થયેલ છે તેવા આતંકવાદીઓનો વિરોધ કરવા સમગ્ર નગરના હિંદુઓને જોડાવવા અપીલ કરવામાં આવી છે.

૨૫-૦૪-૨૦૨૫ ના રોજ ઝાલોદ બંધ રાખી જેહાદીઓ વિરુદ્ધ આક્રોશ વ્યક્ત કરતા બેનર પોસ્ટર સાથે બાઈક રેલી મુવાડા થી આખા નગરમાં ફરનાર છે. આ બાઈક રેલી મુવાડા રામજી મંદિર થી ચાલુ થઈ, ભીલ રાજા વસૈયા ચોક, બસ સ્ટેશન સરદાર ચોક, આંબેડકર ચોક, ડબગરવાસ, ગીતા મંદિર, કોળીવાડા,મીઠાચોક, રામ સાગર તળાવ, સોમનાથ મહાદેવ મંદિર, શહિદ રાજેશ ચોક થઈ ભરત ટાવર પર પૂર્ણ કરવામાં આવશે તેમજ સાંજે ચાર વાગ્યે આક્રોશ પગપાળા રેલી નગરમાં ફરશે છેલ્લે ભરત ટાવર પર આક્રોશ રેલી પૂર્ણ થતાં ત્યાં ધરણા કાર્યક્રમ, આતંકવાદ પીડિતોને શ્રદ્ધાંજલિ અને આતંકવાદના પૂતળા દહનનો પ્રોગ્રામ રાખવામાં આવેલ છે. ઉપરોક્ત આક્રોશ રેલીમાં નગરના મોટા પ્રમાણમાં જેહાદીઓ વિરુદ્ધ આક્રોશ વ્યક્ત કરવા નગરના હિન્દુઓ પોતાના વ્યાપાર બંધ રાખી હિન્દુ હિત રક્ષક સમિતિને સંપૂર્ણ સહયોગ કરી જોડાય તેવી અપીલ કરવામાં આવેલ છે.

# વડોદરા ખાતે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા મધ્ય ગુજરાત ઝોન કક્ષાનો એક દિવસીય સેમિનાર યોજાયો



। (માહિતી) વડોદરા, તા.૨૪ ।

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર દ્વારા વડોદરા શહેરના પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, એમ. એસ. યુનિવર્સિટી ખાતે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરપર્સન શ્રીમતી ધર્મિષ્ઠાબેન ગજ્જરની અધ્યક્ષતા હેઠળ મધ્ય ગુજરાત ઝોનનો એક દિવસીય સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં બાળ સંરક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા કર્મયોગીગણને 'બાળ અધિકારોનું સંરક્ષણઃ આપણા સૌની જવાબદારી' વિષય પર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં મધ્ય ગુજરાત ઝોનના વડોદરા, આણંદ, ખેડા, નર્મદા, ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લાના કર્મયોગીગણને આવરી લેવામાં આવ્યા હતા. પ્રાસંગિક ઉદ્બોધન કરતા ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરપર્સન શ્રીમતી ધર્મિષ્ઠાબેન ગજ્જરે જણાવ્યું કે, બાળકો સાથે સંવેદનશીલ વ્યવહાર થકી બાળકોના ઉજ્જ્વલ ભવિષ્યનું નિર્માણ કરી શકાય છે. રાજ્યમાં બાળકોનું શોષણ ન થાય, સુરક્ષા ન જોખમાય, શિક્ષણ થી વંચિત ન રહે અને નિર્ભય રીતે અભિવ્યક્ત કરી શકે તે માટે આયોગ સતત પ્રયત્નશીલ છે. આયોગના ભૂતપૂર્વ ચેરપર્સન પ્રો. રામેશ્વરબેન પંડ્યાએ જણાવ્યુ કે, રાજ્યના બાળકોની જવાબદારી ફક્ત આયોગની જવાબદારી નથી પરંતુ સૌની જવાબદારી છે. આ માટે આયોગ સાથે જોડાયેલ તમામને જાગૃતિ, તાલીમ અને સમયાંતરે મૂલ્યાંકન થાય તે મહત્વનું જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં વિષય નિષ્ણાંતો દ્વારા આયોગની ભૂમિકા, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટીના કાર્યો, POCSO એક્ટ, જુવેનાઈલ જસ્ટિસ એક્ટ, ચાઈલ્ડ હેલ્પલાઈન, ચાઈલ્ડ લેબર એક્ટ, ચાઈલ્ડ મેરેજ એક્ટ અને ચાઈલ્ડ સાયકોલોજી જેવા વિષયો પર ગહન સંવાદ સાધવામાં આવ્યો હતો.

# તાલુકા આરોગ્ય કચેરી વિરમગામ ખાતે પપેટ શો દ્વારા વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવી

## મેલેરિયાના લક્ષણો, નિદાન, સારવાર અને બચવાના ઉપાયો અંગે માર્ગદર્શન અપાયું




તસ્વીર : નીલકંઠ વાસુકીયા, વિરમગામ

। (પ્રતિનિધી) વિરમગામ, તા.૨૪ ।

૨૫ મી એપ્રિલે વિરમગામ સહિત સમગ્ર અમદાવાદ જિલ્લામાં આરોગ્ય વિભાગના અધિકારીઓ કર્મચારીઓ દ્વારા વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. અમદાવાદ જિલ્લાના તાલુકા આરોગ્ય કચેરી વિરમગામ ખાતે વિશ્વ મેલેરીયા દિવસની પપેટ શો દ્વારા અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. મેલેરિયાના લક્ષણો, નિદાન, સારવાર અને બચવાના ઉપાયો અંગે પપેટ શો દ્વારા સમજ આપવામાં આવી હતી.

તાલુકા આરોગ્ય કચેરી વિરમગામના કર્મચારીઓ અને આરબીએસકે ટીમ દ્વારા પપેટ શો રજૂ કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શૈલેષ પરમાર અને જિલ્લા મેલેરિયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ અમદાવાદ જિલ્લામાં વાહનજન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવા માટે સફળતા મળી છે. જોકે હાલનું વાતાવરણ મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા માટે સૌથી સાનુકૂળ હોવાથી પોરાનાશક કામગીરીને વેગવંતી બનાવવામાં આવી છે. વિશ્વ મેલેરીયા દિવસે આરોગ્ય કર્મચારીઓ દ્વારા પોરાનાશક કામગીરી, ફોગીંગ, ડ્રાય ડે, સઘન સર્વેલન્સ સહિત જનજાગૃતિ કરવામાં આવશે. ઉલ્ટી ઉબકા થાય, માથામાં દુખાવો થાય, શરીરમાં કળતર થાય, ઠંડી અને ધ્રુજારી સાથે તાવ આવે જેવા કોઈ પણ લક્ષણો જોવા મળે તો નજીકના સરકારી દવાખાનામાં જઈને નિઃશુલ્ક લોહીની તપાસ કરાવવી જોઈએ. મેલેરીયાથી બચવા માટે પાણીના ખુલ્લા વાસણો હવા ચુસ્ત ઢાંકણથી ઢાકીને રાખવા. પાણીની ટાંકી, ફુલદાની, કુલર, ફ્રીજની ટ્રે અઠવાડીયામાં એક વખત અવશ્ય સાફ કરો. ઘરની આસપાસ પાણી ન ભરાવા દો. પાણીના ખાડા ખાબોચીયા પુરી દો અથવા તો વહેવડાવી દો. કોઈ પણ તાવ મેલેરીયા હોય શકે છે. મેલેરીયાનો ફેલાવો મચ્છરથી જ થાય છે એટલે મચ્છરની ઉત્પત્તિ અટ-કાવશો તો મેલેરીયા થતો રોકી શકાશે.

# મહાત્મા ગાંધી સરકારી હોસ્પિટલ વિરમગામ ખાતે હજ યાત્રીઓ માટે રસીકરણ કેમ્પ યોજાયો

## પહેલગામ આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા લોકોને મીણબત્તી પ્રગટાવી મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી

। (પ્રતિનિધી) વિરમગામ, તા.૨૪ ।

સામાન્ય રીતે વિરમગામ માંડલ દેત્રોજ અને નળકાંઠા વિસ્તારના હજયાત્રીઓએ હજયાત્રામાં જવા માટે જરૂરી રસી લેવા માટે અમદાવાદ ખાતે જવું પડતું હતું. પરંતુ ધારાસભ્ય હાર્દિક પટેલના વિશેષ પ્રયત્નોના કારણે વિરમગામ ખાતે હજયાત્રીઓ માટે રસી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. અમદાવાદ જિલ્લાના મહાત્મા ગાંધી સરકારી હોસ્પિટલ વિરમગામ ખાતે હજયાત્રીઓ માટે રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.



તસ્વીર : નીલકંઠ વાસુકીયા, વિરમગામ

ગાંધી હોસ્પિટલ વિરમગામ ખાતે ધારાસભ્ય હાર્દિક પટેલના અધ્યક્ષ સ્થાને આયોજિત કાર્યક્રમમાં જમ્મુ કાશ્મીર પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા શહીદોને હાથમાં મીણબત્તી પ્રગટાવીને મૌન પાળી ઉપસ્થિત લોકો દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે એચડીએચ વિરમગામના અધિક્ષક દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. વિરમગામ, માંડલ, દેત્રોજ અને નળકાંઠા મતવિસ્તારના ધારાસભ્ય હાર્દિક પટેલની ઉપસ્થિતિમાં હજ યાત્રીઓને મેનીન્ગોકોકલ, એસ. આઈ.વી અને પોલિયો રસી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્ય હાર્દિક પટેલ, નગર પાલિકાના કાઉન્સિલરો, પદાધિકારીઓ, સામાજિક રાજકીય આગેવાનો, હજ કમિટીના સભ્યો સહિત મોટી સંખ્યામાં હજયાત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, વિરમગામ ગાંધી હોસ્પિટલ ખાતે જમ્મુ કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આંતકવાદી હુમલામાં મૃત્યુ પામેલા પરિવારોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. ધારાસભ્ય હાર્દિક પટેલ અને હજ યાત્રાએ જઈ રહેલા ૧૦૦ વધુ મુસ્લિમ પરિવારો આ શ્રદ્ધાંજલિ સભામાં ઉપસ્થિત રહ્યા હતા અને આતંકવાદી ઘટનાને વખોડી હતી. હજ યાત્રાએ જઈ રહેલા યાત્રિકોને સરકાર તરફથી રસી આપવામાં આવી હતી.

# ત્રિમંદિર વરણામા ખાતે 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ'ની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી



। (માહિતી) વડોદરા, તા.૨૪ ।

વડોદરાના ત્રિમંદિર વરણામા ખાતે 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ'ની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ગાયત્રીબા મહિડાના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌને રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ'ની હાર્દિક શુભકામનાઓ પાઠવી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ગાયત્રીબા મહિડાએ સશક્ત પંચાયતને વિકસિત ભારત માટે પાયારૂપ ગણાવી હતી. તેમણે પંચાયતી રાજ વ્યવસ્થા વધુ સુદ્રઢ બની ગ્રામીણ આત્મનિર્ભરતાની વાહક બને તેવી અભ્યર્થના પણ કરી હતી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પંચાયતી રાજ એ માત્ર વ્યવસ્થાની વાત નથી, એ લોકભાગીદારી, વિકાસની દિશા અને પ્રજાના સ્વપ્નો સાકાર કરવાની પ્રક્રિયા છે. પંચાયતી રાજ પ્રણાલીએ લોકોને માત્ર નેતૃત્વની તક જ નથી આપી, પરંતુ ગામડાઓને પણ મુખ્ય પ્રવાહમાં લાવીને વિકાસ અને આત્મનિર્ભરતાના માર્ગે દોર્યા છે, તેમ તેમણે મક્કમતાથી જણાવ્યું હતું. ગ્રામીણ અર્થવ્યવસ્થા અને ગામડાઓની સુખાકારીમાં વધારો કરવા માટે તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની નેતૃત્વવાળી રાજ્ય સરકારે કરેલી પહેલ અને યોજનાઓના અમલીકરણ તેમજ સંતૃપ્તિ બિંદુ વિશે પણ વાત કરી હતી. જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી અશ્વિનભાઈ પટેલે પંચાયતી રાજના શિલ્પી બળવંતરાય મહેતા સમિતિનો ઉલ્લેખ કરીને પંચાયતી રાજને ભારતનું ઘરેણું ગણાવ્યું હતું.

# ઝાલોદ નગરપાલિકા વોર્ડ નંબર ૦૨માં અપક્ષ ઉમેદવાર ખોટા દસ્તાવેજો રજૂ કરી જીત્યા હોવાના પુરાવા હોવા છતાંય વહીવટી તંત્ર તપાસના નામે ચૂપ

## રાજકીય દબાણ કે પછી ટેબલ નીચે ખાનગી કોઈ વ્યવહાર થયો હોવાની નગરમાં ચર્ચા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

વોર્ડ નંબર ૦૨માં આદિવાસી સીટ પર અનુસૂચિત આદિજાતિના અપક્ષ ઉમેદવાર તરીકે જીતેલ સ્ત્રી ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી હતી પરંતુ અહીંયા ચૂંટણી ફોર્મમા દસ્તાવેજો સાથે ચેડાં કરી ચૂંટણી જીત્યા હોવાનો આરોપ લલકાભાઈ ગરાસીયા દ્વારા કરવામાં આવેલ છે. ખોટા દસ્તાવેજો દ્વારા ચૂંટણી પંચને ગેરમાર્ગે દોરી ફોર્મ ભરનાર આવા ઉમેદવારો સામે કાયદેસરની તપાસ કરવા માટે રજૂઆત કરવામાં આવેલ છે.

ઝાલોદ નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૦૨ ના અપક્ષ ઉમેદવાર મંજૂબેન ભાથુંભાઈ ડામોર દ્વારા ઉમેદવારી નોંધાવતા સમયે પોતે અપરણીત હોવાના ખોટા પુરાવા અને સોગંદનામા ઉભા કરેલ હોવાના આરોપો અને પુરાવા સાથે નગરના નાગરિક લલકાભાઈ ગરાસીયા દ્વારા કલેક્ટરને, પ્રાંત અધિકારી અને ઝાલોદ નગર પાલિકાને આપેલ છે. ચૂંટણી જીતેલ અપક્ષ ઉમેદવાર મંજૂબેન ડામોર પરિણીત છે અને તેમના લગ્ન અબ્દુલ વહાબ અબ્દુલ રહીમ મતદાર સાથે થયેલ છે અને તેઓના પરિણીત વ્યક્તિ સાથે આધારકાર્ડ,રેશનકાર્ડ અને પાનકાર્ડમા પતિ સાથેના દસ્તાવેજો બનેલ છે અને તેઓના પતિ પત્નીના સંબંધ થકી એક બાળક પણ છે તે હકીકત પણ છુપાવવામા આવેલ છે. તેમના પતિ સાથેના બનેલ પાનકાર્ડમા પિતાનું નામ પણ અલગ બતાવેલ છે તેથી ઉમેદવાર દ્વારા ચૂંટણી અંગે જે ફોર્મ ભરેલ હતા તેમાં તેઓએ પોતાની સાચી હકીકત છીપાવી હોવાના આરોપ દસ્તાવેજી પુરાવા સાથે કરવામાં આવેલ છે. આમ સરકાર સાથે એક જ વ્યક્તિ દ્વારા ખોટા સોગંદનામા કરી સરકારને ગેરમાર્ગે દોરી ચૂંટણી જીતેલ છે. આ દસ્તાવેજો જોતા એવું માલુમ પડેલ છે કે બે દસ્તાવેજોમાં આ મહિલા ઉમેદવારના નામ અલગ અલગ છે. આ અપક્ષ મહિલા ઉમેદવાર મંજૂબેન ભાથુંભાઈ ડામોર અને મુમતાઝ અબ્દુલવહાબ મતદાર છે. પતિ સાથે રહેતા હોવા છતાંય તેઓ એ પોતાના પતિની મિલકત પણ છુપાયેલ હોવાના ગંભીર આરોપ લલકાભાઈ ગરાસિયા દ્વારા કરવામાં આવેલ છે. આ ઉમેદવાર વિરુદ્ધ સરકાર દ્વારા કાયદાને આધીન પગલા લઈ આ જીતેલ ઉમેદવારને ગેરલાયક ઠેરવવા માટેની લેખીત રજુઆત કરાયેલ છે લલકાભાઈ ગરાસિયા દ્વારા આ અંગે પ્રાંત અધિકારી (ચૂંટણી અધિકારી) ને પુરાવા આપેલ છે અને તેઓએ લેખિત તપાસ નગર પાલિકાને કરવા જવાબદારી આપેલ છે પરંતુ નગરપાલિકા દ્વારા ૧૬-૦૪-૨૦૨૫ ના રોજ પ્રાંત અધિકારી (ચૂંટણી અધિકારી) ને આ તપાસ અમારા નથી આવતી તેવો લેખિત જવાબ આપેલ છે. પ્રાંત માંથી નગરપાલિકામા ફરી પ્રાંત કચેરીમાં શું ન્યાય અને સાચી હકીકત માટે અરજદાર દ્વારા ધક્કા જ ખાવાના. અરજદાર ને આજ સુધી તંત્ર દ્વારા કોઈ લેખિત માહિતી આપી તપાસ થઈ રહેલ છે કે નહીં તે અંગે માહિતી આજ સુધી આપવામાં આવેલ નથી. નગરપાલિકાની ચૂંટણી પત્યા બાદ વોર્ડ નંબર ૦૨ ના ઉમેદવાર ના ખોટા દસ્તાવેજો પૂરાવા આપ્યા બાદ પણ ન્યાય નથી મળતું તો જવું ક્યાં...આસરે દોઢ મહિના ઉપરાંત અરજદાર દ્વારા અરજી આપવામાં આવેલ છે છતાંય જવાબ નથી મળતો તો શું કોઈ રાજકીય દબાણ કે ટેબલ નીચે કોઈ વ્યવહાર થયેલો છે તેવી વાતો નગરમાં વહેતી થયેલ છે. હવે જોવાનું રહ્યું કે આ અંગે અરજદારને ક્યારે ન્યાય મળશે.

# સર જે જે પ્રાયમરી સ્કૂલ ખાતે યોગ શિબિરનું આયોજન કરાયું

। (માહિતી) નવસારી, તા.૨૪ ।

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજીત યોગ કો ઓરડી નેટર ગાયત્રી તલાટી તેમજ સરકારી આયુર્વેદીક હોસ્પિટલ નેશનલ આયુષ / મિશન ના ડૉ. હેનલ દ્વારા સર જે. જે પ્રાયમરી સ્કૂલમાં યોગ શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ કોર્ડિનેટર આયુર્વેદિક ડોક્ટર અને હોમીયોપેથીક ડોક્ટરે કસરત કરાવી હતી અને સુવર્ણપ્રાસનના ટીપા પણ બાળકોને પીવડાવ્યા હતા. તેમજ મહિલાઓ માટે યોગશિબિર નું ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું. જેમાં ગાયત્રીબેન તલાટી, ડો. અમીબેન દસોંદી, મેડિકલ ઓફિસર, રશ્મિબેન ઠાકોર યોગકોચ શીતલબેન સોલંકી, રીટાબેન કોર, નેહાબેન વગેરે આવ્યા હતા. શિબિર માટે આવેલી મહિલાઓ સાથે શિક્ષકો અને આચાયશ્રી કડોદાવાલા પણ જોડાયા હતા.

# એગ્રી સ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત દરેક ખેડૂત ખાતેદારોની નોંધણી કરવી ફરજીયાત

। (માહિતી) વડોદરા, તા.૨૪ ।

ભારત સરકારના મહત્વના એગ્રી સ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત દરેક ખેડૂત ખાતેદારોની નોંધણી કરવી ફરજીયાત છે. પી.એમ.કિસાન યોજનાનો લાભ લેવા માટે સરકારશ્રી દ્વારા ખેડૂત નોંધણી ફરજીયાત કરેલ છે. પી.એમ.કિસાન સિવાયના પણ તમામ ખેડૂત ખાતેદારોએ ભવિષ્યમાં જમીન વિષયક વિવિધ કામગીરી માટે ખેડૂત નોંધણી કરવી અનિવાર્ય છે. હાલમાં વડોદરા જિલ્લાના કુલ અંદાજીત ૯ લાખ ખેડૂતો પૈકી હજુસુધી માત્ર ૧.૫ લાખ ખેડૂતોએ જ નોંધણી કરાવેલ છે. બાકી રહેતા તમામ ખેડૂત ખાતેદારોએ નોંધણી કરાવવા માટે તમારા ગામના VCE/ગ્રામસેવકશ્રી/તલાટીશ્રીનો સંપર્ક કરવા વિનંતી છે. ખેડૂત મિત્રો સેલ્ફ રજીસ્ટ્રેશન થકી પોતાની જાતે પણ રજીસ્ટ્રેશન કરી શકે છે. જે માટે https://gjfr.agristack.gov.in અથવા Farmer Registry Gujarat મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરવાનો રહેશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમને પરિવારના સભ્યો સાથે કેટલીક મુશ્કેલીઓ હશે પણ તેને તમારા મગજની શાંતિ હણવા ન દો. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે. આગળ પડતા લોકો સાથે હળવા-મળવાથી તમારા સારા વિચારો અને યોજનાઓ બહાર આવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારૂં વ્યક્તિત્વ અત્તરની જેવું કામ કરશે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પ ગલાં લયી શકે છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. પ્રેમ જીવનમાં સારો વળાંક આવશે કેમ કે તમે સારો સંબંધ વિકસાવશો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને થકવનારી તથા તાણયુક્ત હશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો. રૉમાન્સ માટે સારો દિવસ.

**કર્ક (ડ,હ) :**

આજે વહેલી સવારે કરવામાં આવેલ ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવાની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. પ્રેમમાં તમારા કઠોર વર્તન માટે માફી માગો.

**સિંહ (મ,ટ) :**

આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. આજે તમને સમજાશે કે પ્રેમ બધી જ બાબતોને પાછળ મુકી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે કોઈ સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. મિત્રો દ્વારા તમે મહત્વના સંપર્કો બનાવશો. આજે રૉમાન્સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો. નવું સાહસ લલચાવનારૂં તથા સારૂં વળતર આપનારૂં હશે.

**તુલા (ર,ત) :**

આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. તમારી ગર્લફ્રેન્ડ સાથે બિભત્સ ન થતાં. અટકી પડેલા પ્રસ્તાવો અમલમાં મુકાશે. આજે તમારો મફત સમય મોબાઈલ અથવા ટીવી જોવા પર વ્યર્થ થઈ શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિંક અંગે સાવચેત રહેજો. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો. શક્ય હોય તો. એવું કરવલાનું ટાળજો કેમ કે તે આ વાત કોઈક અન્યને જણાવી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી શકે છે ધ્યાન રાખજો. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસાનું શું મહત્વ હોય છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે કરેલ ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. એકતરફી આકર્ષણ આજે તમારી માટે માથાનો દુખાવો જ લાવશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે કોઈક તમને બલિનો બકરો બનાવવાનો પ્રયાસ કરશે, આથી સચેત રહેજો. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. આજે તમે પ્રેમની પીડા અનુભવશો. કામના સ્થળે જે વ્યક્તિ તમારી સાથે તમારો સુમેળ સૌથી ઓછો હતો તેની સાથે આજે તમે સારી વાતચીત કરશો.

### કોર્ટ સંબંધીઓને સંડોવવાની પ્રવૃત્તિઓને સમર્થન નથી આપતી

# દહેજપીડિતા દ્વારા પતિનાં સગાંને ફસાવવાના ટ્રેન્ડમાં વધારોઃ સુપ્રીમ કોર્ટે



### આ કિસ્સામાં, ફરિયાદી અને તેના પતિ વચ્ચેના લગ્ન ૨૦૧૪માં આંધ્રપ્રદેશના ગુંટુર ખાતે થયા હતાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

સાસરિયા સામેના દહેજ ઉત્પીડનનો કેસ રદ કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે દહેજ પીડિતા તેના પતિના સગાંઓને કાનૂની કાર્યવાહીમાં ફસાવતી હોય તેવા ટ્રેન્ડમાં વધારો થયો છે. આ કોર્ટ દહેજ પ્રતિબંધ ધારા ૧૯૬૧ની કલમ ૪ અને આઈપીસીની કલમ 498A હેઠળ ગુના માટે પતિના સંબંધીઓને સંડોવવાની પ્રવૃત્તિઓને સમર્થન આપતી નથી ન્યાયાધીશ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને પ્રશાંત કુમાર મિશ્રાની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે મહિલાની નણંદ, પતિ અને સસરા સામે સાર્વત્રિક અને જનરલ પ્રકારના આરોપો હતાં. મહિલાએ શારીરિક ત્રાસ આપવાના કોઈપણ આરોપનો ઉલ્લેખ કર્યો નથી. આરોપ માત્ર મહેણા-ટોણા પ્રકારના છે. કોર્ટે તેના આદેશમાં જણાવ્યું હતું કે પતિના સંબંધોઓની પણ કાનૂની કાર્યવાહીમાં ફસાવવાના વધતાં જતાં ટ્રેન્ડને ધ્યાનમાં રાખીને આ કોર્ટ દહેજ પ્રતિબંધ ધારા ૧૯૬૧ની કલમ ૫ અને આઈપીસીની કલમ ૪૯૮એ હેઠળ ગુના માટે પતિના સંબંધીઓને સંડોવવાની પ્રવૃત્તિઓને સમર્થન આપતી નથી અને તેના પર નારાજગી વ્યક્ત કરે છે. આ કિસ્સામાં, ફરિયાદી અને તેના પતિ વચ્ચેના લગ્ન ૨૦૧૪માં આંધ્રપ્રદેશના ગુંટુર ખાતે થયા હતાં.લગ્નના પાંચ મહિના પછી, મહિલાએ તેના પતિને છોડી દીધો હતો અને તેના માતાપિતા સાથે રહેવા લાગી હતી. પતિએ ૨૦૧૫ માં વૈવાહિક અધિકારો પરત મેળવવા માટે કોર્ટમાં અરજી કરી હતી. આ કાર્યવાહી પેન્ડિંગ હતી તે દરમિયાન, મહિલાએ ૨૦૧૬માં પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી.

### આંધી-વંટોળ સાથે ભારે વરસાદની આગાહી

# દિલ્હી સહિત ૧૧ રાજ્યોમાં ભીષણ ગરમીનું યલો એલર્ટ

### આગામી છ દિવસમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની ધારણા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

હવામાન વિભાગએ આગામી સાત દિવસમાં દેશના વિવિધ ભાગોમાં ગરમીનું મોજું અને ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. આગામી ૨૪ કલાક દરમિયાન દિલ્હી સહિત ૧૧ રાજ્યોમાં તીવ્ર ગરમી પડવાની શક્યતા છે. જ્યારે કેટલાક રાજ્યોમાં વાવાઝોડા અને ભારે વરસાદની શક્યતા છે.આગામી છ દિવસમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની ધારણા છે. મધ્ય ભારત અને ગુજરાતમાં આગામી ત્રણ દિવસમાં ૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે, જ્યારે પૂર્વ ભારતમાં ૪થી ૬ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આજે પૂર્વી રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, ઓડિશા, પંજાબ અને દિલ્હીમાં તીવ્ર ગરમીની અસર જોવા મળી



શકે છે. ૨૪થી ૨૬ એપ્રિલ દરમિયાન બિહાર અને ઝારખંડના ઘણાં વિસ્તારોમાં રાત્રિનું તાપમાન પણ ઊંચું રહેવાની ધારણા છે. આગામી ત્રણ દિવસ સુધી દિલ્હી-એનસીઆર ક્ષેત્રમાં હવામાન શુષ્ક રહેવાની ધારણા છે, મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધી વધવાની ધારણા છે. ૨૫મીથી ૨૬મી એપ્રિલથી શુક્રવાર અને શનિવારે તીવ્ર ગરમી માટે પીળો ચેતવણી જારી કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં, મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ અને ૪૦ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે હતું, જ્યારે લઘુત્તમ તાપ માન ૨૫ ડિગ્રી સેલ્સિયસ અને ૨૬ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે હતું.આસામ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં ૨૪થી ૨૬ એપ્રિલ દરમિયાન ભારે વરસાદ પડી શકે છે. ૨૪મી એપ્રિલે નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ ભારે વરસાદ સાથે વાવાઝોડાનો અનુભવ થઈ શકે છે. આ રાજ્યોમાં ૩૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.હવામાન વિભાગના જણાવ્યા મુજબ, કેરળ, આંધ્ર પ્રદેશ અને કર્ણાટક સહિત દક્ષિણ ભારતના રાજ્યોમાં ભારે પવન સાથે વરસાદની સંભાવના છે. આગામી સાત દિવસમાં તમિલનાડુ, પુડુચેરી અને તેલંગાણામાં વાવાઝોડા અને વીજળી પડવાની શક્યતા છે.પશ્ચિમી વિક્ષેપના કારણે જમ્મુ અને કાશ્મીર, લદાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ જેવા હિમાલયી રાજ્યોમાં વીજળી, ગાજવીજ અને ભારે પવન ફૂંકાઈ શકે છે.

### યુદ્ધવિરામ અંગેની ઉચ્ચસ્તરીય બેઠક પડતી મુકાઈ

# ટ્રમ્પ યુક્રેનના રાષ્ટ્રપતિ પર અકળાયા ઝેલેન્સ્કી પર યુદ્ધ લાંબુ ખેંચવાનો આક્ષેપ

### ટ્રમ્પે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, રશિયા સાથેની શાંતિ મંત્રણામાં આ નિવેદન અત્યંત નુકસાનકારક છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લાં ત્રણ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલાં યુદ્ધનો અંત લાવવા પ્રયાસ કરી રહ્યાં છે. યુદ્ધવિરામના તેમના પ્રયાસોના ધાર્યા પરિણામો નહીં મળવાથી રોષે ભરાયેલાં ટ્રમ્પે બુધવારે જણાવ્યું હતું કે, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી યુદ્ધ લાંબુ ખેંચી રહ્યાં છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે, ક્રિમીયાને રશિયાને સોંપી દેવાના શાંતિ પ્રસ્તાવ મુદ્દે પીછેહટ કરી ઝેલેન્સ્કીએ યુદ્ધ લંબાવ્યું છે. લંડનમાં બુધવારે અમેરિકા, યુરોપ અને યુક્રેનના પ્રતિનિધિઓ વચ્ચે યોજાનારી બેઠક અગાઉ ઝેલેન્સ્કીએ યુદ્ધવિરામ માટેના પ્રસ્તાવ હેઠળ રશિયાને કોઈ પ્રદેશ આપવાની શક્યતા ફગાવી દીધી હતી. દરમિયાનમાં રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સ્થાપવા માટે બુધવારે લંડનમાં યોજાનારી ઉચ્ચસ્તરીય બેઠક છેલ્લી ઘડીએ પડતી મુકાઈ હતી. યુદ્ધવિરામની મંત્રણાના પ્રયાસોમાં કોઈ પ્રગતિ નહીં જણાતાં અમેરિકા, બ્રિટન, ળાન્સ તથા યુક્રેનના પ્રતિનિધિઓ વચ્ચે યોજાનારી આ બેઠક રદ કરાઈ હતી. બ્રિટનના વિદેશ મંત્રી ડેવિડ લેમીએ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, બુધવારની આ બેઠકમાં માત્ર પ્રાથમિક સ્તરના અધિકારીઓ હાજર રહેશે. ટ્રમ્પે ટનારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, રશિયા સાથેની શાંતિ મંત્રણામાં આ નિવેદન અત્યંત નુકસાનકારક છે.

### આ ઘટના કથાના સ્થળેથી ૧૦૦ કિમી દૂર ઘટી છે

# પહલગામમાં નિર્દોષ લોકોના જીવ જતાં મોરારિ બાપૂએ કથા સ્થગિત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

મોરારિ બાપૂએ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલાને લક્ષ્યમાં રાખતાં હાલ શ્રીનગરમાં તેમની રામકથાને સ્થગિત કરવાનો નિર્ણય કર્યો છે. આજે પૂજ્ય બાપૂએ જણાવ્યું હતું કે, સ્થાનિક વહીવટીતંત્રએ રામકથામાં કોઈપણ વિક્ષેપ ન સર્જાય તેના માટે જરૂરી તમામ સહયોગ અને સુરક્ષા પ્રદાન કરવાની ખાતરી આપી છે. જોકે, કાશ્મીર બંધના એલાન તથા રામકથામાં સામેલ વ્યક્તિઓના મનમાં અશાંતિ હોય અને તેઓ કથાનો આનંદ ન ઉઠાવી શકે તેવી સ્થિતિમાં હાલ રામકથા સ્થગિત કરવાનો નિર્ણય કરાયો છે. મોરારિ બાપૂએ ઉમેર્યું હતું કે પાંચ દિવસની રામકથા કર્યા બાદ આપણે તેને સ્થગિત કરી રહ્યાં



છીએ અને ચાર દિવસની કથા બાકી છે તે ભગવાનની કૃપા હશે ત્યારે અહીં આવીને પૂર્ણ કરીશ. જમ્મૂ કાશ્મીરમાં થયેલા હુમલાને દેશભરમાં લોકોએ વખોડ્યો છે તો મોરારિ બાપુએ પહેલગામ આતંકી હુમલામાં મોતને ભેટનાર મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી છે, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ગઈકાલે આતંકી હુમલામાં ૨૭ પર્યટકોની હત્યા વિશે દુઃખ પ્રગટ કરતાં મોરારિ બાપુએ માનસ શ્રીનગર રામકથામાં કહ્યું હતું કે, મારી વ્યાસપીઠ સાથે જોડાયેલા તમામ શ્રોતાઓ વતી દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ પાઠવું છું તથા જે વ્યક્તિઓ ઘાયલ થયાં છે તેઓ વહેલા સાજા થઈ જાય તેવી હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના. તેમણે ઉમેર્યુ હતું કે, કથા સાથે જોડાયેલા વ્યક્તિઓ સુરક્ષિત છે. હાલ, કોઈ પર્યટન હેતુ માટે ગયાં હોય અથવા પછીથી કથામાં સામેલ થનાર હોય તેમને કદાચ ક્ષતિ થઈ હોય શકે. આ ઘટના કથાના સ્થળેથી ૧૦૦ કિમી દૂર ઘટી છે. અહીં સંપૂર્ણ સુરક્ષા છે, પરંતુ મનમાં પીડા છે. રામકથા સાથે જોડાયેલા હોય કે ન હોય, દરેક વ્યક્તિને મારી શ્રદ્ધાંજલિ. હું પરમ સ્નેહી અરૂણભાઈને કહીશ કે દિવંગત વ્યક્તિઓના પરિવારોને રૂ. ૫ લાખ તુલસીપત્રરૂપે સહાય આપવાની વ્યવસ્થા કરે.

### હથિયારોનો જથ્થો-પાકિસ્તાની ચલણી નોટો મળી

# ઉરીમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરનાર બે આતંકવાદી ઠાર

### ભારતીય સેનાએ બારામુલ્લાના હાજી પીર સેક્ટરમાં હથિયારો-દારૂગોળો જપ્ત કર્યો હતો

। (એજન્સી) ઉરી, તા.૨૪ ।

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ગઈકાલે મંગળવારે (૨૨ એપ્રિલ, ૨૦૨૫) પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા બાદ સેનાના જવાનોએ આજે બુધવારે ઉત્તર કાશ્મીરના ઉરીમાં ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. આ દરમિયાન એન્કાઉન્ટરમાં બે આતંકવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા હતા. જેમાં ભારતીય સેનાએ બારામુલ્લાના હાજી પીર સેક્ટરમાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો હતો. જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ગઈકાલે મંગળવારે



પર્યટકો પર આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં ૨૮ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે આજે બુધવારે આતંકવાદીઓ ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં ઉરી સેક્ટરમાં ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો. જોકે, સેનાના જવાનોએ આતંકવાદીઓના આ પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો.

### આતંકી હુમલા બાદ સેનાની મોટી કાર્યવાહી

# જમ્મુ-કાશ્મીરમાંથી ૧૫૦૦થી વધારે લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા

। (એજન્સી) શ્રીનગર, તા.૨૪ ।

પહલગામમાં કાયરતાપૂર્ણ આતંકી હુમલા બાદ સુરક્ષાદળોએ ધરપકડ કરવાનું શરુ કરી દીધું છે. આખા જમ્મુ અને કાશ્મીરમાંથી ૧૫૦૦થી વધારે લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. તેમની પાસેથી પહલગામમાં પર્યટકો પર કરવામાં આવેલા હુમલાને લઈને પૂછપરછ થઈ રહી છે. આ બાજુ નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા પર કેબિનેટ સમિતિની બેઠક ચાલી રહી છે. પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના એક દિવસ બાદ બુધવારે રક્ષામંત્રી રાજનાથ સિંહે મોટું નિવેદન આપ્યું છે.



સિંહે કહ્યું કે, આતંકી હુમલાનો સણસણતો જવાબ આપવામાં આવશે અને ટૂંક સમયમાં ભારત તરફથી એક્શન લેવામાં આવશે. રક્ષા મંત્રીએ કહ્યું કે, કાલે પહલગામમાં ધર્મને ટાર્ગેટ બનાવતા, આતંકીઓએ કાયરતાપૂર્ણ હુમલામાં આપણા દેશના અનેક નિર્દોષ લોકોને ખોયા. આ ઘોર અમાનવીય કૃત્યએ આપણને સૌને ઊંડા શોક અને દુખમાં ડૂબાડી દીધા છે. સૌથી પહેલા હું આ તમામ પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરુ છું, જેમણે પોતાના પ્રિયજનો ખોયા છે. આ દુખદ સમયમાં દિવંગત આત્માઓની શાંતિ માટે, હું ઈશ્વર પાસે પ્રાર્થના કરુ છું. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, "આતંકવાદ સામે આપણી પાસે જીરો ટોલરેંસ પોલિસી છે. ભારતનો દરેક નાગરિક આ કાયરતાપૂર્ણ કૃત્ય સામે એકજૂથ છે. ભારતને ડરાવી શકાય નહીં. હું દેશવાસીઓને ખાતરી આપું છું કે, આ ઘટનાને ધ્યાનમાં રાખીને, ભારત સરકાર દરેક જરૂરી અને યોગ્ય પગલું ભરશે."

### વટવા-હુબલી સ્પેશિયલ ટ્રેન સતારા, કરાડ અને સાંગલી સ્ટેશનો પર રોકાશે

। અમદાવાદ, તા.૨૪ ।

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, વટવા-હુબલી સ્પેશિયલ ટ્રેનને સતારા, કરાડ અને સાંગલી સ્ટેશનો પર વધારાનો સ્ટોપેજ આપ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે:

● ટ્રેન નંબર ૦૭૩૩૪ વટવા-હુબલી સ્પેશિયલ ૨૮ એપ્રિલ ૨૦૨૫ થી સતારા સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનનો સમય ૧૦:૧૭/૧૦:૨૦ વાગ્યે, કરાડ સ્ટેશન પર ૧૧:૧૭/૧૧:૨૦ વાગ્યે અને સાંગલી સ્ટેશન પર ૧૩:૨૮/૧૩:૩૦ વાગ્યે રહેશે. તેમજ ટ્રેન નંબર ૦૭૩૩૩ હુબલી-વટવા સ્પેશિયલ ૨૭ એપ્રિલ ૨૦૨૫ થી સાંગલી સ્ટેશન પર આગમન-પ્રસ્થાન નો સમય ૦૨:૫૨/૦૨:૫૫ વાગ્યે, કરાડ સ્ટેશન પર ૦૩:૫૨/૦૩:૫૫ વાગ્યે અને સતારા સ્ટેશન પર ૦૪:૫૭/૦૫:૦૦ વાગ્યે રહેશે.

મુસાફરોને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરો. ઉપરોક્ત ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### મોંઘી લક્ઝરી પ્રોડક્ટ્સ પર ટેક્સ લાગુ કરવા આવકવેરા વિભાગનું જાહેરનામું

# રૂ.૧૦ લાખથી વધુ કિંમતની લક્ઝરી ચીજવસ્તુઓ પર હવે ૧% TCS

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

હવેથી રૂ.૧૦ લાખથી વધુ કિંમતના હેન્ડબેગ, કાંડા ઘડિયાળ, ફૂટવેર અને સ્પોર્ટસવેર પર એક ટકા ટેક્સ કલેક્ટેડ એટ સોર્સ (TCS) લાગુ પડશે. હાલમાં રૂ.૧૦ લાખથી વધુ કિંમતના મોટર વ્હિકલ પર આ ટેક્સ લાગુ પડે છે, પરંતુ હવે આવકવેરા વિભાગે એક નોટિફિકેશન જારી કરી આ ટેક્સ હેઠળ બીજી લક્ઝરી પ્રોડક્ટ્સને પણ આવરી લીધી છે. આવકવેરા વિભાગે ૨૨ એપ્રિલે કેટલીક લક્ઝરી પ્રોડક્ટ્સ અને સંગ્રહલાયક વસ્તુઓની યાદી જાહેર કરી હતી, જેના પર હવેથી ૧ ટકા TCS લાગુ થશે. આ યાદીમાં આ યાદીમાં કાંડા ઘડિયાળો, ચિત્રો, શિલ્પો અને પ્રાચીન વસ્તુઓ જેવી કલા વસ્તુઓ, સિક્કા અને સ્ટેમ્પ સહિતની



સંગ્રહયોગ્ય વસ્તુઓ, યાટ્સ, હેલિકોપ્ટર, લક્ઝરી હેન્ડબેગ, સનગ્લાસ, ફૂટવેર, હાઈ એન્ડ સ્પોર્ટસવેર અને ઈક્વિપમેન્ટ, હોમ થિયેટર સિસ્ટમ્સ તથા રેસિંગ અથવા પોલો હોર્સનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે પ્રોડક્ટ્સના વેચાણ સમયે ખરીદનાર પાસેથી TCS વસૂલવામાં આવતો હોય છે.

## વિશેષ

### બિહારને ચાર નવી ટ્રેનોની સૌગાત

# બિહાર રેલ્વેની ત્રણ નવનિર્મિત રેલ્વે લાઇનો રાષ્ટ્રને સમર્પિત

। હાજીપુર, તા.૨૪ ।

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મધુબની જિલ્લાના લોહના ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ત્રણ નવનિર્મિત રેલ્વે લાઈન રાષ્ટ્રને સમર્પિત કરી અને બિહારને ચાર નવી ટ્રેનોની ભેટ આપી. માનનીય પ્રધાનમંત્રીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જે ટ્રેનોને લીલી ઝંડી આપી હતી તેમાં જયનગર પટના નમો ભારત રેપિડ રેલ અને સહરસા-લોકમાન્ય તિલક અમૃત ભારત એક્સપ્રેસ અને બે પેસેન્જર ટ્રેનોનો સમાવેશ છે. નમો ભારત રેપિડ રેલ વિશે વિગતો આપ તાં, રેલવે બોર્ડના માહિતી અને પ્રચાર એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર દિલીપ કુમારે પત્રકારોને જણાવ્યું હતું કે બે શહેરો વચ્ચે હાઈ-સ્પીડ, આધુનિક રેલ પરિવહનનું સ્વપ્ન હવે વાસ્તવિકતા બની ગયું છે. નમો ભારત રેપિડ રેલ એ અમૃતકાલમાં ભારતીય રેલ્વેના વિકાસનો નવો સારથિ છે. આ ટ્રેન દેશના આંતરિક ભાગોમાં સ્થાનિક લોકોને શહેરી મુસાફરી માટે આધુનિક સુવિધાઓની ખાતરી આપે છે. તેમણે કહ્યું કે નમો ભારત રેપિડ રેલ આધુનિક સુવિધાઓથી સજ્જ છે. આ ઈન્ટરસિટી ટ્રેન જયનગરને પટના સાથે જોડશે. ૧૬ કોચમાં ૨ હજારથી વધુ મુસાફરોની ક્ષમતા ધરાવતી આ ટ્રેનનું સંચાલન બિહારના વિકાસને નવી ગતિ આપવા જઈ રહ્યું છે. આ ટ્રેન જયનગર અને પટના વચ્ચે મધુબની, દરભંગા, સમસ્તીપુર, બેગુસરાય, મોકામા અને પટના જિલ્લાઓને જોડશે.

અમદાવાદ-ભુજ પછી આ દેશની બીજી 'નમો ભારત' ઝડપી રેલ સેવા છે. આનાથી બે શહેરો વચ્ચેનું અંતર તો ઘટશે જ, સાથે સાથે બિહારના સપનાઓને પણ નવી ઉડાન મળશે.

ઝડપી એક્સેલરેશન અને આધુનિક બ્રેકિંગ સિસ્ટમથી સજ્જ છે. તેના બંને છેડે ડ્રાઈવિંગ કેબ હોવાથી, તેને ટર્નઅરાઉન્ડની જરૂર પડશે નહીં, અનાથી સમય ની બચત થશે. નમો ભારત સંપૂર્ણપણે એર-કન્ડિશન્ડ છે અને એર્ગોનોમિકલી ડિઝાઈન કરેલી બેઠકો સાથે આવે છે.

ટ્રેનમાં વેક્યુમ-આધારિત મોડ્યુલર શૌચાલય, દિવ્યાંગ અનુકુળ શૌચાલય અને ધૂળ-પ્રૂફ સીલબંધ ગેંગવે પણ છે, જે ટ્રેનની મુસાફરીને વધુ સ્વચ્છ, સુલભ અને શાંતિપૂર્ણ બનાવે છે.

આ ટ્રેનની એક ખાસ વાત એ છે કે તે 'કવચ' સુરક્ષા સિસ્ટમથી સજ્જ છે. દરેક કોચમાં સીસીટીવી કેમેરા, ફાયર ડિકટેશન સપ્રેશન સિસ્ટમ અને ઈમરજન્સી ટોક-બેક સિસ્ટમ સલામત મુસાફરીની ખાતરી આપે છે. ટ્રેનના કોચમાં ઓટોમેટિક દરવાજાવાળા સેમી પરમાનેન્ટ કપ્લર્સ યુક્ત છે, જે મુસાફરોને કોઈ પણ પ્રકારનો ઝટકો અનુભવવા દેતા નથી. આ હાઈ સ્પીડ મુસાફરીને સરળ અને સુરક્ષિત બનાવે છે. ટ્રેનમાં રૂટ-મૅપ ઈન્ડિકેટર પણ છે, જે દરેક સ્ટેશન વિશે માહિતી પ્રદાન કરશે. ઓપન લાઈન રેલ્વેમાં આ સુવિધા પહેલીવાર પૂરી પાડવામાં આવી રહી છે. ઈમરજન્સી લાઈટિંગ, એલઈડી લાઈટિંગ અને અલ્ટ્રા મૉર્ડન ડિઝાઈન મુસાફરોને શાંત અને સારી રીતે પ્રકાશિત વાતાવરણ પૂરું પાડે છે.

સહરસા અને લોકમાન્ય તિલક વચ્ચે દોડતી અમૃત ભારત એક્સપ્રેસ વિશે વાત કરતા, રેલવે બોર્ડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરે જણાવ્યું હતું કે અમૃત ભારત ૨.૦ ટ્રેન ભારતીય રેલવેની એક આધુનિક પહેલ છે.

આ ટ્રેન સામાન્ય મુસાફરોને ઓછા ભાડામાં સારી સુવિધાઓ, આરામ અને સ્વદેશી ટેકનોલોજીનો અનુભવ આપે છે. આ ટ્રેન ખાસ કરીને મધ્યમ વર્ગ અને અંત્યોદય માટે ડિઝાઈન કરવામાં આવી છે. તેના કોચ સંપૂર્ણપણે ભારતમાં બનેલા છે અને આત્મનિર્ભર ભારતની ભાવનાને વધુ મજબૂત બનાવે છે.

અમૃત ભારત ટ્રેન સુવિધાજનક છે. તેનો દેખાવ અને ડિઝાઈન પણ ખૂબ જ આકર્ષક છે. તે પ્રીમિયમ ટ્રેનનો અનુભવ આપે છે. રેલ્વેનો પ્રયાસ છે કે સામાન્ય માણસ પણ ગૌરવ અને આરામથી મુસાફરી કરી શકે અને આ વિચારને ધ્યાનમાં રાખીને આ ટ્રેન શરૂ કરવામાં આવી છે. પર્યાવરણ પ્રતિ જાગૃતિ, ઉર્જા સંરક્ષણ અને મુસાફરોની સુવિધા - આ ત્રણ પહલું આ ટ્રેનની ઓળખ છે. આ ટ્રેન દેશના વિકાસની નવી ગતિ અને બદલાતા ભારતના દેખાવની ઝલક છે. અમૃત ભારત એક્સપ્રેસની સલામતી સુવિધાઓ સમજાવતા તેમણે કહ્યું કે

સુરક્ષા અને ટેકનિકલ દૃષ્ટિકોણથી અમૃત ભારત ૨.૦ ટ્રેનમાં ઘણા મહત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે. સલામતીને ધ્યાનમાં રાખીને, કપ્લરમાં ક્રેશ ટ્યુબ અને ઈ-આસિસ્ટેડ બ્રેક સિસ્ટમ આપવામાં આવી છે, જે ઝડપી બ્રેક લાગી શકશે. તે સંપૂર્ણપણે સીલબંધ ગેંગવે અને વેક્યુમ ઈવેક્યુએશન સિસ્ટમથી સજ્જ છે. દરેક કોચમાં ટોક બેક યુનિટ અને ગાર્ડ રૂમમાં રિસ્પોન્સ યુનિટ હોવાથી મુસાફરોની સલામતી વધુ મજબૂત બનાવવામાં આવી છે. નોન-એસી કોચમાં પહેલીવાર ફાયર ડિટેક્શન સિસ્ટમની સુવિધા મુસાફરોની સલામતીમાં એક નવી ક્રાંતિ છે.

અમૃત ભારત ૨.૦ સાથે, ભારતીય રેલ્વેમાં પહેલીવાર, ટ્રેનમાં સેમી-ઓટોમેટિક કપ્લરનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેના કારણે ટ્રેનને જોડતી વખતે કે અલગ કરતી વખતે કોઈ આંચકો કે અવાજ થતો નથી. તેમાં સ્થાપિત ડિફોર્મેશન ટ્યુબ અથડામણની સ્થિતીમાં આંચકો ઘટાડે છે, જેનાથી મુસાફરોની સલામતી વધે છે. આ રેક લોકોમોટિવ સાથે મળીને માત્ર સ્થિરતા જ નહીં પરંતુ સૌથી વધુ ગતિ અને વધુ સારી હેન્ડલિંગ ક્ષમતા પણ સુનિશ્ચિત કરે છે.

આ ટ્રેન એલએચબી પુશ-પુલ ટ્રેન છે. સારી ગતિ માટે, તેના બંને છેડા પર એન્જિન લગાવવામાં આવ્યા છે, જે ઉર્જાનો વપરાશ ઘટાડે છે. ટ્રેન ઝડપથી વેગ પકડી શકે છે અને બ્રેક લગાવી શકે છે. ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાકની મહત્તમ ગતિ પણ તેને ગતિમાં માસ્ટર બનાવે છે. તેના કોચમાં ફોલ્ડેબલ સ્નેક્સ ટેબલ, મોબાઈલ હોલ્ડર, ફોલ્ડેબલ બોટલ હોલ્ડર જેવી સુવિધાઓ છે. ઉપરાંત, રેડિયમ ઈલ્યૂમિનેટેડ ફ્લોરિંગ સ્ટ્રીપ, એર સ્પ્રિંગ બોગી વગેરે જેવી સુવિધાઓ મુસાફરીને વધુ આરામદાયક બનાવે છે. દરેક શૌચાલય ઈલેક્ટ્રો-ન્યુમેટિક ફ્લશિંગ સિસ્ટમ, ઓટોમેટિક સાબુ ડિસ્પેન્સર અને એરોસોલ-આધારિત ફાયર સેપ્રેશન પ્રણાલી જેવી સુવિધાઓથી સજ્જ છે, જે સ્વચ્છતા અને સલામતીને પ્રાથમિકતા આપે છે. દરેક મુસાફર માટે ઝડપી મોબાઈલ ચાર્જિંગ પોર્ટ, પેન્ટ્રી કાર અને વધુ સારી અને આરામદાયક બેઠકો પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત, દિવ્યાંગો માટે ખાસ શૌચાલયોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી બધા મુસાફરોને સમાન સુવિધાઓ મળી શકે.

### પહેલગામ આંતકી હુમલામાં મૃત્યુ પામ્યા હતા

# ભાવનગરના સ્વર્ગસ્થ પિતા-પુત્રને મુખ્યમંત્રીએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી

। (એજન્સી) ભાવનગર, તા.૨૪ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જમ્મુ કાશ્મીરનાં પહેલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ભાવનગરના સ્વર્ગસ્થ પિતા-પુત્રને તેમના ઘરે જઈ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ભાવનગરના કાળિયાબીડ વિસ્તારમાં આવેલ નંદનવન સોસાયટીમાં રહેતાં યતીશભાઈ સુધીરભાઈ પરમાર અને તેમના પુત્ર સ્મિત યતીશભાઈ પરમારનું આતંકી હુમલામાં દુઃખદ અવસાન થયું છે. તેમના મૃતદેહને મોડી રાત્રે ભાવનગર ખાતે લાવવામાં આવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શોક સંતૃપ્ત પરિવારજનોને ઘરે જઈ પરિવારજનોને સાંત્વના પાઠવી સંવેદના વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ સ્વર્ગસ્થ પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

આતંકવાદી હુમલામાં માર્યા ગયેલાં પિતા-પુત્રના મૃતદેહોને ઈન્ડિગોની ફ્લાઈટમાં શ્રીનગરથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ લાવવામાં આવ્યા હતા. અમદાવાદથી રોડ માર્ગે બન્ને મૃતદેહને મધ્યરાત્રીએ ભાવનગર લવાયા હતા. મુખ્યમંત્રીની સાથે કેન્દ્રિય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા, કેબિનેટ મંત્રી



કુંવરજીભાઈ બાવળીયા, મેયરશ્રી ભરતભાઈ બારડ, ધારાસભ્યો સર્વ જીતુભાઈ વાઘાણી, સેજલબેન પંડ્યા, ભીખાભાઈ બારૈયા, ગૌતમભાઈ ચૌહાણ, જિલ્લા કલેકટર ડૉ. મનોજકુમાર બંસલ, જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, રેન્જ આઈ.જી ગૌતમ પરમાર સહિતના અગ્રણીઓએ મૃતક પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી આ દુઃખની ઘડીમાં સહભાગી બન્યા હતા.

### સરકારે બદલ્યા નિયમો

# ગુજરાતની સહકારી મંડળીઓના કરોડો સભાસદો માટે સરકારની મોટી ભેટ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા સહકારી મંડળીઓના કરોડો સભાસદોના હિતમાં અનેકવિધ નિર્ણયો કરવામાં આવી રહ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા સહકારી મંડળીઓના સભાસદો મંડળીઓ સાથે જોડાઈ રહે તે માટે સભાસદ ભેટ મર્યાદામાં ૬૬% થી લઈને ૧૫૦% જેટલો વધારો કરવામાં આવ્યો છે તેમ સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું.

મંત્રી વિશ્વકર્માએ કહ્યું હતું કે, પ્રાથમિક પ્રકારની સહકારી મંડળીઓ કે જેઓ દર વર્ષે રૂા. ૭૫૦ની મર્યાદામાં સભાસદોને ભેટ આપી શકતા હતા તે હવે રૂા.૧૨૫૦ સુધીની મર્યાદામાં સભાસદોને ભેટ આપી શકશે. તાલુકા કક્ષાની મંડળીઓ રૂા. ૧૦૦૦ને બદલે રૂા.૨૫૦૦, જિલ્લા કક્ષાની મંડળીઓ રૂા. ૩૦૦૦ના બદલે રૂા.૫૦૦૦ અને રાજ્યકક્ષાની મંડળીઓ રૂા. ૬૦૦૦ના બદલે રૂા. ૧૦,૦૦૦ની મર્યાદામાં સભાસદોને ભેટ આપી શકશે. આમ સભાસદોને વધુ સારી ભેટ મળતા તેઓ મંડળી સાથે જોડાવા પ્રોત્સાહિત થશે જેથી સહકારી મંડળીઓનો વધુ સારો વિકાસ થશે. રાજ્ય સરકારે મંડળીઓને આપવામાં આવતી ભેટની ખરીદી પણ ઈટેન્ડરિંગ પદ્ધતિથી ખરીદવા જણાવ્યું છે, આનાથી આવી ભેટની ખરીદી સમયે થતી અનિયમિતતા પણ અટકશે. તેમણે કહ્યું કે, કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં તેમજ સહકાર મંત્રી અમિત શાહના નેતૃત્વમાં પ્રથમવાર સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી છે ત્યારે સહકારી ક્ષેત્રમાં અગ્રેસર એવા ગુજરાતમાં પણ સહકારી મંડળીઓ સંબંધિત વહીવટમાં સુધારાઓ માટે સતત નિર્ણયો સહકાર વિભાગ લઈ રહ્યો છે. જેના ભાગરૂપે સહકારી મંડળીઓમાં થતી બિનજરૂરી મોંઘા વાહનોની ખરીદીની મર્યાદા નક્કી કરીને રાજ્ય સરકારે વધુ એક વખત સભાસદોના લાભ માટે સહકારી મંડળીઓનો વહીવટ વધુ પારદર્શક કરવા પ્રતિબદ્ધતા દર્શાવી છે. રાજ્યમાં ૮૯,૦૦૦થી વધુ સહકારી મંડળીઓ આવેલી છે, જેમાં જિલ્લા દૂધ સંઘોથી લઈને જિલ્લા બેંકો જેવી મોટી મોટી સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે. આની સાથે કરોડો સભાસદો જોડાયેલા છે, ત્યારે સહકાર વિભાગ દ્વારા સહકારી મંડળીઓના વિકાસની સાથે સાથે વહીવટમાં પારદર્શિતા લાવવા માટે મહત્વના નિર્ણયો કરવામાં આવી રહ્યાં છે. સરકાર દ્વારા એકબાજુ ભેટની મર્યાદામાં વધારો કર્યો તો બીજી બાજુ સહકારી મંડળીઓમાં થતી મોંઘા વાહનોની ખરીદી પણ રોક લગાવવામાં આવી છે.

## બોપલમાં બે રાહદારીને કાર ચાલકે ૧૦ ફૂટ ઢસેડ્યા, નબીરો ફરાર

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદમાં હિટ એન્ડ રનની ઘટનાઓનો સિલસિલો યથાવત છે. બે દિવસ અગાઉ બોપલ ધુમા વિસ્તારમાં એક બોલેરો પીકઅપ ચાલકે મહિલાને અડફેટે લેતાં તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જાયા બાદ વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ હવે ફરી એકવાર અમદાવાદના બોપલ વિસ્તારમાંથી વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. સાઉથ બોપલમાં એક કારચાલકે ૨ રાહદારીઓને એડફેટે લઈ ૧૦ ફૂટ સુધી ઢસેડ્યા હતા. અકસ્માત સર્જ્યા બાદ કારચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે આ મામલે ફરિયાદ નોંધી કારચાલકને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર સાઉથ બોપલ વિસ્તારમાં આવેલા મેરીગોલ્ડ એપાર્ટમેન્ટ પાસે એક અજાણ્યા કાર ચાલકે પગપાળા જઈ રહેલા બે રાહદારીઓને અડફેટે લઈ ૧૦ ફૂટ ફંગોળ્યા હતા. આ બંને યુવક મહારાષ્ટ્રથી કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હતા. આ દરમિયાન તેઓ ચાલતાં જઈ રહ્યા હતા.

### નકલી સોના પર લોન લીધા બાદ હપ્તા ભરવાના પણ બંધ કરી દીધા

# નકલી સોના પર લોન આપનાર, લોન લેનાર સામે ઠગાઇની ફરિયાદ

### આ મામલે રાહુલે ધીરેન્દ્ર સોની અને અજિતસિંહ ઠાકોર સામે ઠગાઇ સહિતની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

નકલી સોના પર લોન આપનાર સુપરવાઈઝર, લોન લેનાર સામે ઠગાઈની ફરિયાદ ઈસનપુર પોલીસ મથકમાં નોંધાઈ છે. નોંધનીય છે કે, નકલી સોના પર લોન લીધા બાદ હપ્તા ભરવાના પણ બંધ કરી દીધા હતા. આ અંગે કંપનીએ યુવકને જાણ કરતા તેણે સોનુ ઓક્શન કરવા કહી દીધું હતું.

શહેરના નરોડા વિસ્તારમાં ૨૮ વર્ષિય રાહુલ બામનિયા પરિવાર સાથે રહે છે અને ઘોડાસર ખાતે આવેલા આશીર્વાદ માઈક્રો ફાઈનાન્સ લિ. કંપનીમાં બ્રાન્ચ સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. રાહુલની અંડરમાં ૧૦ બ્રાન્ચ આવે છે જેનું સુપરવિઝન તે કરે છે. રાહુલની જગ્યાએ પહેલાં અજીતસિંહ ઠાકોર (રહે. ઉત્તરપ્રદેશ) કામ કરતો હતો. ૧૮ ડિસેમ્બર ૨૦૧૩ના રોજ ધીરેન્દ્ર ઓમપ્રકાશ સોની રાહુલની ઓફિસે આવ્યો હતો અને સાથે ૧૧૨.૧૨૮ ગ્રામ સોનાના નેકલેસ લઈ આવ્યો હતો. ધીરેન્દ્રએ અજીતસિંહને લોન લેવા કહ્યું હતું. તે નેકલેસ ચેક કર્યા વગર જ અજીતસિંહે ગોઠવણ કરી રૂ. ૨.૨૫ લાખની લોન મંજૂર કરી દીધી હતી.

૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ બ્રાન્ચમાં વિજિલન્સની ટીમના અધિકારીઓ આવ્યા હતા અને તપાસ શરૂ કરી હતી. જેમાં ધીરેન્દ્ર સોની લોન લેવા જે સોનું આપ્યું હતું તે સોનું ખોટું છે અને અંદર સળિયા જેવી જ વસ્તુ હોવાનું સામે આવ્યું હતું. જેથી આ મામલે ધીરેન્દ્રને જાણ કરતા તેણે જણાવ્યું હતું કે, મારા સોનાનું ઓક્શન કરી નાંખો. હું ગોલ્ડ બદલી આપીશ નહીં. ઉપરાંત તેણે ગોલ્ડ લોનના હપ્તા ભરવાના પણ બંધ કરી દીધા હતા. જેથી આ મામલે રાહુલે ધીરેન્દ્ર સોની અને અજિતસિંહ ઠાકોર સામે ઠગાઈ સહિતની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે.

## ઝાલોદ પોલિસ દ્વારા નગરમાં ફૂટ પેટ્રોલીંગ તેમજ ડ્રોન ઉડાવી સુરક્ષા વ્યવસ્થા અંગે તપાસ કરી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

ઝાલોદ પોલિસ હાલ નગરમાં સુરક્ષા વ્યવસ્થા તેમજ નગરમાં કાયદાની પરિસ્થિતિ ન બગડે તે અન્વયે રૂટિન ફૂટમાર્ચ કરતી રહે છે. ઝાલોદ નગર દ્વારા જમ્મુ કાશ્મીર સ્થિત પહેલગામમા થયેલ પાકિસ્તાન સમર્થિત ઈસ્લામી આતંકવાદ દ્વારા સત્તાવીસ જેટલા લોકોની માનવને કંપાવી નાખે તે રીતે નરસંહાર કરેલ છે તે માટે ઝાલોદ નગર હિન્દુ હિત રક્ષક સમિતિ દ્વારા ૨૫-૦૪-૨૦૨૫ ના રોજ ઝાલોદ બંધ રાખવા માટે અપીલ કરેલ છે તેમજ હિન્દુ એકતા દર્શાવવા બાઈક રેલી તેમજ સાંજે મૌન રેલી, શ્રદ્ધાંજલિ, આતંકવાદના પૂતળાનું દહન જેવા પ્રોગ્રામ રાખેલ છે તે અન્વયે ઝાલોદ પોલિસ દ્વારા સતર્કતા દાખવી પોલિસ દ્વારા ફૂટમાર્ચ તેમજ ડ્રોન ઉડાવી નગરના સુરક્ષા વ્યવસ્થા અંગે તપાસ કરી હતી.આજની ફૂટમાર્ચ રેલીમા ડી.વાય.એસ.પી પટેલ, પી.આઈ રાજપૂત તેમજ પી.એસ. આઈ સિસોદિયા અને પોલિસ સ્ટાફ સાથે નગરના અલગ અલગ રૂટો પર ફરી હતી.

### એસસીએસટી સેલે આ મામલે તપાસ હાથ ધરી

# મહિલાને રોકાણની લાલચ આપી પોલીસ દંપતીએ સવા કરોડ પડાવી ઠગાઈ આચરી

### પુનાની મહિલાને કોમન મિત્ર થકી શાહપુરના કોન્સ્ટેબલ સાથે પરિચય થયો હતા, પોલીસ ફરિયાદ નોંધાતા આરોપીઓ ફરાર

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

શહેરના કોટ વિસ્તારના એક પોલીસસ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મી અને પોશ વિસ્તારમાં ફરજ બજાવતી તેની કોન્સ્ટેબલ પત્ની સહિતના લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. કોમન મિત્ર થકી પોલીસ કર્મીને પુનાની એક મહિલા સાથે વર્ષ ૨૦૨૨માં પરિચય થયો હતો. બાદમાં તેણે મોટી મોટી વાતો કરીને મહિલાને વિશ્વાસમાં લીધી હતી. જે બાદ કોન્સ્ટેબલ દંપતી પોતાના ઘરે આ મહિલા સાથે મુલાકાત કરતા હતા. ત્યારે આરોપી પોતે મોટી જમીનોમાં રોકાણ કરતો હોવાનું કહીને મહિલાને લાલચો આપતો હતો. મહિલાએ પણ જમીનમાં રોકાણ કરવા રસ દાખવતા તેણે ટુકડે ટુકડે સવા કરોડ રૂપિયા અને લાખો રૂપિયાના દાગીના કોન્સ્ટેબલને આપ્યા હતા. આરોપીએ મહિલાને જમીન પણ બતાવી હતી, પરંતુ બાદમાં તેણે જમીનનો સોદો ન કરાવીને રકમ પણ પરત ન આપીને છેતરપિંડી આચરી હતી. આટલું જ નહીં, પોલીસ કર્મીએ આ મહિલા સાથે સંબંધ પણ બાંધ્યા હોવાનો આક્ષેપ કર્યો છે. જેને લઈને પુના પોલીસે ગુનો નોંધી ફરિયાદ ટ્રાન્સફર કરતા એસસીએસટી સેલે આ મામલે તપાસ હાથ ધરી છે. પુનામાં રહેતી મહિલાને વર્ષ ૨૦૨૨માં કોમન મિત્ર થકી એક યુવક સાથે મિત્રતા થઈ હતી.

યુવકે આ મહિલા સાથે મુલાકાત કર્યા બાદ બંને વચ્ચે વધુ ગાઢ સંબંધ બંધાયા હતા. નિહીર જોશી નામનો યુવક શાહપુર પોલીસસ્ટેશનમાં કોન્સ્ટેબલ છે અને તેની પત્ની જૈના પણ પોશ વિસ્તારના પોલીસસ્ટેશનમાં કોન્સ્ટેબલ હોવાથી બંને આ મહિલા સાથે ઘરે જ મુલાકાત કરવા લાગ્યા હતા. ગાઢ સંબંધ બંધાયા બાદ આરોપીઓએ મહિલાનો વિશ્વાસ કેળવ્યો હતો. શાહપુરના કોન્સ્ટેબલ નિહીર જોશીએ પોતે જમીનોની મોટી ડીલ કરતો હોવાની મોટી મોટી વાતો કરી હતી.

### અમદાવાદ જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા

# પંચાયતીરાજ દિવસ નિમિત્તે મકાન પેશગી અને વાહન પેશગીના ચેક વિતરણ કરાયા

। અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદ જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા પંચાયતીરાજ દિવસ નિમિત્તે કાશ્મીર આતંકવાદી હુમલાના મૃતકોના આત્માની શાંતિ માટે પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લાની શાળાઓના શિક્ષકોને પેશગીના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. જિલ્લા શિક્ષણ સમિતિની પારદર્શક કાર્યપદ્ધતિના ભાગ રૂપે ૧૨૪ શિક્ષકોને ૧૮ કરોડની મકાન પેશગી અને વાહન પેશગીના ચેક વિતરણ કરીને ઉત્તમ પંચાયતી વહીવટી તંત્રનું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી દિગપાલ સિંહ ચુડાસમા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કૃપા બેન જહા અને નાયબ શિક્ષણાધિકારી હિમાંશુભાઈ પ્રજાપતિ હસ્તે પેશગીના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. પ્રાર્થનાસભામાં ૧૫૦ જેટલાં શિક્ષકો, તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ તથા બ્લોક રિસોર્સ કો-ઓર્ડીનેટરશ્રીઓ





(BRC) ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ મકાન પેશગીમાં બેંકની સામાન્ય લોન કરતા શિક્ષકોને મુદલ પ્રથમ કપાતું હોઈને ઘણો ફાયદો રહે છે.

## લીમડી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મેડીકલ હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

ઝાલોદ તાલુકાના લીમડી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આયુષ્માન ભવઃ કેમ્પ અંતર્ગત અને ગોત્રી મેડિકલ કોલેજ વડોદરાના સહયોગથી મેડિકલ હેલ્થ ચેક અપ કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પ દરમ્યાન ગોત્રી મેડિકલ કોલેજના વિવિધ વિભાગના સ્પેશિયાલિસ્ટ ડોકટર્સ દ્વારા નિદાન અને સારવાર કરવામાં આવી હતી. આ કેમ્પની અંદર ૭૨ જેટલા દર્દીઓએ લાભ લીધા હતો. કેમ્પમાં લેબોરેટરી તપાસ, ટીબી, એક્સરે વાન દ્વારા દર્દીઓના એક્સરે પણ કરવામાં આવ્યા હતા.

સમગ્ર મેડિકલ હેલ્થ કેમ્પનું આયોજન સામૂહિક આરોગ્ય કેન્દ્ર અધિક્ષકશ્રી ડૉ. ડી.કે.પાંડે દ્વારા કરવામાં આવ્યું હતું. હેલ્થ કેમ્પમાં ભાગ લીધેલ તમામ લાભાર્થીઓ, ડૉક્ટરશ્રીઓ અને કર્મચારીઓનો છેલ્લે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### મેંદરડાના યુવકને ઓનલાઇન જુગારમાં મોટું નુકસાન

# ડ્રીમ ઇલેવનમાં ૭૦ લાખ હારતા આપઘાત કરવા નીકળેલા યુવકને પોલીસે બચાવ્યો

। રાજકોટ, તા.૨૪ ।

ઓનલાઈન જુગારની રમતોમાં અનેક લોકો પોતાની મહેનતની કમાણી ગુમાવી રહ્યાં છે, અને કેટલાક તો જીવનથી પણ હારી જાય છે. તાજેતરમાં રાજકોટ પોલીસે ઓનલાઈન જુગારની એપ્લિકેશનોનું પ્રમોશન કરનારા ઈન્ફ્લુએન્સરો સામે કાર્યવાહી કરી હતી. આ દરમિયાન, મેંદરડા તાલુકાના દાત્રાણા ગામના એક યુવક ડ્રિમ ઈલેવનમાં આશરે ૭૦ લાખ રૂપિયા હારી જતાં આપઘાત કરવા માટે વિરપુર પહોંચ્યો હતો, પરંતુ પોલીસે સમયસર પહોંચીને તેનો જીવ બચાવ્યો અને તેનું કાઉન્સેલિંગ કર્યુ હતું.રાજકોટ ગ્રામ્ય પોલીસ કંટ્રોલ રૂમના ઓપરેટર મહેન્દ્રસિંહ ઝાલાને કેલાશભાઈ ગોપાલભાઈ રાણોલીયા (રહે. દાત્રાણા, મેંદરડા)નો ફોન આવ્યો હતો. કેલાશભાઈએ ૧૦૦ નંબર પર ફોન કરીને જણાવ્યું હતું કે તેઓ જીવનથી કંટાળી ગયા છે અને વિરપુર બસ સ્ટેન્ડ પર બેઠા છે, અને હવે તેઓ આત્મહત્યા કરવા જઈ રહ્યા છે. આ માહિતી મળતા જ વિરપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.જી. રાઠોડના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ જિગ્નેશભાઈ ચૌહાણ તાત્કાલિક બસ સ્ટેન્ડ પર પહોંચ્યા હતા. તેમણે કેલાશભાઈને સમજાવીને પોલીસ સ્ટેશન લાવ્યા અને આપઘાત કરવા પાછળનું કારણ પૂછ્યું હતું.યુવકે પોલીસને જણાવ્યું કે તેણે ઓનલાઈન ડ્રીમ ઈલેવન એપ્લિકેશનમાં અલગ-અલગ રમતોમાં રોકાણ કરીને આશરે ૭૦ થી ૮૦ લાખ રૂપિયા ગુમાવ્યા છે. જેના કારણે તેના પર મિત્રોનું મોટું દેવું થઈ ગયું છે અને તેના પરિવારે પણ તેની સાથેના સંબંધો કાપી નાખ્યા છે. આથી તે એકલો પડી ગયો હતો અને ડિપ્રેશનમાં આવીને આપઘાત કરવાનો વિચાર આવ્યો હતો. પોલીસે યુવકનું યોગ્ય કાઉન્સેલિંગ કર્યું અને તેને આપઘાત ન કરવા સમજાવ્યો. પોલીસે સમયસર કાર્યવાહી કરીને એક માનવ જીંદગી બચાવી હતી, જે ખરેખર પ્રશંસનીય કાર્ય છે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !



CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...